કુમાર

સ્થાપક · રવિશંકર રાવળ

૩૩૫

નવેમ્બર ૧૯૫૧

આવતીકાલનાં નાગરિકોનું માસિક

પરિચિત : ફોટો · પ્રફુલ્લ પટેલ



તંત્રી · બચુભાઈ રાવત



शरद

चित्रकार : चन्द्र त्रिवेदी

કુમાર

નવેમ્બર ૧૯૫૨ — અંક ૩૩૫

ચિત્રો

કાવ્યો

ચરિત્ર


વાર્તા

લેખો

વિભાગો

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ, પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૭॥; પરદેશમાં રૂ. ૯॥ અથવા શિ૦ ૧૫; છુટક નકલ: બાર આના



પંખીઓનાં અંગ-ઉપાંગ : ચાંચ અને પગના કેટલાક પ્રકારો

પ્રકૃતિની પ્રત્યેક રચનામાં કંઈ ને કંઈ હેતુ સમાયો જ હોય છે. કોઈ પણ વસ્તુનું બંધારણ, તેનો આકાર, તેનું સ્થાન વગેરે દરેકે દરેક બાબતમાં તે વસ્તુના ઉપયોગને અનુરૂપ કોઈ ને કોઈ દૃષ્ટિ રહેલી જ હોય છે. પંખીઓની વૈવિધ્યપૂર્ણ ચાંચો અને તેના નાનાવિધ આકારના પગમાં પણ તેના આહાર-આચારને અનુકૂળ થઈ શકે એવી જ રચના હોય છે. આથી ચતુર અવલોકનકાર ફક્ત કોઇ પંખીની ચાંચ તથા પગની રચના જોઇને પણ તે પંખીની આદતો, તેની જાતિ, તેના આહારનો પ્રકાર વગેરે વિષે સાચાં અનુમાનો બાંધી શકે છે. શ્રી સાલિમ અલીના 'ધ બુક ઑવ ઇંડિયન બર્ડ્ઝ'માંથી પંખીઓની ચાંચ અને પગની રચના વિષેના આ બે આલેખો સાભાર અહીં આપીએ છીએ. પંખીઓના અભ્યાસીઓને તો તેની અગત્ય સમજાશે જ, પણ સામાન્ય જનને પણ તેનું જ્ઞાન, કાયમનાં પરિચિત હોવા છતાં અપરિચિત પંખીઓને ઓળખવા તથા તેના આહાર-આચાર વિષે અનુમાન બાંધવામાં મદદરૂપ થઇ પડી ઓછું રસદાયક નહિ નીવડે. પહેલા આલેખમાં ચાંચોના પ્રકારો દર્શાવ્યા છે : (૧) આહારને કાપી તેના ટૂકડા કરી ખાવામાં કામ લાગે તેવી ચાંચ–જંગલી કાગડા અને તેના જેવા આહાર-આચારવાળાં પંખીઓમાં તે જોવા મળે છે. (૨) સમળી, ગરુડ, બાજ વગેરે વર્ગનાં પંખીઓને આવી ચાંચ હોય છે, જે શિકારને ચીરવા-ફાડવામાં ઉપયોગી થઇ પડે છે. (૩) ચકલી જેવાં નાનાં અનાજનાં કણ અને ઝીણાં જીવડાં પર નભતાં પંખીઓને આવી ચાંચ હોય છે. (૪) શક્કરખોરા જેવાં ફૂલરસના શૉખિન પંખીઓમાં આવી પાતળી બંકી ચાંચ જોવા મળે છે. જ્યારે (૫) ઠકઠક કરી ધીરજપૂર્વક લાકડું કે ઝાડનું થડ કોરી તેમાં માળો બનાવવામાં માનતાં લક્કડ-ફોડ જેવા કારીગર પંખીની ચાંચ બુઠ્ઠી ભલે લાગે પણ મજબૂત હોય છે. (૬) કાદવમાંથી વીણીવીણીને જીવડાં શોધી ખાવા માટેની ઘોકડાં, બગલાં વગેરેમાં આવી ચાંચો જોવા મળે છે. (૭) કાદવિયું પાણી મોંમાં ભરી લઈ ચાળણી જેવી ચાંચ બંધ કરી, એ પાણી પાછું બહાર ફેંકી દઇ, પાણી સાથે આવી ગએલાં જીવડાંને મોંમાં જ કેદ કરી ચાંઉ કરી દેવાની આ રચના હજ–ફ્લેમિંગો વગેરે પંખીમાં નજરે ચડે છે. (૮) ફૂણી કાકડી બટકાવવા જેટલી જ સ્વાભાવિકતાથી માછલી બટકાવી શકાય તેવી 'કૉરમૉરન્ટ' જેવાં પંખીઓને આવી કરવતી જેવા દાંતાવાળી ચાંચ હોય છે. બીજા આલેખમાં પગના કેટલાક પ્રકારો છે : (૧) ડાળી પર પકડ જમાવી આરામથી બેસી શકાય તેવા, જંગલી કાગડા, બુલબુલ, શામા વગેરે જેવા પંખીનો પગ (૨) બાજ, ગરુડ, ગીધ, સમળી વગેરે શિકારી પંખીનો પગ. (૩) ઝાડ પર ચડઊતર કરી હરીફરી શકે તેવા લક્કડફોડ વગેરે પંખીનો પગ. (૪) શાહમૃગ, સારસ, ઘોકડાં વગેરેનો જમીન પર ફરવામાં અને દોડવામાં સુગમ પડે તેવો પગ. (૫) બેઠકને વળગી રહી શકે તેવો સ્વૉલો, અબાબીલ વગેરે જાતનાં પંખીનો પગ. (૬) પીહો જેવો, જળાશયમાં મોટાં પાદડાં પર ચાલી શકે તેવો પગ. (૭–૮–૯) બતક, હંસ વગેરે જાતનાં પાણીમાં રહેતાં પંખીઓના તરવામાં મદદરૂપ થાય તેવાં હલેસાં જેવા પગ.

નવેમ્બર

૧૯૫૧

આ કોણ?[1]

આ કોણ સરી આવે છે ગુપચુપ મુજ સ્વપ્નો ભીતરમાં?
આ કોણ કરી મૂકે છે થનગન મુજ જાગૃત અંતરમાં?

આ શીતલ શાંત સુનીર ભરી,
સરિતાની થૈ સુખદા લહરી,
આ કોણ ધસી આવે છે મારા સૂના જીવનપટમાં?
આ કોણ હસી ખિલખિલ એનું મુખ લે છુપવી ઘૂંઘટમાં?

આ કોમલ કાન્ત પ્રભાતતણી,
કમનીય પ્રભામય થઈ ઝરણી,
આ કોણ ઝમી ઊકે છે મારા તિમિરભર્યાં આંગણમાં?
આ કોણ અમી વરસે છે મારા યુગયુગ-સૂકા રણમાં?

આ સઘન શ્યામ આષાઢ નિશા,
ચમકત દામિનીએ દશે દિશા,
આ કોણ કશું વ્યાપે છે ભરચક મુજ નમના ગુંબજમાં?
આ કોણ મને ભારે છે એના શતશતદલ અંબુજમાં?

સુન્દરમ્

પાણી ને પલ પલટાતાં[3]

· ભજન ·

પાણી ને પલ પલટાતાં :
મનવા! અસીમ અજરમાં જાતાં.

એક નીરનો રમતો રેલો,
જૂજવો થઈ જંગલમાં ગ્યેલો,
પહાડ, ઝાડ, થલ-કાલ ગળાતાં
નીર મહેરામણ માતાં—મનવા૦

આજ ઊગી ગઈ કાલ થવાની,
પાંદડી પાનખરે ખરવાની;
ખાતર થઈ ખુશબો બહલાવા
જીરણ સજીવન થાતાં—મનવા૦

સીમિત સીમા સંભારો સજણાં!
જલજલનાં જૂજવાં જલઝરણાં;
સહુ જળનું અંજળ જલધિ તો
વિચરો વેણુ વાતાં—મનવા૦

સુધાંશુ

મિલન[2]

· વસંતતિલકા ·

બે ભિન્ન માર્ગથકી જે જલનાં વહેણ
આવી મળ્યાં, પછી ન કોઈ સ્વરૂપભેદ.
સાયુજ્ય કેવું દલનાં અણુ પર્માણુનું,
જ્યાં એક દેહ, ગતિ, બોલ, તરંગલ્હેર.
વર્ષાથી હો સભર, આતપથી મહીન :
અંબોધિ કે રણમહીં પણ સંગ લીન.

ને ભિન્ન બે દિશ થકી પ્રગટેલ તેજ
ભેળાં મળે, મિલન ઉજ્જ્વલ શું વિશેષ!
(જ્યાં દીપ્તિમંત સ્થલમાં નહિ કોઈ છાયા
આછાં ય તે તિમિરની વરતાય સ્હેજ;)
એવાં પરસ્પરતણાં ઉર એક થાય,
વીંધાઇને પણ અકુંઠિત પાર જાય.
જો, આપણે પ્રિય! ઉરે જલ જેમ આર્દ્ર,
ને દૃષ્ટિનાં વિપુલ તેજ વિષે અબાધ્ય.

રાજેન્દ્ર શાહ

અલેખે[4]

· દોહરા ·

તસ્કર તરપિંડી કરે, માગણ મોંઘો થાય;
લબાડ આપે વાયદા, (એ) ત્રણે અલેખે જાય.

અશક્તનું અક્કડપણું, આશ્રિતની અવળાઈ;
મતલબિયાની મિત્રતા, (એ) ત્રણે અલેખે જાય.

લૂલી વાસીદું કરે, વંધ્યા હાલાં ગાય;
દાસી ફરે દમામથી, (એ) ત્રણે અલેખે જાય.

મહાજનિયો રજકો ચરે, ખાણ પાંકડી ખાય;
લાંઘણ વહુવારુ કરે, (એ) ત્રણે અલેખે જાય.

કાજળ સારે કર્કશા, ઢોંગી ગંગા ન્હાય,
ટીલાં તાણે તરકટી, (એ) ત્રણે અલેખે જાય.

નાટકિયો રાજા બને, વેરાગી વળ ખાય,
ક્રોધ કરી પામર વદે, (એ) ત્રણે અલેખે જાય.

જયંતીલાલ દવે

(૧) આ તો સમજાવવું પડે તેવું નથી. (૨) જુદેજુદે માર્ગે વહેતાં પાણીનાં વહેણ પરસ્પરને મળી ગયા પછી તેમાં કશો રૂપભેદ ન રહેતાં તેનાં અણુએ અણુનું એવું સાયુજ્ય થાય છે તે તેનાં દેહ, ગતિ, બોલ, તરંગ, બધું એક જ બની રહે છે; બે જુદીજુદી દિશાનાં તેજ એકરૂપ બનતાં તેમના સંગમથી વધુ ઊજળું તેજ બને છે; તેમ આપણાં હૃદય પણ જો... (૩) ભજનમાં પાણી અને પલ (સમય) બંને પલટાઇને નવે રૂપે ઉત્ક્રાન્તિને માર્ગે અનંતમાં વિલીન થાય છે તે દર્શાવ્યું છે—નાનો રેલો જૂજવે રૂપે વહેતો સમુદ્રમાં જઇ મળે છે. આજ ઊગીને કાલ બની જાય છે, આજની પાંદડી પાનખરમાં ખરીને ખાતર બની નવા રૂપે ખુશબો બહેલાવે છે,—એમ સૌએ પોતપોતાની મર્યાદા સંભારી નિજનિજને જૂજવે માર્ગે પ્રસન્નતાથી વહેતાં અનંતમાં લય પામવાનું છે એમ પ્રબોધ્યું છે. (૪)માં લોકભાષા ને લોકભાવ બંનેનું સચોટ બળ પ્રશંસનીય છે.

કવિતા (અનિયતકાલિક) માટે પૈસા આવવા માંડ્યા છે તેની પહોંચ કે પત્રો લખાશે નહિ. બહાર પડ્યે આ પાના પર ખબર અપાઈ મોકલાશે.

એક પ્રશ્ન

જિંદગી એટલે પ્રીતિ, શ્રદ્ધા, અવલંબન ને ન્યોછાવર થવાની વૃત્તિ? કે જિંદગી એટલે સમાનતા, તર્ક, બુદ્ધિ, સ્વતંત્રતા અને સદા ય વિજય મહોત્સવ માણવા માટેની યૌવનભર તાઝગી અને પ્રગતિ?

એકમાં ઋજુ કોમલતા છે, બીજામાં ઉલ્લાસમય ચેતના. ઋજુ કોમલતામાંથી જન્મતી નિર્વ્યાજ, સ્વચ્છ, વિશદ આર્દ્રતાની પરાકાષ્ટા, ને ઉલ્લાસમય ચેતનામાંથી જન્મતા તેજનો પ્રબલ ઓજસ્વી પ્રકાશ, બંને દેખીતી-રીતે એકમેકથી છેક જ નિરાળાં લાગે છે. છતાં એ બંનેમાં પણ અંતિમ બિંદુની એકવાક્યતા–Harmony જેવું તો કૈંક જરૂર જણાય છે. અને એ વાત નક્કર હોય તો પણ જીવનપથ પરનાં એ બંને વૃત્તિઓનાં આવિષ્કરણો વિરોધી રૂપોમાં જ વ્યક્ત થાય છે અને કોઈકોઈ વાર તો એકબીજાનો રાહ અવરોધે છે. આમ શા માટે?

સમાનતા છોડીને આગળ વધતી પ્રીતિ ભક્તિનું રૂપ ધારણ કરે છે, ને ભક્તિમાંથી જન્મતું અવલંબન માત્ર પૂજ્યભાવ જ ન રહેતાં હૃદયની નિર્બલ લાગણીઓના ભારથી ઘણીવાર વૃત્તિને ગુલામ બનાવી મૂકે છે.

પણ એમાંયે જ્યારે જ્યારે સર્વસ્વ ન્યોછાવરની પરાકાષ્ટાએ પહોંચેલી જિંદગી જડી આવે છે ત્યારે આ ક્રમ જાણે જુદો પડતો જણાય છે. જો પ્રીતિ, ભક્તિ ને પૂજ્યભાવમાંથી ગુલામમનોદશા પાંગરે તો તેમાંથી આપઘાતી માનસ જન્મે, પણ ન્યોછાવર થવાની સ્વાર્પણભરી ત્યાગવૃત્તિ તો ન જ જન્મે, એ તો માનવજાતનો ઈતિહાસ બતાવે છે. એટલે જ્યારે આ વૃત્તિ— પ્રીતિ, ભક્તિ, પૂજ્યભાવ અંતે ન્યોછાવર થવાની હિંમતની સિલસિલાબંધ કડીઓમાં સ્વસ્થરીતે ગુંથાય ત્યારે જ જીવનની એ કવિતા એક કરુણ મંજુલ ગાન બની રહે છે.

જ્યારે બીજી બાજુ, સમાનતાથી શરૂ થતી જીવનરીતિ, સમાનકક્ષ સ્વતંત્રતા સાધવા જતાં બુદ્ધિની સમતુલા ગુમાવે ત્યારે, કેવલ શુષ્ક તર્કમાં જ્યાંત્યાં ડેલાતાં, સહચારનો સ્નેહ ખોઈ બેસે છે. સ્વાતંત્ર્યના આનંદને પહોંચવાને બદલે તે એક સ્થિર–Moribund રૂપ ધરે છે અને પ્રગતિનું સ્વપ્ન ત્યાં ભાંગીને ભુક્કા થઈ જાય છે.

પણ જેમ પહેલી બાબતમાં તેમ અહીં પણ જીવનને જ્યારે સમાનકક્ષ સહચારને માર્ગે પ્રગતિની તાઝગી અને પ્રસન્ન વિજય સુધી પહોંચીને ધરતી ખોળે ખેલતું જોઈએ છીએ ત્યારે એ સમાનતા, બુદ્ધિ, તર્ક, સ્વતંત્રતા, તાઝગી ને પ્રગતિના ક્રમની ઓજસ્વિતા આકાર લેતી જરૂર દેખાય છે.

આમ, આ બંને જીવનવૃત્તિઓની મંઝિલ સુરેખરીતે આગળ વધે, તો આનંદના અંતિમ બિંદુએ પહોંચે જ છે. ત્યારે પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે આર્દ્રતાની પરાકાષ્ટા ને ઋજુ કોમલતા, એ આનંદનું વિશુદ્ધ રૂપ છે? કે ઉલ્લાસમય ચેતનાનો ઓજસ્વી પ્રકાશ?

એકમાં ભક્તિથી આર્દ્ર બનેલી પારદર્શક પ્રીતિ છે તો બીજામાં સમાનકક્ષ સહચારના ઉલ્લાસનો ઝળહળતો પ્રભાવ.

ભલે કદાચ ઓછેવત્તે અંશે, પણ સામાન્ય સમાજજીવનમાં આદર્શ સ્ત્રી ને આદર્શ પુરુષ એ આ બંને વૃત્તિઓનાં જ પ્રતીક છે.

આજે પ્રવર્તી રહેલા સામાન્ય જીવનયુદ્ધમાંથી મુક્ત થતો માનવી વિશ્વની સમાનતા સ્થપાયા પછી કદાચ આ કોયડો હલ કરે; પરંતુ આજ લગી તો આ પણ અનેક યુગોનો એક મહાપ્રશ્ન જ રહ્યો છે—કે સ્ત્રી ને પુરુષ શા માટે? આ વિરોધાભાષી ઐક્યનું પ્રયોજન શું?

સુબોધ મહેતા

સુભાષિત

· દ્રુતવિલંબિત ·

इतर कर्मफलानि यदृच्छया
विलिख तानि सहे चतुरानन।
अरसिकेषु कवित्वनिवेदनं
शिरसि मा लिख मा लिख मा लिख॥

લખ ભલે કંઈ કર્મફલો શિરે, સહીશ હું સઘળાં ચતુરાનન,
અરસિકો સહ કાવ્યપ્રસંગ તું, વિધિ! શિરે કદિ ના લખ, ના લખ.

[વિવરણ: કંટાળેલો કવિ બ્રહ્માને કહે છે કે કર્મફલનાં ગમે તેવાં દુઃખ તું કપાળે લખ, પણ અરસિક આગળ કાવ્યનું નિવેદન કરવાનું દુર્ભાગ્ય ના લખીશ. આપણે કોઈ સરસ વાત હોંશથી કોઇને કહેવા જઇએ ત્યારે સાંભળનાર જો અણગમો બતાવે–પછી એ અણગમો શાંત હોય કે ઉગ્ર હોય તો પણ–તે વખતે આપણા મનમાં કેવી લાગણી થાય છે તેનો અનુભવ ઘણાને હશે. એવા કોઇ પ્રસંગે કવિએ આ શ્લોક લખ્યો જણાય છે. આપણામાં એક વાત જાણીતી છે: એક વાર એક માણસ સુંદર શરણાઇ વગાડવાનો ખૂબ અભ્યાસ કરીને એક શેઠ પાસે ગયો. એના મનમાં હતું કે શેઠ શરણાઈ સાંભળીને પ્રસન્ન થશે અને કાંઈક આપશે. પણ શેઠ અરસિક (તેમજ લુચ્ચા પણ) હતા. શરણાઈ સાંભળી લઇને તે બોલ્યા:

'પોલું છે તે બોલ્યું એમાં કરી તેં શી કારીગરી?
સાંબેલું વગાડે ત્યારે જાણું કે તું શાણો છે!'

ગુજરાતમાં તો આવા અરસિકો ઘણા મળવાનો સંભવ છે.–ર. ભી.]

હિપ્પોક્રેટિસથી હાર્વે સુધીના પશ્ચિમી વૈદકશાસ્ત્રના પ્રાથમિક વિકાસમાં જ્ઞાન માટેની શહીદીઓમાં સીમાચિહ્ન સમો સત્યશોધક

પારાસેલ્સસ

Honour the man who trod an untried way,
Marching alone the vanguard of his day.

લેખક
અશોક હર્ષ

માણસ ઉપર દેવનો શાપ ઊતરે છે ત્યારે તેના પર રોગનો હુમલો થાય છે, અને દેવોને પ્રાર્થના કરી એ શાપ નિવારી શકાય તો જ રોગ મટે, એવી એક વખતે આખા પશ્ચિમની માન્યતા હતી. એ માન્યતા પર પહેલો પ્રહાર કરનાર થેસાલીનો હિપ્પોક્રેટિસ. માણસની માંદગી માટે માણસને જ જવાબદાર ગણી એના ભૌતિક ઉપચારનો પાયો નાખી, એણે વૈદકના પિતાનું બિરુદ મેળવ્યું છે.

પોતાના ધંધાની પવિત્રતા તે પૂરી સમજતો હતો. પોતાથી થઈ ન શકે એવા બીમાર માણસની સારવાર માટે તે પ્રામાણિકપણે ના પાડી દેતો, જ્યારે આશાપ્રદ દર્દીની સારવાર તાબડતોબ હાથમાં લેતો. આજે એ તાત્કાલિક સારવારની કંઇ નવાઇ નથી રહી. પણ આજથી અઢી હજાર વરસ પહેલાં, જ્યાં માંદા માણસને પાંચ દિવસ તરફડતો રાખી, છઠ્ઠે દિવસે જ સારવાર—અને તે યે દૈવી બળોથી કરવાનો રિવાજ હતો ત્યારે આ ઉપક્રમની મહત્તા વિચારો. ગ્રીકોના ચિકિત્સક દેવ ઇસ્ક્યુલેપિયસના વંશમાંથી જ ઊતરી આવેલા કહેવાતા એ હિપ્પોક્રેટીસે રોગનિવારણ માટે પ્રાર્થનાઓની તાકાત નકારી જંતરમંતર ને માદળિયાં નકામાં જાહેર કર્યાં. એના વખતના બીજા ઊંટવૈદો દર્દીને ભૂખ્યો રાખીને કે દોડાવીને મારી નાખતા, ત્યારે તે તેમની સમભાવી શુશ્રૂષા કરતો. આહાર ઉપર તે ખૂબ ભાર મૂકતો. એની તાવોની ચિકિત્સા તો લગભગ આજના જેવી જ હતી.

હિપ્પોક્રેટિસને શરીર વિષે બહુ જ્ઞાન ન હતું. શરીરના આંતરિક ભાગો સંબંધી એણે ખોટા જ ખ્યાલો બાંધેલા, પણ એ માટે એની ઉપેક્ષા કરતાં પહેલાં એટલું યાદ રાખવાનું છે કે એણે એકે શરીરને છેદી જોયું ન હતું. સૂક્ષ્મદર્શક યંત્રની કે રસાયણની એમે સહાય ન હતી. રોગના જંતુઓનું કે રસગ્રંથીઓનું જ્ઞાન તેને લભ્ય ન હતું. એણે તો માત્ર રોગોનું સાચું કારણ લોકોને આપ્યું ને એ રીતે એના અનુગામીઓ માટે પંથ સરળ બનાવ્યો.

પરંતુ એ સરળ પંથ એ વખતે પાવકની જ્વાળા જેવો હતો. કોઇ તેના પર ફરકવાની હિંમત ન કરતું. છસ્સો વરસ પછી ફરી ગ્રીસના પર્ગેમસમાં ઈ. ૧૩૦માં એક ગૅલન એવો પાકયો જેણે એ વેરાન કેડી પર ફરી સફર શરુ કરી. ગૅલને હિપ્પોક્રેટીસને જ પોતાનો આદર્શ સ્વીકારેલો. આઠ વરસ સુધી સ્મર્ના ને સિકંદરિયામાં રહી એણે પોતાનો અભ્યાસ આગળ વધારેલો. પહેલાં તો કોઇએ તેના તરફ ધ્યાન ન આપ્યું, પણ રોમના તત્ત્વ-ચિંતક રાજા માર્કસ ઑરેલિયસનો રોગ એણે મટાડતાં જબરી નામના સાથે મોટી રકમની ફી તેને મળવા લાગી.

મનુષ્યશરીરની અંદર શું ચાલી રહ્યું છે તે એને જાણવું હતું. પરંતુ મુડદું ચીરવું એ ત્યારે દેહાંતને પાત્ર ગુનો ગણાતો, ને રાજાની લાગવગ પણ તેમાંથી બચાવી શકે તેમ નહોતું. એને લાગ્યું કે વાંદરાનાં શરીર માણસને મળતાં છે, એટલે તેમનાં શરીર પર એણે શસ્ત્રો ચલાવ્યાં.

એરિસ્ટોટલે જણાવેલું કે નસો વાયુથી ભરેલી છે. ગૅલને એ નાસાબિત કરી જણાવ્યું કે તે લોહીથી ભરેલી હતી. એણે હૃદય તથા એના પડદા જોયા, છતાં લોહીનું ભ્રમણ તેના સમજવામાં કેમ નહિ આવ્યું હોય એ નવાઈ છે. અસ્થિશાસ્ત્ર, શરીરશાસ્ત્ર, વૈદકશાસ્ત્ર, ચિકિત્સાશાસ્ત્ર વગેરે પર બધાં મળી એણે ૭૮ પુસ્તકો ને ૧૪ નિબંધો લખેલા છે. એમાં ઘણુંખરું તો એણે કલ્પનાઓના મદારે જ હાંક્યે રાખ્યું છે, ને એના કેટલાક સિદ્ધાંતો તો વૈદકના વિકાસમાં પાછળથી ખૂબ બાધક નીવડેલા. એ રખડુ વૈદનાં છેલ્લાં વર્ષો અંધારામાં જ રહ્યાં છે. એના મૃત્યુની તારીખ ને સ્થાન પણ અજ્ઞાત છે.

પરંતુ એના કલ્પનાના ગોળા તો ચૌદસો વરસ સુધી પશ્ચિમ પર સામ્રાજ્ય જમાવી રહ્યા. ગૅલનથી અજાણ્યું કશું વૈદકજ્ઞાન રહ્યું હોય એમ લોકો માની જ ન શકતા.

એના એવા અબાધિત સામ્રાજ્ય પર પહેલો ઐતિહાસિક હલ્લો ઈ. ૧૫૨૬ની સાલમાં થયો. એ હલ્લો કરનાર પારાસેલ્સસ. એનો બાપ વૈદ હતો ને મા નર્સ હતી. એનું મૂળ નામ થીઓફ્રાસ્ટસ બૉમ્બાસ્ટસ ફૉન હોહેનહાઈમ. ઈ. ૧૪૯૦માં તે જન્મ્યો, ૧૬ વર્ષની વયે બાલની વિદ્યાપીઠમાં દાખલ થયો, પણ પછી ભણતર પર કંટાળો આવતાં એણે રખડપાટ આદરી ને ઠેઠ હિંદ સુધીના દેશો ફરી વળ્યો.

અને પછી એ ઐતિહાસિક સાલ ૧૫૨૬માં, જે વિદ્યાપીઠમાં પોતે શીખેલો એ બાલ વિદ્યાપીઠમાં જ, એણે પોતાનું પહેલું વ્યાખ્યાન યોજ્યું. એની વાતોથી શ્રોતાઓ વધુ ને વધુ મનોરંજન અનુભવવા લાગ્યા, પણ પ્રોફેસરોનાં નાકનાં ટીચકાં ચડવા લાગ્યાં, કારણ તે વૈદકની અધિકૃત લાટિન ભાષા છોડીને જર્મન ભાષામાં વ્યાખ્યાન આપતો હતો!

પણ પારાસેલ્સસને પુસ્તકોના એ કીડાઓની ક્યાં પડી હતી? એ તો અનુભવને જ સાચો ગુરુ માનતો હતો. જુદાજુદા દેશોમાં થતા રોગોનો એણે જાતે અભ્યાસ કર્યો હતો ને એ માટે યોજાતી ચિકિત્સાઓનું પણ તેણે પૃથક્કરણ કર્યું હતું. વૈદ એને મન કોઇ ખુદાઇ ફિરસ્તો નહિ, પણ એવી નમ્ર આદર્શ વ્યક્તિ હતી, જે રુગ્ણોની સેવામાં સર્વસ્વ અર્પતાં પણ ન અચકાય. આથી જ એ આદર્શવાદીએ, મગજને તાળાં લગાવી બેઠેલા પ્રોફેસરો ને ડૉકટરોનો મુકાબલો કરી તેમની અશક્તિઓનું તેમને ભાન કરાવ્યું.

પરંતુ લોકોનાં દિલ સુધી તેનો સંદેશ પહોંચી ન શક્યો. તેઓ તો તેની 'બેવકૂફ રખડુ' તરીકે હાંસી ઉડાવવા લાગ્યા. પારાસેલ્સસને એની પડી ન હતી. એ તો પોતાની જ્ઞાનઝુંબેશમાં મસ્ત હતો. પણ તેની એ ઝુંબેશ ધીમેધીમે એટલા ઝનૂન પર પહોંચી કે તેનામાં રહેલી સહિષ્ણુતા ઓછી થવા માંડી. એક દિવસ તો વૈદક સામે પ્રવર્તતું અજ્ઞાન તેને બિલકુલ અસહ્ય બન્યું બાંકી ટોપી ને હાથમાં બે પુસ્તકો રાખીને એ ચાલી નીકળ્યો. તે દિવસે કાંઈક તહેવાર હતો, અને બાલ વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ બૉનફાયર જેવું તાપણું સળગાવી તેની આસપાસ નૃત્ય કરી રહ્યા હતા, ત્યાં તે જઇ પહોંચ્યો. તેના હાથ લંબાયા. એક ગૅલનનું ને બીજું અવિસેન્નાનું, એમ બંને પુસ્તકો એણે એ તાપણામાં હોમી દીધાં ને બોલ્યો: 'આ જુઓ, જૂનવાણીનું અવસાન ને નવીનનો જન્મ! એમનાં જૂઠાણાં ને ગલતીઓ જલી જવા દો. એમાં જે સત્ય હશે એ તો અમર જ રહેવાનું.'

ગૅલન જેવા વૈદકના સર્વસત્તાધીશોનું આ અપમાન? બાલમાં એને નાસ્તિક ગણીને ધર્માંધતાની આગ એને ઘેરી વળી. ખુદ એના શિષ્યોએ પણ એની ધૃષ્ટતાથી એનો (અનુસંધાન પૃ. ૩૯૭મે)

રમી માસ્ટર

જ્યારે કંઇક ગુમાવીએ છીએ ત્યારે જ કંઇક મળે છે



ફઇબાનું પાડેલું નામ તો હતું એનું નેમચંદ, પણ એ નામે એને બોલાવનારની સંખ્યા આંગળીને વેઢે ગણાય એટલી જ હતી. ઓળખીતાઓમાં એ 'રમી માસ્ટર'ના નામે જ જાણીતો હતો.

નેમચંદ પચ્ચીસ સત્યાવીસ વર્ષનો ફાંકડો યુવક હતો. ઈન્ટર-મીજિયેટમાંથી ભણતરને સલામ કર્યા બાદ, બીજા યુવાનો જ્યારે નોકરીની શોધમાં હોય છે એ વયે તેનો વ્યવસાય માત્ર 'રમી' રમવાનો જ હતો. એમાં તે કલાકોના કલાકો ગાળી શકતો. જીવનનું ધ્યેય જાણે 'રમી' જ હોય એમ એ પત્તાંની જોડો ખિસ્સામાં રાખી ફર્યા કરતો.

પત્તાં રમવાનો એ નાનપણથી શોખીન. ક્યારેક સતિયો, છકડી અને એવી નિર્દોષ રમતમાંથી કોક રખડુ છોકરાઓ સાથે એ ત્રણ પત્તે પણ રમી લેતો. પણ 'રમી' તો એ શહેરમાં આવીને જ શીખ્યો. અને એ શીખ્યા પછી એને એમાં એટલો રસ આવી ગયો કે ગમે ત્યારે એ રમી રમવા તૈયાર રહેતો. કૉલેજમાં પણ કોક જોડીદાર શોધી, એટેન્ડેન્સ આપી, બહાર નીકળી બાગમાં જામી પડતો. એ હમેશાં 'પ્લસ'માં જ રહેતો અને 'પ્લસ'માં પણ સારા એવા પૉઇન્ટ લેતો. કેટલાક શેતરંજ અને ચોપાટના ખેલાડીઓ જેમ ખાત્રીપૂર્વક જીતે જ, એમ નેમચંદ પણ ખાત્રીપૂર્વક પ્લસમાં જ રહેવાનો.

એમાં યે એક વાર જ્યારે નેમચંદ એના જેવા જ રમી-રસિયા એના સાથીદારને ત્યાં આવેલા કોઇ મોટા વેપારી સાથે બેસી રૂપિયે પૉઈન્ટની રમત રમ્યો અને રમત બંધ થઈ ત્યારે ખાસ્સા ચારસો ને ઓગણત્રીસ પૉઇન્ટ્સ પણ પ્લસ લઈને ઊઠચો, ત્યાર પછી તો એના બધા મિત્રો, નેમચંદને સંબોધાએલા પેલા શેઠના શબ્દો "તમે તો રમી માસ્ટર છો, રમી માસ્ટર"માંથી રમી–માસ્ટર પકડી લઈ નેમચંદને એ જ ઉપનામથી બોલાવવા લાગ્યા.

આ 'રમી' રમનારાઓની પણ એક મંડળી જ હતી. એમાં સૌ પોતપોતાની ખાસિયત પ્રમાણે ઉપનામ ધરાવતા. મોહનને એની ખૂબ હારવા છતાં મનમાં કે ન લાવવાની અને ઉપરથી સૌ માટે સીનેમા કે નાસ્તાનો ખર્ચ કરવાની આદત પરથી સૌ 'બાદશાહ' કહેતા; દાઢી-નો ખર્ચ બચાવવા ખાતર કે આળસમાં પણ દાઢી અઠવાડિયે માંડ બોડાવતો જગન્નાથ 'બકરા'ના નામે જાણીતો હતો; ખિસ્સામાં છૂટા પૈસા ન હોવાને કારણે આના અને બે આનીઓ માંગણોને આપી દેતો જગુ 'જગડુ શા'ના નામે ઓળખાતો; બલવંતને તેના રાડિયા સ્વભાવ યા જામેલા શરીરને લક્ષ્યમાં લઇ 'વીર' કહેતા. જીવણને 'ટંડેલ' કેમ કહેતા એ તો સમજાતું પણ નહિ; ચુનિયાને તો...

પણ આવાં ચિત્રવિચિત્ર ઉપનામોની ઉપાધિ તો લગભગ એકે એકને મળી હતી. પહેલાં તો બનતા સુધી રમી કોકને ઘેર જ રમાતી; પણ નેમચંદને હવે એમાં મઝા ન આવતી, એટલે એણે એક સારા ભાડા-વાળો રૂમ રાખી એને થોડાઘણા ફર્નિચરથી શણગારીને ત્યાં એક 'ક્લબ' સ્થાપી હતી. રોજ રાતે બારએક સુધી, મન ફાવે ત્યારે બપોરે, રવિવારે તો સવારે પણ, વસ્તુતઃ જ્યારે પણ બેત્રણ જણ ભેગા થઇ જાય ત્યારે ત્યાં રમી રમાતી.

અંદરઅંદર તો તેઓ એક આને પૉઇન્ટ જ રમતા. પરંતુ નવા આવેલા લોકો સાથે, કામકાજ અંગે આવેલા રમી-રસિયા વેપારીઓ કે કૅન્વાસરો સાથે મોટી રમત જમાવતા.

પણ નેમચંદ તો ગમે ત્યાં 'રમી' રમી નાખતો. એને તેડવા મિત્રો ઘેર આવ્યા હોય તો ચા તૈયાર થાય એટલી વારમાં પણ એક બે રમત ખેલી લેતો. અરે, ક્યારેક તો 'ટાંગા'ના વાહનમાં પણ એક જગ્યાએથી બીજી જગ્યાએ જતાં સુધીમાં બોલાવવા આવનાર સાથે એ રમી લેતો. એના મજાકી મિત્રો એનો આ રમી-શોખ જોઇ હસતા અને કોક તો કહેતું 'આને તો યમદેવ તેડવા આવે તો તેને ય કહેવાનો કે 'મને લઇ જતાં પહેલાં એકાદ બે ગેઇમ તો રમી લો.'

નેમચંદ બીજો કૈં જ કામધંધો ન કરતો. શરૂમાં એ એક ફર્મમાં જોડાયો હતો ખરો, પણ બેત્રણ દિવસમાં જ કંટાળીને છોડી દીધું. ત્રીસ કે એકત્રીસ દિવસના લાંબા ગાળા પછી આખી સાઠ રૂપરડી મળે એ ખ્યાલ જ નેમચંદ માટે અપમાનભર્યો અને અસહ્ય હતો. એવા સાઠ રૂપિયા તો ક્યારેક તે એક જ દિવસમાં ઉડાડી દેતો.

ન માની શકાય, પણ તે છતાં હકીકત હતી કે 'રમી' એ જ નેમચંદનો વ્યવસાય હતો. શહેરમાં નવા આવેલા રમી-શોખીન વેપારીઓને એ ઠીક ખંખેરી નાખતો, ને મિત્રો સાથેની નાની રમતો-માંથી પણ ખર્ચ પૂરતા પૈસા તારવી લેતો. સિનેમા અને હોટેલોમાં ઉડાડતો પણ પુષ્કળ. કમાઈ જવાની લાલચે ક્લબમાં આવી ચડતા કૅન્વાસરો, કૉલેજિયનો કે વિદ્યાર્થીઓને પણ એ કોરા ન મૂકતો.

ટૂંકામાં એ કમાતો પણ સારું અને ખર્ચતો પણ છૂટથી. જેમ ફીચર, રેસ કે સટ્ટા પર જ કેટલાક જીવન ગુજારતા હોય છે એમ આ રમી પર જ જીવન ગુજારતો;—ગુજારતો શા માટે? માણતો. એના ત્રણ રૂમના નાનકડા બ્લૉકને એણે ફક્કડરીતે શણગાર્યો હતો. રેડિયો-ગ્રામ, ખુરસીઓ, ટેબલ, ટેબલફૅન, કબાટો, પલંગ ઈત્યાદિથી માંડી-ને ખિસ્સાના રૂમાલ સુધી એની બધી જ વસ્તુઓ કીમતી રહેતી.

બધા ધારતા હતા કે એ પરણ્યો એટલે રમવાનું ઓછું કરી કોઇ સ્થિર ધંધો કરશે. કૈં નહિ તો બહાર રખડશે તો ઓછું જ. પણ ના, પરણ્યા પછી પણ નેમચંદમાં કૈં જ ખાસ ફેર ન પડચો. કમાઇ જતો ત્યારે જે પહેલાં મિત્રોમાં જ ખર્ચી નાખતો તેને બદલે હવે ક્યારેક સુશીલા માટે ભેટ લઇ જતો. એવી સુંદર અને સુશીલ પત્ની મળવા માટે એ ખૂબ જ ખુશ રહેતો, અને ક્યારેક તો બોલી ઊઠતો: 'ચાલ, આજ તો તું કહે એ ભેટ લાવી આપું.'


'તમે ય તે!...' સુશીલા હસતી: 'મોટા ભગવાનની જેમ "માગ માગ! માગે એ આપું" કહેવા લાગ્યા.'

નેમચંદ પણ હસી પડતો: 'હા હા. ભગવાનની (અનુ. પૃ. ૩૯૦)

મોટાં આંતરડાં અને મળપ્રદેશ

નાનું આંતરડું જમણી કૂખ આગળ પૂરું થાય છે ને ત્યાંથી મોટું આંતરડું (colon અથવા નળ) શરૂ થાય છે. ત્યાં આગળનો મોટા આંતરડાનો મૂઠી જેટલા કદનો અગ્રભાગ બંધ કોથળી જેવો છે. એનું નામ અંધાંત્ર (cæcum સીકમ). આખા મોટા આંતરડાનો આ પહોળામાં પહોળો ભાગ છે. (જુઓ નીચેનું ચિત્ર)


આપણા (મનુષ્યના) દેહમાં તો આ અવયવ લગભગ નિરુપયોગી છે; પણ ઘાસ પર જીવનારાં ગાય, સસલાં આદિ પ્રાણીઓમાં તે મોટા કદનું, ને હિંસક પશુઓમાં તદ્દન નાનું હોય છે.




એના પોલાણમાં સદા જીવાણુઓ રહે છે. એ હિતકારક પણ હોય કે ઉપદ્રવી પણ હોય. એમના કાર્યથી જ આંત્ર-પુચ્છમાં સોજો આવ્યા કરે છે. આમ થયા કરવાથી ત્યાંની સ્થાનિક રોગ-ક્ષમતા (રોગ સામે ઝૂઝવાની શક્તિ —immunity) પેદા થાય છે. છતાં પણ જો ઍપેન્ડિસાઇટિસનો હુમલો થાય તો તો પછી જાણવું કે રોગના જીવાણુઓનું જોર વધારે છે ને આખા શરીરના ભોગે એ જીવાણુઓની સામે લડતા આંત્રપુચ્છની હાર થાય છે.

ઍપેન્ડિસાઇટિસનો રોગ એટલે આંત્રપુચ્છનો સોજો. એ સોજો રોગ-

લેખક · ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી



ડાબી બાજુ : નાનું આંતરડું જ્યાં મોટા આંતરડાને મળે છે તે ભાગનું આલેખન. अ અંધાંત્ર-મૂઠી જેટલા કદનો મોટા આંતરડાનો પહોળામાં પહોળો બંધ કોથળી જેવો ભાગ; ब ઍપેન્ડિક્સ-આંત્રપુચ્છ (જુઓ જમણી બાજુ મોટું કદ કરેલું ચિત્ર); क આંત્રપુચ્છનો અંધાંત્રમાં ખુલતો છેડો; ड નાના આંતરડાનો મોટા આંતરડામાં ખુલતો છેડો; મોટા આંતરડા સાથે જોડાતો નાના આંતરડાનો ભાગ.



ઍપેન્ડિસાઇટિસના રોગનું સ્થાન ઍપેન્ડિક્સ-આંત્રપુચ્છ

આપણા માટે આ અવયવની ઓળખ ખાસ તો એ માટે જરૂરી છે કે એના નીચલા ભાગમાં જે પૂછડી જેવું આંત્રપુચ્છ (appendix ઍપેન્ડિક્સ) જોડાએલું છે તે એક રોગનું સ્થાન છે. મહાપીડાવાળો અને કદીક જીવલેણ નીવડતો 'ઍપેન્ડિસાઈટિસ' નામનો વ્યાધિ એ જ આંત્ર-પુચ્છમાં થઈ આવે છે, અને તે માટે તાબડતોબ શસ્ત્રક્રિયા કરાવવી પડે છે એ તો હવે ઘણાની જાણીતી હકીકત છે.

ઍપેન્ડિસાઇટિસ

એ આંત્રપુચ્છ, અંધાંત્રની સાથે જોડાએલો, હાથની ટચલી આંગળીથી પણ પાતળો માંસપેશીનો ટુકડો છે. તે અંદરથી પોલો હોય છે અને તેનો અંદરનો છેડો અંધાંત્રમાં ઊઘડે છે. એની લંબાઈ દોઢ ઇંચથી માંડી અગિયાર ઇંચ જેટલી હોઇ શકે, પણ સાધારણ-રીતે તે ત્રણથી ચાર ઇંચ લાંબું હોય છે.

ઘણા માને છે કે આ આંત્રપુચ્છ માણસની ઉત્ક્રાન્તિ થતાં દરમ્યાન અધોગતિ પામેલો એક નિરુપયોગી અવશેષ છે; જ્યારે કેટલાક કહે છે કે તેના સ્રાવથી મોટા આંતરડાની આકુંચન-લહરી ઉત્તેજન પામે છે. પણ એટલું ખરું કે એ આંત્રપુચ્છ, ગળામાંના ટૉન્સિલની પેઠે, શરીરમાં રક્ષણાત્મક કામ કરે છે. ટૉન્સિલની જેમ જ, પુખ્ત ઉમરનાં માણસોમાં આમાં પણ પુષ્કળ પ્રમાણમાં લસીતંતુઓ હોય છે.

જીવાણુઓને લીધે જ આવે છે. ફળનાં સખત બી, ચણા વટાણા કે મગફળીનાં આખાં ગળાએલાં બી, સુકાઈ ગએલા મળની કાંકરીઓ વગેરે આંત્રપુચ્છમાં આવી ભરાય છે ત્યારે તેની શ્લેષ્મકલા ઊઝરડાય કે ઘવાય છે. આથી રોગના જીવાણુઓને ત્યાં—તેની દીવાલમાં પેસવાનો મોકો મળે છે; અને એ જીવાણુઓ જો લસીતંતુઓ સામે બળવાન નીવડીને વધી પડે તો આંત્રપુચ્છમાં સોજો આવે છે. કદીક તેમાં પાક પણ ચડે છે, અને ત્યારે મહાપીડાકારી ઍપેન્ડિસાઇટિસનો હુમલો થઈ આવે છે. એ દરદની શરૂઆતમાં પેટમાં કે ડૂંટીની આસપાસ વાઢ થતો હોય એવી અસહ્ય ચૂંક આવે છે, કે જે, અમુક વખત પછી, પેટના જમણા ખૂણામાં આવી સ્થિર થાય છે. સાથે તાવ પણ હોય છે; પરંતુ કદાચ ના હોય તો પણ ઊબકા-ઊલટી ખસૂસ હોય છે; ઝાડા પણ હોય છે.

ઍપેન્ડિસાઇટિસ કોઈ પણ ઉમરે થઈ આવે છે, પણ ખાસ કરીને યુવાવસ્થામાં અને તેમાં યે સ્ત્રી કરતાં પુરુષવર્ગમાં સામાન્ય છે. આમ તો દરદની દારુણતા બહુ નથી હોતી, પણ કદીક તે ઉગ્ર સ્વરૂપ પકડે છે ત્યારે થોડા જ કલાકમાં પ્રાણ પણ હરે છે. ગ્રામવાસીઓ કરતાં શહેરીઓમાં આ દરદનું પ્રમાણ વધુ હોય છે. આનાં કારણોમાં (૧) લાંબા વખતની કબજિયાત (મુખ્ય કારણ) (૨) દાંતનાં દરદો અને તેને અંગે મોઢાનો તથા આંતરડાંનો ચેપ (૩) વગર ચાવ્યે ઉતાવળથી

વ્યંગચિત્રોનાં કલા

It is the art par excellence of humanism of the world in which the spirit of man is most dominant. —*Henry Bergson*

'અહોહો! શું કમાલ ચિત્ર દોર્યું છે! વાંકું મોં ચીતર્યું છે, ને કેવો કટાક્ષ કર્યો છે!' કટાક્ષચિત્રો વિષેની આ સામાન્ય માન્યતા!

પણ માત્ર વાંકાં અંગવાળાં પાત્રોથી જ, કે એની પાછળ કંઈક વક્ર કથન મૂકવાથી જ કટાક્ષચિત્ર બની જતું નથી. જેમાં વસ્તુસ્થિતિની મજબૂત પકડ સાથે પ્રસંગ કે વ્યક્તિના અંતરનું હાર્દ ખેંચી કાઢીને રજૂ કર્યું હોય તે જ સાચા કટાક્ષચિત્રની કોટિમાં આવી શકે. અને એમાં જબરું સામર્થ્ય તથા વેધક દૃષ્ટિ જોઇએ. જે વ્યક્તિ કે પ્રસંગ વિષે કટાક્ષ કરવો હોય તેની સ્પષ્ટ અને સહૃદય સમજ એ પહેલી આવશ્યક્તા છે. તે પછી, એ વ્યક્તિ કે વસ્તુમાં રહેલું સત્ય તેની બાહ્ય દેખાતી પરિસ્થિતિને અનુરૂપ વ્યંજનાથી ચીતરવામાં આવે છે. એમ કરવામાં તે વસ્તુ જેવી દેખાય છે તેવી આબેહૂબ નહિ, પણ તેનું આંતરિક સત્ય સ્વરૂપ ખેંચી કાઢીને કલાકાર રજૂ કરે છે. એની ચિત્રણામાં તે તે તત્ત્વોને એ અતિકાય, અપરૂપ, મોટાં, વક્ર કે વિકૃત કરે છે. જે આંતરિક સત્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું હોય તેને ચોટ આપવા, આપણે જેમ અતિશયોક્તિ કરીએ છીએ તેમ જ, કટાક્ષકલાકાર કરે છે.

કોઇ અત્યંત વાસ્તવદર્શી હૂબહૂ ચિત્ર જોઈને લોકો એમ કહે છે કે 'આ એટલું આબેહૂબ છે કે જાણે હમણાં બોલશે.' કટાક્ષચિત્ર એમ 'બોલવા' કરતાં પણ વધુ—જોનારને તે તે પ્રસંગ વિષે વિચાર કરતા કરી મૂકે છે. આ શક્તિ ઓછી નથી: બલ્કે ચડિયાતી છે.

ઘણા પ્રશ્ન કરે છે કે વ્યંગચિત્રકાર થવા માટે કંઈ નિયમો હશે? હા, હોય છે. પણ તેથી ખાસ અર્થ સરતો નથી. આ કલા સામાન્ય ચિત્રકલા જેવી નથી. જેમ વૈદકમાં અમુક પડીકાં ખાવાથી કે અમુક પરહેજી પાળવાથી રોગ મટે છે તેમ એ નિયમોના પાલનથી જ કટાક્ષકલા સાધ્ય થતી નથી. વ્યંગ ચિત્રની કલા એ એક પ્રકારની વ્યંજના છે. ને તેથી જ ઉત્તમ વ્યંજના લાવી શકનાર કવિપ્રતિભા જેમ વિરલ હોય છે તેમ કટાક્ષકલા પણ વિશિષ્ટ પ્રતિભા માગી લે છે. કોઈમાં ઘણી ઉમદા આલેખનશક્તિ હોય, વક્ર રૂપ આપવાના બધા નુસખા સાધ્ય હોય, છતાં એટલા જ માત્રથી તે કટાક્ષચિત્રો કરવામાં સફળ નથી નીવડી શકતો: જેમ છંદરચનો ઉપર ઉત્તમ કાબૂ હોવા છતાં સાચી કવિતા નથી નીપજતી તેમ.

આલેખનના બે પ્રકાર છે: Academic અને Expressive—શાસ્ત્રીય કે વૈજ્ઞાનિક ધોરણસરનો, ને બીજો અંતરની અભિવ્યક્તિ કરનારો. પહેલો પ્રકાર અભ્યાસથી સાધ્ય થઇ શકે છે; કોઇપણ માણસ મહેનતથી તે શીખી શકે છે. બીજા પ્રકાર માટે મહેનત ઉપરાંત એ વસ્તુને પોતાની પકડ મુજબ રજૂ કરવાની શક્તિ જોઈએ. કેટલાક લોકો હાથ ચીતરવામાં એટલા કુશળ હોય છે કે આબેહૂબ હાથ જેવો હાથ ચીતરી બતાવે, જ્યારે કેટલાક માત્ર થોડી લીટીઓને એવી ચોટદારરીતે રજૂ કરે કે તેમાં હાથનું આબેહૂબ દર્શન ન હોવા છતાં એ વિકૃત રૂપમાં તે વધુ 'બોલતો' લાગે. જોકે આ




કાર્ટૂનિસ્ટ શંકરે દોરેલું શ્રી કનૈયાલાલ મુનશીનું કૅરીકેચર



ઉપર: અજંતાની ચિત્રકલામાં હાથ
નીચે: હાથનું આબેહૂબ આલેખન



નીચેના હાથનું આલેખન ભલે આબેહૂબ છે. પણ ઉપર અજંતાના હાથમાં થોડીક જ અતિશયોક્તિથી લાવણ્ય આવ્યું છે.



ડાબી બાજુ: કલાકાર રચાવક્ષ ચાવડાએ નૃત્યકાર ઉદયશંકરનું, ચાલતા નૃત્યે ફાઉન્ટન પેનથી કરેલું ઝડપી રેખાંકન. એ આબેહૂબ ચિત્ર નથી, પણ એની રેખાએ રેખામાંથી એનો વેગ બોલી ઊઠે છે. કાર્ટૂનની રેખાઓ પણ આજ રીતે 'ઍક્શન'—આવેગ અને ગતિ દાખવતી હોવી જોઈએ.









ઉપર શ્રી બલવતરાય ઠાકારના ફોટોગ્રાફ અને ચકોરે કરેલું તેમનું કૅરીકેચર બંને જોડાજોડ આપ્યાં છે તે પરથી સમજાશે કે કૅરીકેચર કરવામાં કલાકાર વ્યક્તિનાં લાક્ષણિક અંગોને કેવી રીતે પકડીને આગળ આણે છે. જમણી બાજુ મથાળે સ્વ. સરોજિની નાયડુ અને નીચે જર્મનીના જગનામી કલાકાર ગુલબ્રાન્સને કરેલું ટૉલ્સ્ટૉયનું કૅરીકેચર.

બંને જાતનાં ચિત્રો ચીતરવા માટે સાચો હાથ કેવો હોય તેનું તલસ્પર્શી જ્ઞાન તો બંનેને હોવું જરૂરી છે.

રામાયણ આદિ આપણી કથાઓમાં આ જ તત્ત્વ અખત્યાર કરેલું છે. રાવણ, કુંભકર્ણ વગેરેનાં ચિત્રણોમાં આવતું અતિકાયપણું એ. તે તે પાત્રોની વિશિષ્ટતાને સચોટપણે રજૂ કરવા માટેની અતિશયોક્તિઓ જ છે. એ એક પ્રકારનાં વ્યંગચિત્રો જ છે.


વ્યંગચિત્રકલામાં અનેક પ્રકાર છે. એ બધા પ્રકાર કોઈ એક જ પત્રમાં ભાગ્યે જ જોવા મળે. પણ ઈંગ્લંડના અત્યંત જૂના (૧૦૦ વરસ ઉપરના) વ્યંગપત્ર 'પંચ' (Punch)માં મોટા ભાગના પ્રકારો ખેડાયા છે. મુખ્ય પ્રકારો આટલા ગણાવી શકાય : (૧) કોઇ પણ એક વ્યક્તિનું ઠઠ્ઠાચિત્ર–ચાડું : Caricature; (૨) રાજકીય તેમજ સામાજિક પ્રસંગો, પરિસ્થિતિઓ, અવળચંડાઇઓ વગેરે પર કટાક્ષ કરતાં વ્યંગચિત્રો : Cartoons; (૩) જીવનની વિચિત્રતાઓ, માનવીની મૂર્ખાઇઓ વગેરે જિંદગીની હળવી બાજુ રજૂ કરતાં હાસ્યચિત્રો: Gag cartoons; (૪) જીવનના એ જ પ્રકારને એક કરતાં વધુ, ત્રણ-ચાર કે પાંચ ક્રમિક ચિત્રોની માળામાં રજૂ કરતાં ચિત્રોની હાસ્ય-પટ્ટીઓ: Comic-strips; (૫) સીનેમા ફિલ્મોની પદ્ધતિએ તેની સાથેસાથે જ ખીલેલો હાલતાંચાલતાં રમૂજી જીવંત ચિત્રોનો પ્રકાર: Animated cartoons;(૬) માલની જાહેરાતો વગેરે વ્યાપારી ઉપયોગો માટે રમૂજી ઢબે યોજાતા ચિત્ર-વાર્તાલાપ, પોસ્ટરો વગેરે.

કૅરીકેચર–વ્યક્તિનું ઠઠ્ઠાચિત્ર, એ વ્યંગચિત્રોના સર્વ પ્રકારોમાં અગત્યનું સ્થાન ધરાવે છે. કોઈ એક પાત્ર કે વ્યક્તિની વિશિષ્ટ લાક્ષ-


રાજકીય કાર્ટૂનનાં બે ઉદાહરણ : ડાબી બાજુ : વિખ્યાત કલાકાર શંકરનું 'ઈસ્ટર્ન ગ્રૂપ કૉન્ફરન્સ' ઉપર કટાક્ષ કરતું કાર્ટૂન 'બાયોસ્કોપ દેખો ભાઈ'–એમાં હિંદીવાનને ઇસ્ટર્ન ગ્રૂપ કૉન્ફરન્સનું જે બાયોસ્કોપ વાઇસરૉય બતાવે છે તેની પાછળ હિંદીવાનનાં કપડાં પણ ઉતારી લેવાનો ઘાટ છે તે દર્શાવીને એ કૉન્ફરન્સની પોકળતા બહુ સ્પષ્ટ રીતે ઉઘાડી પાડી છે (હિંદુસ્તાન ટાઇમ્સ). જમણી બાજુ : 'ચકોર'નું કાર્ટૂન 'ભર્યા પેટની ભૂખ'—લગભગ નેવું લાખનો નફો કરવા છતાં ટપાલખાતાએ સવા આનાનું પોસ્ટેજ ન ઘટાડ્યું તે પર વ્યંગ કરતું કાર્ટૂન (પ્રજાબંધુ).







જમણી બાજુ: 'માણસને ચીતરતા માણસને ચીતરતા માણસને ચીતરતો માણસ'—એક માણસ બીજાને ચીતરે છે, બીજો ત્રીજાને, ત્રીજો ચોથાને, ચોથો પાંચમાને, એમ પરંપરાએ એક-બીજાને ચીતરતા માણસનું આ તદ્દન સાદું જણાતું કાર્ટૂન અમેરિકાના અગ્રણી વ્યંગ કલાકાર સ્ટાઈનબર્ગની વેધક કૃતિ છે. એનો મર્મ સમજવો હોય તો 'ચીતરતા' શબ્દમાં 'ચી'ને બદલે 'છે' મૂકવાથી પણ એક અર્થ સમજાશે.



ડાબી બાજુ: સજીવ હાસ્યચિત્ર-માળા 'ઍની મેટેડ કાર્ટૂન'માં વૉલ્ટ ડિઝનીએ સર્જેલો જગ વિખ્યાત ઊંદરડો 'મિકી માઉસ'. ચૅપલીન પછી સંસારવ્યાપી આનંદ આપનાર કલાકાર વૉલ્ટ ડિઝની જ થયો છે.

ણિકતાઓને અતિશયોક્તિની માત્રા વડે બહાર ખેંચી આણીને રમૂજી રીતે ચોટદાર બનાવતાં આ ચિત્રો એકલાં સ્વતંત્ર વ્યક્તિચિત્રો તરીકે આલેખાએલાં આપણે ઘણે સ્થળે જોઇએ છીએ. (એના થોડા નમૂના આ સામે આપ્યા છે). આપણા હિંદના અગ્રણી હાસ્યપત્ર 'શંકર્સ વીકલી'ના પહેલા પાના ઉપર દર અઠવાડિયે આવું એકએક વ્યક્તિ-ચિત્ર નિયમિત આવ્યા જ કરે છે, જેમાં આપણા રાજદ્વારી તેમજ સાંસ્કારિક નેતાઓ, અગ્રણીઓ, મહાપુરુષો વગેરેનાં કૅરીકેચર હોય છે.


કાર્ટૂનો—રાજકીય ને સામાજિક કટાક્ષચિત્રો તો સામાન્યતઃ આપણે ઘણાં સામયિકોમાં જોતા થયા છીએ. આ યુગમાં રાજકારણ જીવનમાં અગ્રસ્થાન ભોગવતું હોઈ તેનાં વ્યંગચિત્રો વિપુલ સંખ્યામાં દેખાય છે, અને એમાં ઐતિહાસિક ઉથલપાથલના મોટા પ્રસંગો તથા ચાવીરૂપ પ્રશ્નો ઉપરાંત આંતરિક વિકૃતિઓ, સત્તાલોભ, સ્વાર્થ, મુત્સદ્દીગીરી, અભિમાન, મૂર્ખાઈ વગેરે માનવજાતનાં સામાન્ય લક્ષણો પણ આ ક્ષેત્રનાં કટાક્ષચિત્રોને મબલખ સામગ્રી પૂરી પાડે છે. સમકાલીન ઇતિહાસની નોંધો સામયિક પત્રોને પાને કે ઇતિહાસ-કારોના ગ્રંથોમાં આલેખાય તેના કરતાં આ કટાક્ષચિત્રોમાં વધારે વેધકરીતે, વધારે ઘનીભૂત રૂપમાં તથા ટૂંકાણમાં મળી રહે છે. ઈંગ્લંડના વડા પ્રધાન ચર્ચિલે એક સ્થળે લાક્ષણિકરીતે કહ્યું છે કે 'હું ઇંગ્લંડનો ઇતિહાસ 'પંચ'નાં રાજકીય કટાક્ષચિત્રો દ્વારા શીખ્યો છું.

એ જ રીતે આપણે ત્યાં પણ દિલ્હીના 'હિંદુસ્તાન ટાઈમ્સ'માં સિલસિલાબંધ આવેલાં તથા ત્યાર પછી 'શંકર્સ વીકલી'માંનાં 'શંકર'નાં કાર્ટૂનોમાંથી, સ્વતંત્રતા મળ્યા પહેલાંના બ્રિટિશ યુગથી માંડીને છેક આજ સુધીનો આપણી લડતનો, સ્વરાજ્યપ્રાપ્તિનો અને સ્વરાજ્ય પછીની પરિસ્થિતિનો ઇતિહાસ જાણી શકીએ. યુરોપની આધુનિક ઐતિહાસિક તવારીખ પણ, એ જ પ્રકારે, જગવિખ્યાત કટાક્ષ-કલાકાર ડેવિડ લોનાં ૧૯૧૪થી આજ સુધીનાં કાર્ટૂનોમાંથી મળી રહે છે. એ પ્રકારના એના સંગ્રહો પણ બહાર પડ્યા છે. આમ, એક રીતે તો, રાજકીય કાર્ટૂનો એ ઐતિહાસિક દસ્તાવેજો જેવા છે.

જીવનના આનંદને સદા તાજો ને પ્રવાહિત રાખતાં **'ગૅગ કાર્ટૂન્સ'**-નો પ્રકાર જોકે છેક 'હિંદી પંચ'ના સમયથી ખેડાતો આવ્યો છે, અને આજે પણ સામયિક પત્રોમાં હાસ્યના ટુચકાની સાથે તે આવતાં થયા છે, છતાં પશ્ચિમને મુકાબલે એમાં આપણે હજી ઊણા છીએ. આખા દેશના મિજાજને પ્રફુલ્લિત રાખનાર અને નિર્દોષ હાસ્ય વડે જીવનને બહેલાવનાર આ પ્રકાર ઈંગ્લંડના જૂના ને પીઢ 'પંચે' શરૂ કર્યો, ને હજી યે તે એમાં મોખરે રહ્યું છે. એ જ રીતે અમેરિકામાં 'ન્યૂ યૉર્કર' રશિયામાં 'ક્રોકોડાઈલ' એમ દેશેદેશનાં હાસ્યપત્રો એ ખેડે છે.


પણ **કાર્ટૂન સ્ટ્રિપ**—(ચાર-પાંચ ચિત્રોની ક્રમિક માળા રૂપ પટ્ટી)નો પ્રકાર જેવો અમેરિકામાં ખીલ્યો છે તેવો કોઇ દેશમાં નથી.

ટંગડી ઊંચી: 'ચકોર'ની કૉમિક સ્ટ્રિપ 'હૂપાહૂપ' માંનું એક દૃષ્ટાંત. જેમાં સિંહને ખેંચવા જતાં હૂપાહૂપ પોતે જ ખેંચાઈ જાય છે.





હિંદુ સંસારમાં સ્ત્રીની કિંમત કેટલી છે તે દર્શાવનારું શ્રી રવિશંકર રાવળનું સામાજિક કાર્ટૂન. આધુનિક ગુજરાતી કલાના બધાં વિવિધ અંગોની પેઠે વ્યંગચિત્ર-કલામાં પણ શ્રી રાવળે 'અફલાતુન'ની સહીથી કાર્ટૂનો કરવાની પહેલ કરેલી.



સર સ્ટૅફર્ડ ક્રિપ્સે બ્રિટનનું અર્થકારણ મજબૂત કરવા 'પાઉન્ડનો મૂલ્ય ઘટાડો' કર્યો ત્યારે માત્ર પાઉન્ડની સંજ્ઞાનાં આ બે સાદાં આલેખનો વડે જ વિખ્યાત ચિત્રકાર 'વિકી'-એ તેનું સચોટ દર્શન કરાવ્યું હતું. પહેલાં જે ટટ્ટાર હતો તે બેવડ વળી નીચો નમી ગયો. મથાળાના ગોળાકારમાં સર સ્ટૅફર્ડનું મુખ.

ત્યાં તો એ રાષ્ટ્રનો જાણે એક ઉદ્યોગ હોય એવો બની ગયો છે. ત્યાં દર અઠવાડિયે દૈનિક પત્રોની સાથે પાનાં ભરીને તેનાં રંગીન ચિત્રો એટલા નિયમિત ને અનિવાર્યપણે નીકળે છે કે એ એક રાષ્ટ્રવ્યાપી વાચન બની ગયું છે, અને એમાં આવતાં પાત્રો પૈકી બ્લૉન્ડી, લિટલ કિંગ ને લીલ ઍબનર જેવાં પાત્રો તો ત્યાંના મોટા નેતાઓ ને રાષ્ટ્રપુરુષો કરતાં પણ વધુ લોકપ્રિય થયાં છે. એ રીતે આપણે ત્યાં 'ટાઇમ્સ ઑવ ઇંડિયા'માં પૉપ, 'બૉમ્બે ક્રૉનિકલ'માં મટ અને જેફ 'ફ્રી પ્રેસ જર્નલ'માં જ્યૉર્જ મૅકમૅનસની માળા 'બ્રિંગિંગ અપ ફાધર' વગેરેની




વરઘોડાની ગાડીનો એક ઘોડો બીજાને : ચાર હવે આ લગનગાળો પતે એટલે આપણે પણ ક્યાંક શાંતિથી પરણી નાખીએ (આચાર્ય).



'પ્રગતિ' (ચકોર): સ્ત્રીઓના સામાજિક દરજ્જામાં પ્રગતિ થયાનું મનાય છે, પણ કલાકાર કહે છે કે માત્ર ઉપરની ટાપટીપ સિવાય વસ્તુસ્થિતિમાં કાંઈ જ ફેર નથી પડયો. 'ડાબા પગનું ખાસડું' મનાતી સ્ત્રી હજીયે રોતી જ રહી છે. ફેર પડયો છે માત્ર ખાસડાના દેખાવમાં: પહેલાં જે ઓખાઈ જોડો હતો; તે હવે બૂટ બન્યો છે એટલું જ.





કૉમિક-સ્ટ્રિપમાં આવતાં કેટલાંક જગજાણીતાં પાત્રો : મથાળેથી (૧)ચિક યંગનાં કૌટુંબિક હાસ્યોનું જાણીતું પાત્ર 'બ્લૉન્ડી'; (૨) ચેસ્ટર ગૂલ્ડનું ડિટેક્ટિવ પાત્ર 'ડિક ટ્રેસી'; (૩) પૈસાદાર કુટુંબનાં ચેડાં આલેખતા જ્યૉર્જ મૅકમૅનસનું પાત્ર 'જિગ'–૧૯૧૩માં શરૂ થયું તે હજી ચાલે છે. (૪) બુદ્ધિના અવનવા ચમકાર લાવતું મિલર વૉટનું પાત્ર 'પૉપ'; (૫-૬) 'શંકર્સ વીકલી'નાં બાળ-તોફાનીઓ 'કાલુ ને મીના'; (૭-૮) ધૂમ હસાવવા માટે જ ઊભાં કરેલાં બડ ફિશરનાં 'મટ ને જેફ'; (૯)અમૃત બજાર પત્રિકાનું બોલ્યા વિના હસાવતું પાત્ર 'ખુરી'; (૧૦) રાજકારણમાં મઝા લાવતો અહમદનો હિંદુસ્તાન ટાઈમ્સમાંનો 'ચંદુ ધ ચોકીદાર'; (૧૧) ગુજરાતીમાં પટેલનું હમણા શરૂ થએલું પાત્ર 'દાસભાઇ'; (૧૨) શનિનું ખૂબ પ્રસિદ્ધ રમૂજી પાત્ર 'નથ્થુભાઇ'.

આવતી 'કૉમિક સ્ટ્રિપ' એ ઉપર્યુક્ત પરદેશોમાં ચાલતી સ્ટ્રિપો પૈકીની જ છે, અને ત્યાંથી નિયમિત આયાત થતી રહે છે. એના રીતસરના કૉન્ટ્રૅક્ટ થાય છે અને જે પત્રોને જે પાત્ર ગમે તે પોતાને માટે પસંદ કરી મંગાવે છે. એ રીતે 'પૉપ'ની સ્ટ્રિપ પાંચપંદર પત્રોમાં ચાલતી હોય છે. (આ ઉપર એવાં થોડાં પાત્રો આપ્યાં છે.)

'ઍનીમેટેડ કાર્ટૂન' તો આપણે ત્યાં હજી જન્મ્યાં જ નથી એમ કહીએ તો ચાલે. ટોળ ચિત્રો અને રમૂજી ચાડાંઓની પરંપરાને ચિત્ર-વિચિત્ર અવાજો સાથે હાલતીચાલતી કરી આપીને, સિનેમા ફિલ્મોની સાથોસાથ તેને લોકપ્રિય બનાવનાર વૉલ્ટ ડીઝની પોતાની એ પ્રતિભાથી જગતખ્યાત થઈ ગયો. ચાર્લી ચૅપલીન પછી જો કોઇએ સંસારવ્યાપી આનંદ આપ્યો હોય તો તે ડિઝની એ : ને તે માત્ર પીંછીની તાકાતથી.

વ્યંગ-કલાકાર કોઈ વ્યક્તિ કે વસ્તુના અંતરંગને જ્યારે બાહ્ય સપાટી પર લાવી છતી કરવાનો આનંદ આપે ત્યારે તે ઠઠ્ઠાનો આનંદ છે; તેની કોઇ ખામી તરફ આંગળી ચીંધીને હસાવે ત્યારે તે પરિહાસ છે; એ ખામી તરફ માત્ર આંગળી જ ન ચીંધતાં તેના તરફ એવી રીતે ધ્યાન ખેંચે કે તે વ્યક્તિ ગુસ્સે થઈ જાય, મગજનું સમતોલપણું ગુમાવે ને ચીસ પાડી ઊઠે ત્યારે વેધક કટાક્ષ છે; વસ્તુની આસપાસ એટલું બધું હસે કે તમને પણ ગલગલી થાય, તેની ને તમારી વચ્ચેનો ભેદ ભુલાઈ જાય અને તમારામાં તેને માટે લાગણી ઉત્પન્ન થાય ત્યારે તે અનુકંપા છે. આ જ સાચો વ્યંગ છે.


આમ, પોતાનાં વિવિધ અંગોથી દુનિયામાં આજે લોકપ્રિય થએલી વ્યંગચિત્રોની આ કલાના કલાકારોની આ અજબ શક્તિનો સ્રોત ક્યાં રહેલો હશે?–જે શક્તિ તેજાબ જેવા સડસડતા કટાક્ષ કરે છે, વેધક બાણ મારે છે, દુનિયાની અવળચંડાઇ અને આળવીતરાપણું એના હાથમાં લાવીને મૂકે છે, માનવજાતની મૂર્ખાઈ અને બાઘાઈને છતી કરી આપે છે અને આપણને દઝાડે છે, વીંધે છે, ગલગલિયાં કરાવે છે, મુસ્કહરાવે છે કે ખડખડાટ હસાવે છે. એ એની વિશિષ્ટ વેધક નજરમાં રહેલો છે. એ પણ એક પ્રકારની પ્રતિભા માગી લે છે. જોકે પરિશ્રમને પણ એમાં ભારોભાર સ્થાન છે. બીજી બધી કળાઓની માફક આ કળા પણ અભ્યાસ, ઉદ્યમ ને એકનિષ્ઠ ઉપાસના પર નિર્ભર છે. પણ ખરો આધાર તો કલાકારની જીવન પ્રત્યેની દૃષ્ટિ ઉપર રહેલો છે. કોઈ પણ રાષ્ટ્રની વ્યંગકલા પરથી—ત્યાંની હસવાની રીત પરથી ત્યાંનો માણસ કેવો હશે તે કહી શકાય. જગતનો મોટો વીર પુરુષ કે કુસ્તીબાજ ઘેર પત્ની આગળ બકરી જેવો થઇને વાસણ માંજતો હોય એ પ્રસંગમાં કેટલાકને પેટ પકડીને હસવું આવે, કેટલાકને તિરસ્કાર છૂટે.

વ્યંગ-ચિત્રકાર જગત 'પ્રત્યે' હસે છે તેમ જગતની 'જોડે' પણ હસે છે. પરંતુ અંતઃકરણથી તો તે માનવજાતનો પૂજારી હોય છે. તેનામાં કોઈ પ્રત્યે દ્વેષ કે ડંખ હોતો નથી. ડેવિડ લો કહે છે કે 'જેને હું ચીતરું છું તેના પ્રત્યે મને બીજાઓ કરતાં વધુ પ્રેમ થાય છે.' જગતનામી હાસ્યપાત્ર Lil Abnerનો ચીતરનારો Al Capp કહે છે કે હાસ્યનું મૂળ જો કરુણા ને માનવજાત પ્રત્યેના સમભાવમાં હોય તો જ તે ઊંચા પ્રકારનું હાસ્ય બની શકે છે. જગતમાં બદમાશો કરતાં મૂર્ખાઓની સંખ્યા વધારે છે, અને ભૂલો સુધારવા કરતાં એની એ ભૂલો વારંવાર કરવી એ જ માણસજાતની મોટામાં મોટી ભૂલ છે. એ પ્રત્યે સહાનુભૂતિથી, અનુકંપાથી, કરુણાથી જોઇ અંગુલિનિર્દેશ કરતો રહેતો કલાકાર ખરો તત્ત્વજ્ઞ છે. ને તેથી જ વિખ્યાત તત્ત્વજ્ઞાની હાંરી બર્ગસૉંએ આ કલાને શ્રેષ્ઠ અંજલિ આપી છે, જે આ લેખને મથાળે ટાંકી છે કે 'જગતભરમાં એ માનવતાની સર્વોત્કૃષ્ટ કલા છે, જેમાં માનવ આત્મા સૌથી સર્વોપરી સ્થાને છે.' **જયંતીલાલ પટેલ**

મોટાં આંતરડાં (અનુસંધાન પૃ. ૩૭૧થી) આંતરડાંને ટેવવવાનો છે. નાનપણમાં બાળકને સવારમાં જ હાજતે જવાની ટેવ પાડવી જોઇએ. મોટી ઉંમરે પણ આવી ટેવ ચોક્કસાઈથી ચીવટપૂર્વક પળાય તો આંતરડાં એકવાર મળશુદ્ધિ કરવા ટેવાઇ જશે. બીજા ઉપાયો તરીકે માંસાહારીઓએ વધુ પ્રમાણમાં શાકભાજી લેવાં જોઇએ. અન્નાહારીઓએ થૂલાવાળો હાથે દળેલો લોટ, હાથછડ ચોખા, વધુ પ્રમાણમાં પ્રવાહી ખોરાક અને પાણી લેવાની ટેવ પાડવી જોઇએ. દવામાં, આંતરડાંની કુદરતી ચિકાશ પૂરી પાડવા માટે પૅરૅફીન તેલ ઉપયોગી છે. કુદરતી ઉપચારોના હિમાયતી મહાત્મા ગાંધીજી કબજિયાત માટે ખેતરાઉ કાળી કે લાલ માટી ભીની કરી, કપડામાં લપેટી, રાતના સૂતી વખતે પેટ ઉપર બાંધવાનું સૂચવે છે. શરીરશ્રમ નહિ કરનારાઓ માટે પેટની કસરતો કે યોગાસનો કરવાં હિતાવહ છે.

કબજિયાતને લીધે મળ આંતરડાંમાં પડ્યો રહે છે. મળમાંના ન પચેલા પ્રોટીન પદાર્થોમાંથી સડાની ક્રિયાને લીધે વિષ પેદા થાય છે. આવી રીતે પચ્યા વગરનાં સ્ટાર્ચ અને ખાંડમાં આથો ચડવાથી વાયુઓ પેદા થાય છે. આ વિષ અને વાયુઓ આંતરડાંની શ્લેષ્મકળામાં શોષાઇને લોહીમાં દાખલ થાય છે. અને આ રીતે જાત-સડો (auto-intoxication) પેદા થાય છે. એ જાત-સડો પાચનક્રિયાને બગાડે છે. ને પછી તો આખા શરીરમાં અનેક જાતનાં ઝેરની વ્યાપક અસર જામે છે, જેના પરિણામે શરીરની શક્તિ તૂટે છે, રોગ-પ્રતિકારક શક્તિ હણાય છે અને શરીરમાં કોઇ ને કોઈ ઠેકાણે રોગ ઘર ઘાલે છે. આયુર્વેદનો તો સિદ્ધાંત છે કે सर्वेषांमेव रोगाणां निदानं कुपितं मलं ॥ બધા રોગોનું મૂળ કોપેલો મળ છે. પશ્ચિમના વૈદકશાસ્ત્રમાં પણ કબજિયાતને જ રોગોની જનેતા કહી છે. (ચાલુ)

હૅમલેટ



નિર્બંધિકા

લેખક બકુલ ત્રિપાઠી

અમે હમણાં જ એક નાટક વાંચ્યું. નામ છે એનું હૅમ્લેટ; લેખક છે કો'ક શેક્સ-પિયર; પ્રકાશકના નામવાળો ભાગ ફાટી ગયો છે; અને કિંમત લખી નથી.

આમ તો અમે શિષ્ટ સાહિત્ય સિવાય બીજું કાંઈ વાંચતા જ નથી. પણ આ તો અમારા એક વિદ્વાન મિત્રે આ લેખકનાં બીજાં એકબે નાટકો વાંચેલાં અને એ બન્નેમાંથી એમને કંઈક ને કંઈક શીખવાનું મળેલું, એટલે એમણે અમને આ નાટકની ભલામણ કરેલી. એ મિત્રને 'ઑથેલો' નામના નાટકમાંથી બોધ મળેલો કે છોકરીઓએ પોતાના રૂમાલ રખડતા મૂકવા નહિ અને 'વેનીસનો વેપારી' નાટકે એમણે ભણેલી છોકરી પરણવાના લાભ સમજાવેલા. એટલે આ હૅમ્લેટમાંથી યે એમની જેમ કંઈક સાર ગ્રહણ કરવાનો હશે એ આશાએ અમે અમારા સ્વભાવ વિરુદ્ધ જઈને ય આખું નાટક વાંચી ગયા.

ઠીક છે; નાટક સારું છે. ડેન્માર્કનો કો'ક હૅમ્લેટ નામે રાજકુંવર છે; ને એને પોતાના સગા બાપનું ભૂત દેખાય છે; ને એના ઓરમાન બાપ સામે એ ચિડાય છે ને ગાંડો થઇ જાય છે; ને એની પ્રિયતમા યે ગાંડી થઈ જાય છે; ને પછી વારાફરતી રાજા, રાણી, કુંવર, મંત્રી, મંત્રીનો પુત્ર, પુત્રી બધાં જ સ્વર્ગે જાય છે. આમ, પ્લૉટ તો જાણે સારો છે:

પણ એ સારો છે એટલે જ અમને વહેમ પડયો કે નક્કી એ બીજે ક્યાંકથી ઉઠાવ્યો હોવો જોઈએ. કંઈ પણ સારું લખાણ જોઈએ છીએ એટલે તરત અમને એની મૌલિકતા વિષે વહેમ પડયા વિના રહેતો નથી. સાચું પૂછો તો દરેક સાહિત્યકૃતિ વાંચવા પાછળનો અમારો એક ઉદ્દેશ કોણે ક્યાંથી શું ઉઠાવ્યું છે એ પકડવાનો જ હોય છે. અને એ ઉદ્દેશ આ નાટક પૂરતો તો સફળ પણ નીવડયો છે, કારણ કે અમે શેક્સપિયરે કરેલી એક અદ્ભુત ઉઠાંતરી શોધી શક્યા છીએ.

ઘણા વખત પહેલાં કોઇ ખટાક–ભાંગવાડી થીએટરમાં અમે એક હિંદી–ઉર્દૂ નાટક જોએલું. એ નાટકનું નામ 'ખૂનકા બદલા ખૂન' યાને બીજું કંઈક યાદ નથી એ. અને શેક્સપિયરનું હૅમ્લેટ એ પેલા 'ખૂનકા બદલા ખૂન'નું સીધું રૂપાંતર જ છે! ખરું જોવાનું તો એ છે કે શેક્સપિયરે કોઈ જગ્યાએ મૂળ ઉર્દૂ નાટકનો ઉલ્લેખ સુદ્ધાં કર્યો નથી, ને મૌલિકને નામે જ પોતાનું રેડવ્યુ છે. આ વસ્તુ ખૂબ શરમજનક કહેવાય. અમને ચિંતા એ થાય છે કે આપણા સાહિત્યકારો નીતિનો મહિમા ક્યારે સમજશે? હા, એટલું કબૂલ કર્યા વિના છૂટકો નથી કે મૂળ નાટકમાં આવતી અદ્ભુત ખેલબાજી અને રાજારાણી તથા હૅમ્લેટ અને એની પ્રિયતમાનાં ડયુએટ્સ શેક્સપિયરે ઉઠાવ્યાં નથી. પણ એથી કંઇ એની જવાબદારી ઓછી નથી થતી.

આમ, નાટકનું વસ્તુ તો તફડાવેલું છે જ; પણ, માનશો? ક્યારેક તો આખાં ને આખાં વાક્યો પણ બીજેથી લઈને જ મૂકી દીધાં છે! દાખલા તરીકે વચ્ચે એકવાર મંત્રી પોતાના પુત્રને થોડી શિખામણો આપે છે, એમાંની ઘણીખરી તો અમે ભણી ગએલા એ અંગ્રેજી ચોથી-પાંચમીના ગ્રામરમાં અક્ષરશઃ આવતી હતી. Frailty, thy name is woman જેવાં અનેક વાક્યો એ ગ્રામરના 'ફીગર્સ ઑવ સ્પીચ'-ના પાઠમાંથી લીધાં છે. અને give every man thy ear એ વાક્ય તો સીધું મૅટ્રિકના અંગ્રેજીના પેપરમાંથી જ ઉઠાવ્યું છે! આટલી હદ સુધી લેખક ચોરી કરી શકે છે એ જાણીને નવાઈ ઉપજે છે. પણ છતાં અમે આ વાત ન ગણકારતાં આગળ ચલાવ્યું.

'હૅમ્લેટ'નું સૌથી સુંદર અંગ તો એનો અંત છે. એનું કારણ શું, ખબર છે? કારણ એ જ કે નાટકનાં લગભગ બધાં જ પાત્રો મૃત્યુ પામે છે. અને મૃત્યુ પામે છે એ તો ઠીક, પણ પૂરતી વિવિધતાપૂર્વક મૃત્યુ પામે છે. લેખક માટે આ સિદ્ધિ કંઈ નાનીસૂની ન કહેવાય. આનું મહત્ત્વ સમજવા અમારો એક અનુભવ જાણવો જરૂરી છે.

વાત એમ બનેલી કે અમે ભૂતકાળમાં એક નવલકથા લખેલી. (હા, અમે સર્જનાત્મક લખાણ પર પણ વખતોવખત હાથ અજમાવીએ છીએ.) એ નવલનાં સાડત્રીસ પ્રકરણ તો અમે લખી નાખ્યાં, પણ પછી એક ભયંકર મુશ્કેલી આવી પડી. થયું એવું કે એકે પાત્ર અમારા કહ્યામાં જ ન રહ્યું. અમને સમજાતું જ નહોતું કે કોને કોની જોડે પરણાવવું; કારણ કે બધાંને બધાંની જોડે પરણવું હતું! હવે શું થાય? છેવટે અમે એક ઉપાય શોધી કાઢયો અને નક્કી કર્યું કે નવલકથાને કરુણ બનાવવાને જોખમે પણ બધાં જ પાત્રોનું મૃત્યુ નિપજાવી દેવું, એટલે આપણે ચિંતા જ નહીં. પણ આહાહા, એટલું કરતાં પહેલાં અમને એવું તો મનોમંથન થએલું કે વાત ન પૂછો. અને નિર્ણય લીધા પછી એ ચારપાંચ જણનો અંત કેવી રીતે લાવવો એ સવાલે અમને મૂંઝવ્યા. એટલે છેવટે છેલ્લા પ્રકરણમાં બધાં પાત્રો એક ટ્રેનમાં બેસીને જતાં હતાં ત્યારે ટ્રેન ઉથલી પડવાને લીધે બધાંનું શોકજનક અવસાન થયું એમ જાહેર કરી અમે નવલકથા પૂરી કરી.

એટલે અમારા આ અનુભવને લીધે જ અમે શેક્સપિયરની આ કલાની કદર કરી શકીએ છીએ. એણે પણ ઠંડે કલેજે અમારી જેમ જ બધાં પાત્રોનું મૃત્યુ નિપજાવીને રસજમાવટ કરી છે. પણ તે કેટકેટલી વિવિધ રીતે! 'હૅમ્લેટ'ના પિતા કાનમાં ઝેર રેડવાથી મૃત્યુ પામે છે; એની પ્રિયતમા ડૂબીને, મંત્રી તલવારથી (ભૂલમાં), રાજા પણ તલવારથી (જાણી જોઇને), હૅમ્લેટ તલવારનું ઝેર ચડવાથી, રાણી ઝેરી શરબત પીવાથી,—એમ સૌ વિવિધ રીતે, સ્વભાવિક રીતે મરે છે. પાત્રોને મારવાની લેખકની આ કુશળતા માટે અમારાં હાર્દિક અભિનંદન! ફરીથી કહેવું જોઇએ કે અમારા જેવા સર્જનાત્મક લેખનના અનુભવી જ આ બાબતમાં શેક્સપિયરની સાચી કદર કરી શકશે.

આ થઈ નાટકની પહેલી ખૂબી. એની બીજી ખૂબી એ છે કે એ નાટકમાં યે પાછું નાટક આવે છે. એક વિદ્વાન એમ કહેતા હતા કે આ અંદરનું નાનું નાટક તો રાજકુમારે રાજાની દાનતની પરીક્ષા કરવા ગોઠવ્યું હતું. પણ અમારું માનવું એ છે કે ટિકિટના પૈસા ખર્ચીને હૅમ્લેટ જોવા જનારને એક નાટકની ટિકિટમાં બે નાટક જોવાનો સંતોષ મળી શકે એ હેતુથી જ શેક્સપિયરે આવી યોજના કરી છે. એની ભૂલ ફક્ત એટલી જ છે કે આપણાં નાટકો—ને ખાસ કરીને ફિલ્મો—ની

જેમ એણે વચ્ચે એકાદ નૃત્ય નથી ગોઠવ્યું. એવું કંઈક ગોઠવ્યું હોત તો 'હૅમ્લેટ' નાટકના આકર્ષણમાં ઓર વધારો થાત. બસ, એ...ય ને રણઝણ રણઝણ નૃત્ય ચાલતું હોય, ઘૂઘરીઓ ઘમકતી હોય, સંગીત જામ્યું હોય અને પ્રેક્ષકો પણ પગના તાલે ડોલી રહ્યા હોય, તે વખતે રાજા 'બંધ કરો આ નૃત્ય' એમ કહી ઊઠે એ કેટલું સરસ લાગે! 'ટૅબ્લૉ'યે કેવો સરસ જામે! પણ શેક્સપિયરને બીચારાને આપણા જેટલું રંગભૂમિનું જ્ઞાન જ નહિ હોય ને! નહિ તો નાટકને આકર્ષક બનાવવાની આવી સરસ તક કોઈ ગુમાવે?

હવે આપણી આગળ એક બીજો પ્રશ્ન આવે છે. હૅમ્લેટ 'ટ્રૅજેડી' છે કે 'કૉમેડી'? ધારો કે અમારું આ વિવરણ વાંચીને કોઇને હૅમ્લેટ વાંચવાનું મન થાય અને નાટક સુખાંત છે કે કરુણાંત એ અમે જાહેર ન કર્યું હોય તો, વાંચતાંવાંચતાં હસવું કે રડવું એ વાચક કેવી રીતે નક્કી કરી શકે? એટલે આ પ્રશ્નનો ફેંસલ લાવ્યા વિના છૂટકો જ નથી.

અમે તો માનીએ છીએ કે જો અમુક સાહિત્યકૃતિનો આખો ય પ્રસંગ કોઈના લગ્ન પહેલાં બનતો હોય ને છેલ્લે લગ્ન આવતું હોય તો એને સુખાંત ગણવી; અને એથી ઊંધું જો બધું ય લગ્ન પછી થતું હોય ને અંતે નાયક-નાયિકા કુંવારાં જ રહી જતાં હોય તો કૃતિને કરુણાંત ગણવી. આ દૃષ્ટિએ રાજારાણીનાં લગ્ન પછી આ નાટકના બધા પ્રસંગો બનતા હોવાથી એને કરુણ માનવાનું કારણ મળે છે.

આ ઉપરાંત કેટલાક એમ માનશે કે આ નાટકનાં ઘણાંખરાં પાત્રો અંતે મરી જતાં હોવાથી એને કરુણાંત ગણવું. પણ અમને લાગે છે કે આ વિચારસરણી ખોટી છે. કારણ મૃત્યુ એ તો મહોત્સવ છે, એ તો નવજીવનનો આરંભ છે, એ તો સુધામય અમૃતત્વથી અમી ભરેલો કટોરો છે, એ તો સ્વર્ગનું... ટૂંકમાં મૃત્યુને કારણે નાટકને કરુણાંત ગણવું એ ઠીક નથી.

તો પછી ખરું શું? હૅમ્લેટ 'ટ્રૅજેડી' છે કે 'કૉમેડી'?

અમારું તો માનવું એ છે કે શેક્સપિયરે આ નાટકને પ્રહસન જ બનાવવા ધાર્યું છે. નાટકના મુખ્ય પાત્ર હૅમ્લેટને ખૂબ 'કૉમિક' બનાવવાનો લેખકે પ્રયત્ન કર્યો છે. ગાંડા માણસોને જોઇને લોકો હસે છે એટલે શેક્સપિયરે હૅમ્લેટને ગાંડો બનાવ્યો છે.* પ્રેક્ષકોને પૂરતું મનોરંજન મળી રહે એ હેતુથી બીજાં પાત્રો પાસે પણ લેખકે ઘણું ગાંડુંઘેલું બોલાવ્યું છે. નાટકમાં આવતા નાટકના ઍકટર્સ પાસે જૂની રંગભૂમિની રમૂજી નકલ કરાવીને પણ શેક્સપિયરે રમૂજી વાતાવરણ જમાવવા પ્રયત્ન કર્યો છે. અને આટલું ઓછું હોય એમ, છેલ્લે, હૅમ્લેટની પ્રિયતમાને પણ એણે સ્ટેજ પર ખૂબ હસાવી છે: એ હેતુથી કે કંઇ નહિ તો એને વાદે ય પ્રેક્ષકો હસે.

પણ અમને કહેતાં ખૂબ દિલગીરી થાય છે, અત્યંત રંજ થાય છે, કે શેક્સપિયરમાં હાસ્યસર્જનની જરા પણ શક્તિ નથી. નાટકને ખૂબ પ્રયત્નો છતાં એ પ્રહસન ન બનાવી શક્યા ત્યારે છેવટે પોતાની અશક્તિ સમજી જઇને પાત્રોને મારી નાખીને અને મથાળા ઉપર 'એક કરુણાંત નાટક' એમ જણાવીને, પોતે કૉમેડી નહિ પણ ટ્રૅજેડી લખતા હતા એમ સાબિત કરવા એમણે પ્રયત્ન કર્યો છે. પરંતુ એથી એમની હાસ્યકાર તરીકેની અશક્તિ તો છૂપી નથી જ રહેતી. અમને શોક તો એ થાય છે કે શેક્સપિયરે પ્રહસન લખવાને બદલે કરુણ નાટકો પર હાથ અજમાવ્યો હોત તો કેટલું સારું થાત! એથી એમને કીર્તિ પણ કેટલી બધી મળત?

*કેટલાક એમ કહે છે કે શેક્સપિયરે દર ખેલે બે કૉમ્પ્લીમેન્ટરી પાસ લેવાની શરતે ગાંડાઓની ઇસ્પિતાલ માટે ફાળો ઉઘરાવનારાઓને ભજવવા માટે આ નાટક લખ્યું હતું. અને એમાં ગાંડાઓની સ્થિતિનું દર્શન થાય એ ઉદ્દેશથી હૅમ્લેટને, એની પ્રિયાને વગેરેને એણે ગાંડાં બનાવ્યાં છે. એટલું જ નહિ, હૅમ્લેટના પાત્રાલેખન દ્વારા વિવેચકોને મૂંઝવી એમને ગાંડા બનાવવાની પણ દાનત હતી, જે, કેટલાકના મતે, સફળ પણ થઈ છે. પણ અમે આ વાત માનતા નથી.

ઠીક; તો હવે મુખ્ય વાત પર આવીએ. 'હૅમ્લેટ'માંથી આપણને શું શીખવાનું મળે છે? એનો કંઇ બોધ છે ખરો? છે, તો શો છે? સાચા સાહિત્યનું લક્ષણ જ એ છે કે એમાંથી વાચકને કંઇક શીખવાનું મળે; કારણ કે માત્ર આનંદ તો દાદા-કેરીના કચુંબરથી પણ મળે છે. જો સાહિત્ય પણ ફક્ત આનંદ જ આપવા માટે હોય તો એના કરતાં કચુંબર શું ખોટું?

પરંતુ શેક્સપિયર, આપણા અને એના સદ્ભાગ્યે, આ વાત સમજતો હોય એમ લાગે છે. કારણ કે હૅમ્લેટમાંથી આપણને ઘણું શીખવાનું મળે છે. મુખ્યત્વે તો બહુ વિચાર કરવાથી કોઈ દિવસ ફાયદો થતો નથી એ સાર આ નાટકમાંથી ગ્રહણ કરવા જેવો છે. હૅમ્લેટે વિચાર કરવાને બદલે ખાઈપી લગન કરીને લહેર કરી હોત તો એ કેટલો બધો સુખી થાત? આજકાલ કેટલાક લોકો એકબીજાને વાંચવા-વિચારવાનો આગ્રહ કરતા થઈ ગયા છે. બુદ્ધિ કસવી એને જ ઘણા જીવનનું ધ્યેય માનતા થઈ ગયા છે. 'હૅમ્લેટ' નાટક દ્વારા શેક્સપિયર આપણને આવાઓની દુષ્ટ શીખવણીથી દૂર રાખી બહુ વિચાર કરવાની નિરર્થકતા સમજાવે છે.

યુવાનોએ આ નાટકમાંથી, રાત્રે ભાઇબંધો જોડે રખડવા નહિ નીકળવાનો બોધ લેવા જેવો છે. રાત્રે રખડતાં જ હૅમ્લેટને ભૂત વળગેલું ને એનું ખસી ગયું હતું. આ ઉપરાંત નાટકચેટકની અસર તળે માણસ પોતાના (નવા) પિતાનું ખૂન કરવા કેવીરીતે તૈયાર થાય છે એ બતાવીને લેખકે અણસમજુ યુવાનોને બહુ નાટકો ન જોવાનો બોધ પણ આપ્યો છે. શેક્સપિયરની આ ઉપદેશપ્રિયતા જોઈ અમારા જેવા સૌ નીતિપ્રેમી ભાઇઓને આનંદ થશે એવી અમને શ્રદ્ધા છે. અમારા ધારવા મુજબ એણે આ ઉપરાંત નીતિભક્તિનાં ભજનો પર પણ હાથ અજમાવ્યો હોય તો નવાઈ નહિ. જાણકારો આ પરત્વે પ્રકાશ ફેંકશે?

આ બધાં છતાં અમને નાટકમાં ન ગમી હોય તો એક જ વસ્તુ. એ વસ્તુ તે એ કે વિધવાઓએ પુનર્લગ્નો ન કરવાં જોઇએ એવું લેખક માનતા લાગે છે. હૅમ્લેટ પોતે પણ માનતો હતો કે વિધવાઓએ ઓછામાં ઓછું એક વર્ષ તો ખૂણો પાળવો જ જોઇએ. એના જેવા ભણેલાગણેલા યુવાન માટે આવી પ્રત્યાઘાતી વિચારસરણી ખૂબ શરમજનક કહેવાય. અને અહીં તો હૅમ્લેટની માતાએ ખાસ, ઘરમાં લગ્નપ્રસંગ લાવી હૅમ્લેટને આનંદમાં લાવવા જ લગ્ન કર્યું હતું. છતાં, મૂર્ખ હૅમ્લેટ એની માતાના આત્મ-ભોગની કદર નથી કરી શક્યો એ બીના ખૂબ દુઃખદ છે. છેવટે એનો હૃદયપલટો થયો એવું યે જો બતાવ્યું હોત તો પણ ચાલી જાત. પણ કમનસીબ હૅમ્લેટની માતાનું કે અમારા સિવાય કોઇ જ એની કદર કરનારું નથી નીકળ્યું.

અંતે હવે એક જ સૂચના. અમને હમણાં જ યાદ આવ્યું કે આખું ય 'હૅમ્લેટ' નાટક અંગ્રેજી ભાષામાં–પર ભાષામાં–લખાયું છે. આવું શા માટે? ગુજરાતી કે હિંદી સામે આવો પૂર્વગ્રહ શા માટે? હવે આપણો દેશ આઝાદ થયો છે એ જોતાં પોતાનું ગુલામી માનસ ત્યજી સૌ લેખકો ગુજરાતીમાં જ લખવાનો આગ્રહ રાખે તો ઠીક, એટલું કહી અમે વિરમીએ છીએ.

ટિકિટસંગ્રહ

એ સંસારવ્યાપી શૉખની માહિતી આપતો વિભાગ

આ વર્ષે નવી ટિકિટો કાઢનારા દેશો પૈકી થોડાક અગત્યના ગણાવીએ તો: નૉર્વેએ તેના પ્રખ્યાત લેખક આર્ને ગાર્બોર્ગની જન્મજયંતીના સ્મરણમાં; ઈટાલીએ પોતાને ત્યાં ટસ્કનીની ગ્રાન્ડ ડચી તરફથી પહેલવહેલી છપાએલી ટિકિટોની શતાબ્દી નિમિત્તે; પોપનગરી વૅટિકને એક ધાર્મિક વિધિના સ્મરણમાં; બ્રિટને પોતાના શતાબ્દી મહોત્સવ–મેળાની યાદમાં; હિંદી-ચીનના વિયેટનામ, કૅમ્બોડિયા અને લાઑસ રાજ્યોએ, અને સ્વીડને, તેમજ ચેકોસ્લોવાકિયાએ પોતાને ત્યાંના વિવિધ પ્રસંગોના સ્મરણમાં કાઢેલી ટિકિટો, એટલી મુખ્ય છે. એ પૈકી એક સ્વીડનની તેમજ બીજી ચેકોસ્લોવાકિયાની થોડી ટિકિટો આ સાથે આપી છે.

ટિકિટોના આંતરરાષ્ટ્રીય સંઘ 'ઈન્ટરનૅશનલ પોસ્ટલ યૂનિયને' અમુક અમુક વ્યવહાર માટેની તથા કિંમતની ટિકિટો સારુ અમુક જ રંગો નિશ્ચિત કરેલા છે, અને બધા દેશોએ તે જ પ્રમાણે રંગો રાખવાના હોય છે. બ્રિટનની અમુક ટિકિટો આ યોજનાનુસાર ન હતી. પણ હમણાં પોતાને ત્યાંના 'ફેસ્ટીવલ ઑવ બ્રિટન'ના મહોત્સવ નિમિત્તે તેણે ચાલુ કરતાં બેવડા કદની મોટી ટિકિટો કાઢી એ પ્રસંગે આ રંગનો ફેરફાર પણ સાથોસાથ કરી લઈને તે બીજા દેશોની હારમાં આવી ગયું છે.

ટિકિટસંગ્રહને માટેનો અંગ્રેજી શબ્દ 'ફિલેટલી' (philately) છે. એ કેમ ઉદ્ભવ્યો? ઇ. ૧૮૬૫માં ગ્રીક ધાતુ ઉપરથી તે બનાવવામાં આવ્યો. ગ્રીક ભાષામાં Philos એટલે પ્રેમ; a નો અર્થ 'રહિત' અથવા 'વગરનું'; અને telein એટલે ટૅક્સ—વેરો નાખવો તે. ટિકિટો શોધાઈ તે પહેલાંની ટપાલવ્યવસ્થામાં યોજના એવી હતી કે ટપાલી જેને કાગળ પહોંચાડે તેની પાસેથી મહેનતાણાના પૈસા લઇને તેને એ કાગળ આપે. આમ, કાગળના મેળવનારે તેના પૈસા આપવા પડતા. ટિકિટની વ્યવસ્થા થયા પછી કાગળ મેળવનારને એવા કાઇ પણ જાતના ભરણાવેરા—ટૅક્સ વિના કાગળ મળી જાય છે, તે પરથી એ શબ્દ યોજાયો.























મથાળાની હારની પહેલી (નાની) ટિકિટ સ્વીડનની એક વિશિષ્ટ સ્મારક-ટિકિટ છે. ઈ. ૧૮૪૮માં અમેરિકાના મધ્ય પ્રદેશમાં સ્વીડ વસાહતીઓ જંગી સંખ્યામાં ત્યાં જઈ વસેલા: લગભગ સવા દસ લાખ! એ પ્રસંગને ૧૯૪૮માં સો વર્ષ થયાં તેને અનુલક્ષીને સ્વીડને મોટો મહોત્સવ ઊજવેલો, કેમકે મધ્ય અમેરિકાના વિકાસમાં સ્વીડ પ્રજાએ મોટો ફાળો પુરાવ્યો છે, શરૂમાં તો તેઓ ખેતી કરતા, પણ આજે તો ધંધા-રોજગારનું પ્રત્યેક ક્ષેત્ર તેમણે આવરી લીધું છે. આ ટિકિટમાં આગલા ભાગમાં એક સ્વીડ ખેડૂત હળ ચલાવતો દર્શાવ્યો છે અને તેની ભૂમિકામાં ડાબી બાજુ ખેતરમાંની ઝૂંપડી તથા જમણી બાજુ અમેરિકન ગગનચુંબી સ્કાઈ સ્ક્રેપર છે તે એ વિકાસનું દ્યોતક છે.

તે પછીની બધી ટિકિટો ચેકોસ્લોવાકિયાની છે. તેમાં મથાળાની હારની છેલ્લી બે એ દેશમાં સામ્યવાદની સ્થાપનાની ૩૦ વર્ષની ઊજવણીની ટિકિટો છે. તે પૈકી પહેલીમાં આનંદિત એક પ્રજાજન સાથે રશિયન સૈનિક, અને બીજીમાં, અગાઉના પીડિત પ્રજાજનને મુકાબલે આજનો ખડતલ એક બતાવ્યો છે. બીજી હારમાંની પહેલી બે ટિકિટો પર બે એક સંગીતકારોની છબિઓ છે. એ હારની છેલ્લી ને ત્રીજી હારની ત્રણ મળીને ચાર ટિકિટો ગયા જૂનમાં ચેકોસ્લોવાકિયાની જગવિખ્યાત રમત-વ્યાયામ-સંસ્થા 'સોકોલ'ના ઉત્સવ નિમિત્તે બહાર પડી છે, જે પર રિંગ બાર, સ્કેટિંગ, સ્કીઇંગ, તથા ફુટબોલની રમતોનાં આલેખન છે. છેલ્લી હારની બંને ટિકિટો એક મુક્તિદિનના સ્મરણની છે.

ચન્દ્રવદન ચીમનલાલ મહેતાની આપકથા



હવે આવે છે વિલાસની વાત. સંજોગ, નસીબ ને મનની નબળાઈ એ જીવનને કેવે ખરાએ ચડાવી દે છે, એ પણ જાણવા જેવી સંસારની લીલા છે. આ માટે અગાઉની થોડી હકીકત ટૂંકમાં જોઈ લઇએ.

બહુ આગળ ઉપર આપણે વલંદાવાડમાં ગયા હતા. સુરતનો ધક્કો–યા ડક્કા, ત્યાંથી સીધા ગામમાં જવાના રસ્તા પર, હવે જે દેસાઇ પોળ કહેવાય છે ત્યાં, મારો જન્મ થએલો. એની પાછળની શેરીમાં, એ જ કોમેડોર કુટુંબમાં બીજી શાખામાં (કહે છે કે ગોત્રજ ન લાગે અને પિતરાઈ પણ ન થાય એવા કુટુંબમાં) મારી પછી લગભગ ૬–૭ વર્ષે વિલાસ કોમેડોર જન્મ્યાં હતાં.

છોકરી ગોરી, ભારેની શરમાળ અને કહ્યાગરી હતી. ન્યાતના મેળાવડામાં આપણે જરા વારંવાર ચાલાકી-ચબરાકી બતાવેલી અને એકલા ગામમાં એરંડો પ્રધાન જેવા એટલે ઍક્ટિંગમાં એક્કા, એથી ઉમરલાયક છોકરીઓનાં માબાપોની આંખે ચડી ગયા હતા.

‘ઉમરલાયક’ એટલે શું ધારો છો? બારતેર વરસની છોકરી થઇ કે ઠેકાણે પાડવાના મનસૂબા શરૂ થઇ જ જાય. તે પછી, વાત જરા ખાનગી રાખે, ચોળીને ચીકણી ન કરે એવાં ‘ડીપ્લોમૅટિક રીલેશન’-વાળાં નજીકનાં સગામાંનાં કોઇ ખંધાં ડોસાડોસીઓમાંથી ઘટિત નિમણૂક થાય અને એની મારફત માગાં ચાલે. તે પછીનો તબક્કો જન્માક્ષરોનો આવે. કોઈ ગલી-શેરીમાંના જોષીના ઘરમાં એ છોકરા-છોકરીના ગ્રહો અથડાય; શનિ-મંગળથી પાઘડી ઘાટડી વરતાય; બેના સ્વભાવનો મેળ ત્યાં જ ગોઠવાય; અને આખરે બેચાર મસલતો પછી ગોળધાણાનું નક્કી થઈ જાય, નહિ તો વાત ઊડી જાય. લગન કરતાં પણ આ વિવાહ વેતરવો ભારે. લગનમાં તો પાટે ચડેલી ગાડીને માળે પાડવાની; પણ વિવાહમાં તો ગાડીના પાટા જ નાખવાના. ભારેનું અઘરું કામ. બાર વાંધા ને તેર સાંધા. જરા વાત ચોળાઇ તો અદેખાઓના વિઘ્નસંતોષી ઓળા આડા આવવા માંડે. છોકરા કે છોકરીને ‘ખઇ’-નો રોગ શરૂ થઇ જાય, પૈસાનો ગલ્લો ખાલી થઈ જવાની વાત વહેતી મૂકાય, કાનભંભેરણીથી માંડી ચાડીચુગલી સુધીના કીડા ખદબદે, ને અંતે વાત ચુંથાઇ જાય! મઝા તો એ કે ઘણી વાર આ સટરપટર ને ઘુસપુસનો છોકરા-છોકરીને તો કશો અણસારો યે ન આવે.

મારા વિવાહ તો હું છઠ્ઠા ધોરણમાં હતો ત્યારે જ થઇ ગએલા, ‘લગભગ નક્કી’ તો તે પહેલાંનું થઈ ગએલું. ઉમર હશે, સાહેબ, હમારી ત્યારે સત્તર-અઢારની; અને ભાવિ પત્નીની બાર-તેરની!

મારાં માબાપ તો ત્યારે દૂર, ગંગાપુરમાં. એમને તો ખાસ ખબર પણ નહિ. સાધારણરીતે તો છોકરીવાળા માગું કરે, એટલે જન્માક્ષરો એ લોકો જ જોષીને ત્યાં લઇ જાય. અને સાંભળ્યું હતું કે અમારા જન્માક્ષર તો મળ્યા હતા. હશે; ત્યારે મળ્યા હશે. પણ ત્યારબાદ પચ્ચીસેક વરસથી મેં કડીતોડ ગણતરીબાજોથી માંડીને ભલભલા જોષીઓના હાથમાં મારા જન્માક્ષર મૂકયા છે: મુંબાઈ, અમદાવાદ, સુરત, વડોદરા, દિલ્હી, બનારસ, મદ્રાસ, કલકત્તા, જયપુર, ઉદેપુર, ઉજ્જૈન, ઇંદોર ને નેપાળ ઉપરાંત આસામના જોષી સુદ્ધાંને નાણી જોયા છે. એમાં કોઇએ મારું લગ્ન સુખી થાય, યા મને લગ્નસુખ હોવાનું કહ્યું નથી. બધા જ કહે: ‘બધું ખરું, પણ સાતમા ઘરમાં ભમરડો!’

આપને પણ જો રસ હોય કદાચ, તો કૃપા કરી જરા જુઓની: મીન લગ્ન; અને ત્યાં શુક્ર રવિ ૧૮ તથા ૨૩ અંશના; સાતમાનો અધિપતિ ૨૭ અંશનો બુધ કુંભનો થઇને બારમે બેઠો; આ સાતમા ઘર પર પાંચમે પડેલા મંગળની અને દસમે રહેલા શનિની દૃષ્ટિ! શું થાય?! સારું છે કે શનિ સાથે ધનનો ગુરુ ૨૧ અંશનો; બાકી આઠમા ખાડામાં તુલાનો ચન્દ્ર અને નવમે વૃશ્ચિકનો રાહુ; એકંદરે સાતમા ઘરની ખાનાખરાબી! કહેનારાઓએ ‘દ્વિભાર્યાયોગ’ પણ બતાવ્યો હતો; કોઇએ ઘરસંસારના સુખનો ભંગ તારવ્યો હતો. હા, પહેલા ઘરમાં મીનમાં શુક્ર, એટલે જાતક કદાચ સ્ત્રીઓનો વહાલો થાય, પણ સાથે સૂર્ય એટલે સુખનાં તો ફાંફાં જ!

પણ કોઈ ગોઝારા જોષીના ઘરમાં અમારા ગ્રહોએ બેએક દાયકા સોગટાંબાજી રમી લેવાની સંતલસ કરી લીધી, અને વિવાહ થયા! ઈશ્વરને હાજર રાખી કહું છું, અને હજી નવનીત મહેતા જેવા કંઈક સાક્ષીઓ હાજર છે તેઓ કબૂલશે, કે ન્યાતને ચોપડે જે દિવસે વિવાહ લખાયો–નોંધાયો તે દિવસે મને કશાની ખબર નહોતી. કેટલાક દિવસો સુધી આ કેમ ખાનગી રાખ્યું હશે, એનું હજી પણ મારી જાણમાં કારણ નથી. કદાચને એ ગ્રહોને લીધે જ, એકાદ તૂટભંડોળિયા ચોપડામાં બે નામો લખી નાખે, એટલે વિવાહ થઇ જાય, એ ધન્ય પ્રસંગ એમ ગુપ્તરીતે જ ઘડાવા સરજાયો હશે. આમ પહેલો પાટો જ આડો જડાયો અને મારા મનમાં ખટકો પડી ગયો.

ન્યાતનો વિવાહનો ચોપડો એટલે બાઈબલ, ચૅપ્ટર, નંબર અને વર્સ!—ના, ચિત્રગુપ્તનો ચોપડો, વિધાતાની નોંધપોથી, છઠ્ઠીના લેખ! એમાં મારેલી મેખની એક રેખ સરખી ફરે નહિ! ફેરવવા જાય, યા કોઇ એમ વિવાહ ફોક કરે તો પંચ પૂછે. અને પંચ પૂછે એને પરમેશ્વર પૂછે! અને પંચ રૂપી એ પરમેશ્વર ધારે તે દંડ કરી શકે: ન્યાત બહાર પણ મૂકી શકે કે જમણવાર પણ લઈ શકે.

એ વેળા ક્વચિત્ મામાજીને ત્યાં સુરતમાં ન્યાતની ‘બુક લોન સિસ્ટમની કેળવણી કમિટી’ મળતી, એમાં પાંચ પટેલિયાને જોયા હતા. મારા બાપુજીને ન્યાતવરાની પહેલેથી સૂગ, એટલે જ્યારે મારી ચારમાંથી બે બહેનો પરણી ત્યારે ન્યાતવરાના રૂપિયા જમણવારમાં નહિ આપતાં ન્યાતના કેળવણીફંડમાં આપી દીધા હતા, અને આ ફંડમાંથી નિશાળમાં ભણવાની ચોપડીઓ ન્યાતના વિદ્યાર્થીઓને મફત અપાતી. પણ એ કંઇ ‘સારો રસ્તો’ નહોતો ગણાયો. અને ‘ચિમન મહેતા, પૂરી પાંચ પણ ચોપડી ભણેલા નહિ તે વળી કઇ વાડીનો મૂળો તે કેળવણીની વાતો કરે’ એમ કહી પંચ ગુસ્સો કરતું!

પંચના મુખી પટેલિયાઓ બબડતા: ‘સાલ્લાઓને બીજે જમવા જઈ ડોઝરું ભરતાં શરમ નથી લાગતી, અને ઘેર ન્યાત જમાડવાના વાખા.’ પંચ રૂપી પરમેશ્વરની જીભ ત્યાંથી શરૂ કરતી, ને અંતે બધી જ ગાળો ભચડતી. તેમાં યે સુરત વાડી ફળિયાને નાકે જ્યારે પંચ ભેગું થાય ત્યારે તો મધરાત ગાળોના વરસાદથી ગજાવે, પટેલિયાઓ પિછોડી લપેટીલપેટીને એક્કી મોં ભરીભરીને બોણાવે! આ મહા-

જનોમાં એકમાત્ર સ્ત્રી બેસતી—તે ન્યાતની ગોરાણી. પણ એ તો જમાનાથી ટેવાઇ ગએલી, એટલે એની કંઇ ચિંતા નહિ. જ્યારે ગાળો બહુ વધી ત્યારે ડૉ. મગનભાઈ મહેતાએ એક્કે ગાળે એકેક આના દંડનો ઠરાવ કરાવ્યો ત્યારે કંઈક પંચ-વાણી સુધરી!

આ પંચ: પળમાં ભલભલાને તારે કે ડુબાડે. આઇનો ખાર બાઈ પર ઉતારે, પાડાને વાંકે પખાલીને ડામ દે. ન્યાય-દંડની વાતો કરે ને ન્યાતના ગૌરવનું પાઘડું પહેરીને ફરે. આ પંચ, આવા એના પટેલો, અને એમાં એનો ચોપડો. ત્યાં મતું કીધું કે વિવાહ સહી; છોકરો-છોકરી તો જાણે પણ નહિ; અને-હાલમાં પંચની વાત આટલેથી રહી.

વિવાહ થયા પછી થોડોક કાળ રહી અમારે એકબીજાને સાસરે જમવા તો જવું જોઇએ. એની તજવીજ ચાલી. વિવાહ થયા તે મને ગમ્યું નથી એ તો જાણે છૂપું ન રહ્યું, એટલે એ જમવા મોકલવાની હિલચાલમાં જરા ઢીલ થઈ. પછી ધીમે રહીને, સારો દિવસ જોઈ, બેપાંચ સગાંવહાલાંને બોલાવી વહુને તો જમવા બોલાવી. જેકંઇ બેપાંચ રૂપિયા આપવાના હોય તે આપી વિદાય કરી.

પછી આપણો વારો આવ્યો. ઘરમાંથી નક્કી દિવસે જવાનો ફતવો સાંભળતાં જવું પડયું. ત્યાં જોઉં તો ખાસ્સું ટોળું! ત્યાંનાં જુવાન-ઘરડાં સગાંવહાલાંએ બધાંએ જ 'આવ્યા ચન્દ્રવદનલાલ! આવો ચન્દ્રવદનલાલ!' કહીકહી સત્કાર કીધો. જમ્યા. પહેલી વાર જમવાની જે કંઇ રિવાજ મુજબની ફી હશે તે—પાંચેક રૂપિયા મને આપવામાં આવ્યા, અને પોતે પાછા ફર્યા. પૈસાનો એ વ્યવહાર તો ચોપડે લખાવાનો હતો, કારણ એની ગણતરી પલ્લાં-પહેરામણીમાં થવાની હતી. બંને પ્રસંગોમાં અમે એકબીજાને સાસરે જમ્યાં, પણ વહુએ વરને ન જોયો, કે વરને વહુ ન મળી.

જોકે વિવાહ પહેલાં તો અમે એકબીજાને અગાઉ જોયાં હતાં જ. પણ 'હવે' વાત કરીએ તો 'ગુના'માં આવી જઈએ એમ હોવાથી અમે એકબીજાથી બારબાર ગાઉ દૂર નાસતાં. વહુ ભૂલેચૂકે પહેલે માળે હોય અને જો ત્યાં હું ગયો તો દોડતી ત્રીજે માળે જાય! જાદુ-ગરના દાબડામાં જેમ છુબત્તી ચાલે એમ અમે એકબીજાથી આઘાં નાસતાં. કોઇએ આ વધતો જતો ગાળો દૂર કરવા મદદ કરી નહિ, સામે પક્ષેથી કોઈએ વહુને એમ આઘા રહેવાની જ શીખવણી કર્યા કરી.

સુરતમાં પ્રિયંવદા હતી ત્યારે એણે કહ્યું હતું કે વિલાસ મારી જ નિશાળમાં ભણે છે; તમારે કંઈ કહેવડાવવું હોય તો મને કહેજો. પણ ધાકના માર્યા કંઇ ચિઠ્ઠીચપાટી મોકલવાની હિંમત ચાલી નહિ. કેવા સંજોગોમાંગમાં મુંબાઇ ભણવા ગયો તે તો આપ સૌ જાણો જ છો. એ પહેલાં અમે કદી મળ્યાં નહોતાં, કોઇએ મેળવવાની કોશિશ પણ કરી નહોતી. મુંબાઇમાં ચાર-પાંચ વર્ષ ભણ્યા તે દરમ્યાન પણ કદી સાથે હળવામળવાનો પ્રસંગ ઊભો થયો જ નહિ.

એમાં મારો એક દોષ ખરો: મેં મનથી માની લીધું હતું કે મને છોકરી ગમતી નથી,—વિના કારણ જ. એટલે મેં કદી પહેલ કરી નહિ. હુલ્લડ સમયથી વૈકુંઠભાઇનું કુટુંબ મુંબાઈ પાછું ફર્યું ત્યારે પ્રિયંવદાની મરજીથી અનસૂયા અને હું સુરતમાં મારે સાસરે આંટો મારી આવ્યાં. અનસૂયા એને મળવા માગતી હતી. પણ ત્યાં અમે ચા પીધી, અને કલાકેક બેસી પાછાં ફર્યાં. બધાં જ બેઠાં હતાં, પણ મુરબ્બીવર્ગે અમને ત્રણેને એકલાં મૂકવાનું ઠીક ધાર્યું નહિ.

તે દિવસે અમે ત્રણ એકલાં પડત તો કંઈક ભીડ ભાંગત, અમસ્થી મનસ્વી ઊભી થએલી સમજફેરો દૂર થાત અને બંનેને ઘણો લાભ થાત. પણ પેલા મળી રહેલા ગ્રહોએ એ સંજોગ સૂતરો ન કર્યો!

મુંબાઇમાં ખાટલે પડેલી પ્રિયંવદાએ બેત્રણ વાર મને ટોકી વિલાસ પર કાગળ લખવા સમજાવ્યો હતો. એને પરિણામે મેં એક ખાસ્સો સારો લાંબો પહેલો કાગળ વહુ પર લખ્યો, અને કાગડોળે જવાબની રાહ જોતા બેઠા. પણ જવાબ ન આવ્યો. હું ત્યારે લગભગ ૨૩-૨૪નો; બી.એ.ની આસપાસ—થવામાં. હા, આખરે જવાબ આવ્યો, પણ સસરાજીનો: લગ્ન પહેલાં કાગળ લખવા માટે મીઠા ઠપકાથી ભરેલો, અને ફરીથી એવું પગલું નહિ ભરવા સૂચના દેતો. એ વાંચી પ્રિયંવદા તો રડી પડી. મારા મગજનું ઇસ્ટીમ તો ફટકી ગયું હતું!

દરમ્યાન એકાદ દિવસ સુરતમાં મારા ભાષણ વખતે સસરાજી મળ્યા, અને બાજુ પર લઈ જઈ ખૂબ ભાષણ આપ્યું: આ મુંબાઇમાં નાટકચેટક કરો છો તે મને જરા ય પસંદ નથી. ચન્દ્રવદનલાલ તો ખરા. જમાઇ એટલે 'લાલ' ઉમેરાય; પણ 'લાલ'ને ઉપરથી 'તમે-ના તું-તો મારા દીકરા જેવો, એટલે હક્કથી કહું છું. વચ્ચે સાંભળ્યું કે તું સાડી ચોળી પહેરી નાટકમાં ઊતર્યો...'

'એ તો સરોજિની નાયડુનો...'

'ગમે તેનો પાઠ, પણ આ આપણને ન શોભે.'

પણ આ બધાંને પરિણામે વરવહુનાં મન વેગળાં થતાં રહ્યાં તે થતાં જ રહ્યાં. કોઇએ ત્યારે ડાચામાં ચાર તમાચા મારીને મને કહ્યું હોત કે 'રોંચા! આ બધાંમાં વિલાસનો શો વાંક? વાતાવરણ આવું હતું એટલે તો તારે, ઊલટું એને હિંમત કરી, બહાર કાઢી, દૂર લઈ જઈ ઘડવી હતી. પણ ભાઈસાહેબમાં પોતાનામાં જ એટલી હામ ક્યાં હતી?

વિલાસ શરમાળ હતી તો મારો સ્વભાવ બૈરાં કરતાં પણ બૂરો રિસાળ હતો. અલ્યા, પૂછને તારા મનને, કે તને શું ખબર નહોતી કે એ નાદાન છોકરીને આસપાસનાં ચડાવે છે, ભંભેરે છે, ખોટી દોરવણી આપે છે, મનમાં વહેમનાં જાળાં બાંધે છે, હૈયામાં ઝેરનાં બી વાવે છે? તને એવો વહેમ પડવા લાગ્યો છતાં, ઓ કાયર! તેં આગળ આવી એના મનનું ચણતર માથે કેમ ન લીધું? આ સંબંધે તારાથી નાની, તારી રખવાળી કરનાર પ્રિયંવદાએ તને ચેતાવ્યો નહોતો? પણ તું ના જાગ્યો, અને આજે હવે ગ્રહોને બીચારાને નિંદવા બેઠો?

હવે જરા આગળ જઇએ. સસરાજીના કાગળ તથા ઠપકાએ મગજમાં ગરમી તો ચડી જ ગઇ હતી; મૂળથી જ 'વહુ ગમતી નથી' એ તો મગજમાં ઘૂમતું જ હતું; અને લગ્નનો લ્હાવો લેવા તે વખતે મનમાં જરા પણ હોંશ નહોતી; એટલે, એક કાળ ચોઘડીએ, એક મજબૂત ને મક્કમ કાગળ 'મારે લગ્ન નથી કરવાં' એ મતલબનો, સ્પષ્ટ ભાષામાં સસરાજીને લખી દીધો! એમાં, વિવાહ ફોક થતાં જે કંઇ સજા ન્યાત કરે તે બધી વેઠવા અને એની જુમ્મેદારી લેવા હું તત્પર છું એ પણ ઉમેર્યું હતું. છેલ્લે 'તમારી દીકરી તમે બીજે ગમે ત્યાં પરણાવી સુખી કરી શકો છો' એ પણ સ્પષ્ટ જણાવ્યું હતું. દીકરીનાં માબાપને આથી કેવો આઘાત પહોંચ્યો હશે એની ત્યારે મને કલ્પના સરખી થઈ નહોતી.

બસ: અહીં તો ધરતી કંપી ગઇ; ઇન્દ્રનું વજ્ર વછૂટયું, ઉલ્કાપાત થઇ ગયો. સસરાજી હોશિયાર, તે એમણે એ કાગળની નકલ મારા બે ત્રણ મુરબ્બીઓને, વડિલોને મોકલી આપી. અને આખરે, જેવી ઈશ્વરની ઈચ્છા, ભલે લગ્ન નહિ થાય એવી તાજે કલમ પણ નાખી.

દૂરદૂર વસેલાં મારાં વહાલાં અને અત્યંત સમજદાર માબાપને આ કશાની ખબર જ નહિ. પણ એમના સિવાય સૌ કોઇએ મારા ઉપર જે ઝીંકી છે, જે વજ્જરકડાકા અફાળ્યા છે એનો કેમ અંદાજ આપું? એક વાત તો એ જ કે બાપદાદાની આબરૂ બોળી! ક્યાં, કેમ અને કઇ આબરૂ એ તો કોણ જાણે? મારા મનથી મેં તદ્દન પ્રામાણિક કામ કર્યું હતું: મનનો ચોર જાહેર કરી દીધો હતો. હા, આઠદસ વર્ષ મોડો, એ મારી ભૂલ; પણ મને જેવું સમજાયું કે આ

મેળ કંઇ મળે એમ લાગતું નથી, એવું જ તડ ને ફડ કીધું એમાં મેં વડવાનળ સળગાવી દીધો!

મને ઝેર આપત તો કબૂલ હતું, પણ મારા પર જે ઝાંસાં કાઢવામાં આવ્યાં, મીઠા મીઠા ડા'મ દેવાયા તે તો અસહ્ય હતા: 'બાયાબાઈ! કરશો શું? રવડી જશો; કોઇ ડા'મ નહિ દે; રખડતા રહેશો; ઘર નહિ મંડાય; હજામત કરો; ભણ્યા પણ ઢોરં જેવા;' વગેરે અપરંપાર ચાલ્યું. બાવનનો જાણે વિસ્તાર!

વૈકુંઠભાઈ પાસે પણ વાત ગઈ. ઠાકુરદ્વારના ઘરમાં દાખલ થતાં જ એ બાપ જેવા મારા મુરબ્બીએ ધીમેથી એટલું જ કહ્યું, 'મને પૂછીને લખત ને, તો ઠીક થાત.' બસ. અને પ્રિયંવદાએ તો એથી પણ વધારે મીઠું મેણું માર્યું: 'બધું જ મને કહો છો, અને આટલું ના કહ્યું? હશે, જે થયું તે થયું; એમાં કંઈ ખોટું નથી કર્યું.'

મારાં લગ્ન થયાં તે પહેલાં એકબે વર્ષે મારી ચાર બહેનોમાંથી બેનાં લગ્ન થઈ ગયાં હતાં. લગ્નનો માંડવો મામાજીને ત્યાં નહિ પણ પેલા અમારા દાદા, આત્મારામ ભૂખણની પેઢીમાં મુનીમ તરીકે કામ કરનાર શિવદાસ વાલે બંધાવેલા ગલીના ઘર આગળ ચોકમાં બંધાતો. મારા બાપુજીને ૧૯૧૪–૧૮ની લડાઇ પછી એક નવો જ તુક્કો સૂઝેલો: અને તે એ કે પગારની રકમમાંથી, લડાઇ પછી જે જે નવી કંપની નીકળે તે દરેકના કંઇ નહિ તો એકાદ બે શેર લે. જેવી જાહેરખબર વાંચે કે ફારમ મંગાવી પહેલો કૉલ ભરી જ દે! એ કહેતા કે એમાંની એકાદ બે તરશે તો આગળ ઉપર ન્યાલ કરી દેશે.

'કોલાબા લૅન્ડ' અને 'પોર્ટ કૅનિંગ' કે એવા કોઇ શેરના ભાવો સારા વધતાં એમાં કંઈ મઝેનો ફાયદો જણાતાં એ વેચી બે દીકરીઓનાં લગનનો માંડવો ઉકેલ્યો. બીજા બધા કૉલમનીમાં તો આખરે પાંચ સાત હજારનું પાણી થઇ ગયું; પણ એકબેમાં કમાયા હશે, એટલે છેવટે તો કહેતા કે આપણે તો હતા ત્યાંના ત્યાં આવી રહ્યા!

મારા પછીની બેન તે સુમન, અને તે પછીની દમયંતી. બંનેમાં પહેલીના જન્માક્ષર જોઈને લગ્ન કરેલાં, પણ લગ્ન થયા પછી એણે કંઇ સુખ જોયું નહિ; અમારે ત્યાં જ રહેવા ભાવિએ નિર્મ્યું. બીજી બહેને કંઇક સુખ જોયું. સાસરિયાં સારાં, સાસુ મા જેવી, નણંદ ખૂબ જ હેતાળ, વર પણ સ્વભાવનો સારો ભલો; પણ પરણ્યા પછી પાંચછ વર્ષમાં એમનું અવસાન થતાં, ત્રણ છોકરાં ઉછેરવાના કામમાં એ પડી. એમાંયે જતે દા'ડે સાસરિયાંમાંથી ઘણાં ખરી ગયાં અને એ પણ અમારે ત્યાં આવી. બીજી બે—સરલા અને ઉષાને આગળ ઉપર પણ મોટી થતાં લગ્ન કરવાનું કહેતાં મારી જીભ ચાલી નહિ.

અમારા મહોલ્લામાં, મામાજીના ઘરની બરાબર જોડે, જગમોહનદાસ રહે: દાસભાઇ. એવા 'દાસભાઈ' ઘણાના કટુંબકબીલામાં ભળી ગએલા મળી આવશે. પરગજુ; મહેનતુ. કારજ અવસરે નારીએળ લાવવાં, જમણવારની ટીપ બનાવવી, સોદા કરવા, માંડવાવાળાને કહેવું વગેરે હજાર નાનીમોટી ચીજો તાબડતોબ કરી આપે. આંટા ફેરા ખાય, કામનો ઉકેલ કરી નાખે: ફક્ત પડોશીધર્મ બજાવવા પૂરતું જ. હાથના ચોખ્ખા, જીભના એક્કા, સૌ સાથે મીઠાશથી ભળી કંઈક કડવા ઘૂંટડા ગળી જવાની સાલસાઇવાળા, કોઈનું પણ કામ કરી છૂટનારા એવા દાસભાઈઓ આજે ઓછા થતા જાય છે. લોકોનાં આટઆટલાં કામ કરી છૂટનાર અમારા એ દાસભાઈના બીચારાના નસીબમાં પોતાનું જ ઘર વેચવાનો વારો આવ્યો, પોતાને પાછળના ભાગમાં ભાડે રહેવાનો સમય આવ્યો! હજી પણ જ્યારે જઈએ, ત્યારે જો એમને ઘેર ન જઈએ તો દાસભાઈ ગળગળા થઈ જાય; અને એમને ઘેર જઈ ચાનું 'કોપ' લગાવીએ ત્યારે હોંશ અને આનંદથી હૈયું છલકાઇ જાય. કોઇની કૂથલી નહિ. 'કેમ છો? પહેલાં તબિયેત કેમ છે? બધાં સારાં છે? બસ; ચાલો, ભગવાન બધાંનું ભલું કરે.' વર્ષો પછી મળોને, તો યે આટલામાં વાત પૂરી. અને પોતાનાં છોકરાંઓને બોલાવી આપણી તારીફ કરે. ખરેખર દરેક મનુષ્ય જો આવો સ્વભાવ ઘડે તો એની અને આ દુનિયાની અનેક વિટંબનાઓ આપોઆપ ઓછી થઈ જાય. ઘણા જાહેર સેવા કરવાના કામોના ઓથા હેઠળ કંઇક કાળાંધોળાં કરે છે, એના કરતાં આવા સેવાભાવી કામ કરનારાઓની કિંમત અનેકગણી છે.

આ જ અરસામાં મામાજીને ત્યાં એક મૂગો અને બહેરો જોષી ચડી આવ્યો હતો. એક નાની સ્લેટ–પાટી પર લખીને તમે પૂછો એના તરત જવાબ લખે, અને ખરા જેવા લાગે! કોઈ કહે કે એવાઓને કર્ણપિશાચ સાધ્ય હોય છે, એટલે વર્તમાનકાળનું જ્ઞાન બહુ સારું. એણે કંઇકનાં ભાવિ જોયાં, અને આખરે એણે કહ્યું: 'ઘરના એક ખંડમાં દાટેલો ધનનો ચરૂ છે, તે એકવીસ દિવસમાં બહાર નીકળું એમ માતાજીની કૃપાથી કહ્યા કરે છે! માટે યજ્ઞ કરો.'

અને એમ બધાંએ ધનનો ચરૂ મેળવવા એને જ યજ્ઞ કરવાના રૂપિયા આપ્યા. બેચાર દિવસમાં તો એણે એવી ભૂરકી નાખી દીધી હતી કે અમે એમ જ માનતા કે એ ત્રિકાળજ્ઞાની જ છે. એકવીસમો દિવસ ઢૂંકડો આવવા માંડ્યો, ને અમારો જોષી રોજ આવી તે ખંડમાં એકલો બેસી ધૂણતો ગયો. ત્રણચાર દિવસ રહ્યા એટલે અમે તો ચરૂની આશામાં ઘેલાઘેલા થઈને બેઠા. દરમ્યાન બેત્રણ વાર એણે વધારે રકમની માગણી કરેલી તે અમે પૂરી પાડી હતી. પછી બે જ દિવસ રહ્યા એટલે તો એ આવે જ શાનો? અને એમ એકવીસમો દિવસ પણ આવ્યો અને ગયો; પણ ચરૂ કેવો અને ધન કેવું? એણે બતાવેલી જગ્યાએ એમ તો અમે ખોદી પણ જોયું! પણ ત્યાં નીકળે શું? ધૂળ!

પછી દાસભાઈ એક્કો લઈ નીકળ્યા અને આખું સુરત ખંખેરી વળ્યા. પણ મૂગો જોષી શાનો દેખાય? ત્રણચાર દિવસે કંઇક બાતમી મળતાં સુરતથી અશ્વિનીકુમાર સ્મશાન પાસે ગયા. ત્યાં ભાળ મળી. એ ત્યાં રહેતો અને અમારા જેવા પાંચસાતને ચરૂની આશામાં રડાવી હવે તો જગ્યા છોડી ચાલ્યો ગયો, એમ પત્તો મળ્યો. પણ હવે શું? બધા પછી કહેવા લાગ્યા કે એમ જો બીજાના ચરૂ એ કાઢતો હોય તો પોતાનો ચરૂ ન કાઢી લે? પણ એણે તો પોતાનો ચરૂ બનાવી જ લીધો હશે તો! અને અમે ઉલ્લુ બન્યા!

એ જોષીએ મારી જન્મપત્રિકા જોઇ ચોખ્ખું કહ્યું હતું કે મારાં લગ્ન કદી થાય જ નહિ! (ચાલુ)

બાપા: તું અરધા કલાકથી બહાર કોની સાથે વાત કરતો હતો?

દીકરો: એ તો મોહન હતો. બહુ ઉતાવળમાં હતો, એટલે અંદર આવવાનો એને વખત નહોતો.

એક: મારી તપખીર રાખવાની ડબ્બી કોઈ ચોરી ગયું.

બીજો: પણ, તારા ખિસ્સામાં કોઇએ હાથ નાખ્યો તેની યે તને ખબર ન પડી?

એક: ખબર તો પડી: પણ મને લાગ્યું કે કદાચ એ મારો જ હાથ હશે.

ખૂબ લાંબો વખત સુધી ગપાટા હાંકતાં બેઠેલા મહેમાન જવા માંડ્યા ત્યારે તેમણે યજમાનને કહ્યું, 'શા માટે બારણા સુધી મૂકવા આવવાની તસ્દી લ્યો છો?'

બગાસું ખાતાં યજમાને કહ્યું, 'તસ્દી શાની? ઊલટો મને આનંદ થાય છે.'

પચ્ચીસ વર્ષ પહેલાં

રાણા જંગબહાદુર–નેપાળના સર્વસત્તાધીશ પ્રધાનોના કુટુંબના શક્તિશાળી આદ્ય પુરુષ અને અંગ્રેજોની સામે નેપાળને અડગ રાખનાર મુત્સદ્દીનાં બળ અને બુદ્ધિઘડતરની પ્રેરક કથાના ઉઘાડ સાથે શરૂ થતા આ અંકને અંતે પણ એક એવા જ બળ અને બુદ્ધિ દાખવનાર—પણ વગડાઉ ફૂલ જેમ અજ્ઞાનતામાં ખરી પડનાર, સૌરાષ્ટ્રી જુવાન ટપુભાઈ વસાણીની એવી જ પ્રેરક જીવનકથા હતી. આ ઉપરાંત દેવપુરી ભુવનેશ્વર, આપણી ખનિજ સંપત્તિ અને શ્રી પરમાનંદ કાપડિયાએ લખેલ દ્રવિડ દેશનાં સંસ્મરણો જેવા વિવિધ જ્ઞાનના લેખો હતા. આ પૈકી છેલ્લામાંનો એક રસદાયક ફકરો :

"હીરાને દ્રવિડ દેશમાં જુદાજુદા નામથી ઓળખવામાં આવે છે. કોઈ રત્ન કહે, કોઇ વજ્ર કહે, કોઈ વૈરમ કહે, કોઈ કમલં કહે. આ દેશ હીરાનો સૌથી વધારે ઉપયોગ અને ઉપભોગ કરે છે. હીરાની સમજ પણ આ લોકોની વધારે છે. મદ્રાસી સ્ત્રી હીરા પારખવામાં કુશળ હોય છે. હીરાનું એક મોટું પડીકું આપો તો અંદરથી સત્ત્વ કાઢી લે. ધનવાન ઘરની સ્ત્રીઓ હીરાનાં આભૂષણથી ભરેલી હોય. પુરુષો પણ સ્ત્રીઓ સાથે ઠીક સહકાર કરે છે. પણ મને આશ્ચર્ય તો એ થયા કરતું કે આ શ્યામાંગીઓને હીરાનો તે આટલો બધો શા માટે શોખ હશે ! આ બાજુની સ્ત્રીઓનો શ્યામ વર્ણ સુપ્રસિદ્ધ છે. અલબત્ત, એ શ્યામતાના પ્રકારમાં વિવિધતા છે. કોઇ જળશ્રેરી તો કોઈ કાજળશ્રેરી. આપણે સાધારણરીતે રૂપ એટલે ગૌરવર્ણ, અને અલંકાર તો રૂપવાનનો જ અધિકાર, એમ માનીએ છીએ. પણ એક દિવસે, કૃષ્ણપક્ષની મધ્ય રાત્રિએ, ચકચકી રહેલા તારાઓથી સુશોભિત નીલ આકાશની મનોહારિતાએ મારું ધ્યાન ખેંચ્યું અને મારા ઉપર્યુક્ત આશ્ચર્યનું એની મેળે સમાધાન થઇ ગયું. પ્રકૃતિને મૂર્તિમન્ત કરતી સ્ત્રીજાતિ પ્રકૃતિના અલંકાર શોધી ધારણ કરે એથી વધુ સ્વાભાવિક શું હોય ? જે કૃષ્ણપક્ષની રાત્રિના માહાત્મ્યને સમજશે તે રત્નોજ્જ્વલા દ્રવીડ સન્નારીના અલંકરણ-ઔચિત્યને જરૂર ગ્રહણ કરશે."

સ્કાઉટિંગની લેખમાળામાં આ વખતે 'છુપા સંદેશા' ઉપરનો લેખ એટલો જ્ઞાન-ગમ્મતભર્યો હતો કે તે આખો અહીં તારવવા જેવો છે:


"સ્કાઉટોને બહુ જ રસ પડે તેવી એક રમત તે છૂપા સંદેશા રચવાની તથા મોકલવાની કળા છે. હાલમાં પણ આવા સંકેતોનો ઉપયોગ લડાઈ અથવા એવા સમયમાં દુશ્મનના દેશમાં છૂપા સંદેશા પહોંચાડવામાં કરવામાં આવે છે. આમાંની કેટલીક રીતો સ્કાઉટો માટે બહુ જ ઉપયોગી તેમજ રસમય છે.

(૧) પોતાની લાકડી પર કાગળની એક લાંબી પટ્ટી બરાબર વીંટવી. પછી લાકડી આડી રાખી તે પટ્ટી પર સંદેશો લખવો. જ્યારે પટ્ટી લાકડી ઉપરથી ઉખેડી લેશો ત્યારે સંદેશના એવા તો વિચિત્ર ટુકડા થઇ જશે કે કાંઈ સમજી શકાશે નહિ. તે પટ્ટીને પાછી તેવી જ લાકડી ઉપર વીંટવામાં આવે તો જ સંદેશો સંધાઈને બરાબર વંચાય. બે સ્કાઉટો પાસે આવી એક માપની લાકડી હોય, અને એક સ્કાઉટ બીજા સ્કાઉટને આવી પટ્ટી મોકલે તો તેમના સિવાય બીજું કોઈ કાંઇ સમજી શકે નહિ.

(૨) ત્રિકોણ સંદેશો: સાથેના ચિત્રમાં બતાવ્યા પ્રમાણે સંદેશાના ચાર શબ્દોના ચાર કાટખૂણા વાળા ત્રિકોણ બનાવવા અને તેમની 'અ-બ' બાજુ પર સંદેશાના ચારે શબ્દો લખવા. પછી

અંક ૩૫ મો કારતક ૧૯૯૩

આખો ત્રિકોણ ભરાય તે સારૂ પહેલી લીટીમાં એક અક્ષર, બીજીમાં બે, ત્રીજીમાં ત્રણ, એ પ્રમાણે લખવા. એ અક્ષરો આગલા અક્ષરોની પછીના જ અક્ષરો હોય તેમજ, અને કાનો માત્ર અનુસ્વર વગેરે જે કાંઇ હોય તે પણ આગલા અક્ષર મુજબ જ રાખવાં. જેમકે, પહેલા ત્રિકોણમાં પહેલી લીટીમાં 'જં' એક અક્ષર, બીજીમાં 'ગ' અને 'ઘ' એ બે અક્ષરો. ત્રીજીમાં 'લ, વ અને શ' તેમ ત્રણ અને ચોથી લીટીમાં 'માં, યાં, રાં અને લાં' લખીને તે ત્રિકોણ પૂરો કર્યો. આ (પાછળ)



આ લેખમાં વર્ણવેલા છૂપા સંદેશાઓ દર્શાવતી આ આકૃતિમાં મથાળાની હારમાં તો સ્કાઉટિંગની જાણીતી સંજ્ઞાઓ છે, અને તે રસ્તા પર કે કોઇ ઝાડ પર ખોતરીને, આલેખીને કે પત્થરો ગોઠવીને દર્શાવાય છે. બીજી હારમાં ત્રિકોણના ને ત્રીજી હારમાં બાકોરાવાળા પૂઠાના સંદેશાની પદ્ધતિઓ સમજાવતાં ચિત્રો છે. (ત્રીજી હારમાં 'તૈયાર' શબ્દની આસપાસ કુંડાળું આલેખવાનું રહી ગયું છે.) ચોથી હારમાં ડાબી તરફ ભૂમિતિની આકૃતિ દ્વારા સંદેશ મોકલવાની પદ્ધતિ અને તેની પછી લીટા તથા ટપકાં વડે મોકલાતી સંદેશ-પદ્ધતિની સંજ્ઞાઓ કેમ રચાય છે તે દર્શાવ્યું છે. તેની પછી, એ સંજ્ઞા વડે Advance due east એ સંદેશો કઇ રીતે લખાય તે એક Advance શબ્દ લખીને બતાવ્યું છે.

પ્રમાણે ગોઠવણ કર્યા પછી 'અ–ક' લીટીઓ પર આવેલા અક્ષરો નો સંદેશો બનાવવો. તે આ પ્રમાણે થશે: 'જંથશલાં, દુસરબભા, ચાક્ષીળ, માતળોઝે' જ્યારે આવો સંદેશો વાંચવો હોય ત્યારે ચાર ત્રિકોણ દોરવા અને તેની 'અ–ક' બાજુ પર ઉપરના અક્ષરો લખી નાખવા. પછી પાછા હઠી ત્રિકોણ ભરી દેવા અને 'અ–બ' બાજુ પર વાંચવું એટલે ખરો સંદેશો મળી જશે.

(૩) એક પૂઠું લઇને તેમાં અમુક સ્થળે બાકોરાં પાડવાં અને તે પૂઠું લખવાના કાગળ પર બરાબર મૂકી તે બાકોરાં નીચે મોકલવાનો સાચો સંદેશો બરાબર લખી કાઢવો. પછી પૂઠું ઉપાડી લઈ મૂળ લખેલા સંદેશાના જુદાજુદા શબ્દો બરાબર જોડાઈ જાય તેવો એક બનાવટી પત્ર લખી નાખવો. જેવાં બાકોરાંવાળું પૂઠું આપણી પાસે હોય, તેવાં જ બાકોરાંવાળું બીજું આપણા સાથી પાસે હોય. આપણો પત્ર તેને મળે કે તરત જ તે પત્રની ઉપર પોતાની પાસેનું પૂઠું મૂકે એટલે કાગળનો બીજો બધો ભાગ ઢંકાઈ જાય અને માત્ર સાચો સંદેશો બાકોરાંમાંથી વંચાય. પહેલા યુરોપી મહાયુદ્ધ દરમ્યાન જર્મની આવાં પૂઠાંની પદ્ધતિથી ઈંગ્લંડના ખબર મેળવતું. દેવજોગે કોઇને હાથ આવો પત્ર ચડે તોપણ તેને તે તદ્દન નિર્દોષ જ ભાસે. માત્ર બાકીનો પત્ર રચી કાઢવામાં બુદ્ધિ હોવી જોઇએ. એવો એક સંદેશો આ જોડેની આકૃતિમાં આપ્યો છે. તે પર બાકોરાંવાળું પૂઠું મૂકવામાં આવે કે તરત કૂંડાળાંમાં દર્શાવેલા 'મુંબઇ ૫૦ સ્ટીમરો લડાઇ માટે તૈયાર છે' એવો સંદેશો વંચાય.

(૪) ઘણીવાર વળી એવી ગોઠવણ કરી હોય છે કે આવેલા કાગળ પર ભૂમિતિનું અમુક નક્કી કરેલું ચિત્ર દોરવું. જે શબ્દો પર લીટીઓ એકબીજીને કાપે તે જ શબ્દો ખરા સંદેશાના સમજવા. જેમકે 'દિલ્હીમાં રમખાણ; હું કલકત્તે જાઉં છું.' આકૃતિમાંના ચિત્રમાં સંદેશાના શબ્દો પર જ લીટીઓ તથા વર્તુળ એકબીજાને કાપે છે. બાકીના ખાલી ભાગમાં બીજા શબ્દો ગોઠવી બનાવટી કાગળ લખી નાખવો. વર્તુળ અને ચોરસ કયા માપનાં દોરવાં તે તો આગળથી નક્કી કરી રાખેલું હોય, એટલે સામો માણસ તેવી આકૃતિ દોરી કાઢી સંદેશો વાંચી લે. આ રીત વધુ સલામતીભરેલી છે, કેમકે પૂઠાં દુશ્મનોના હાથમાં પકડાઇ જવાનો સંભવ પણ ખરો. જર્મનીએ આવી ભૂમિતિની અનેક રીતોનો પણ ઉપયોગ કરેલો.

(૪) સ્કાઉટોને માટે નીચેની એક રીત બહુ જ ઉપયોગી છે, કેમકે તેમાં કાગળ–પેન્સિલ સિવાય લીટા અને ટપકાં વતી અથવા સોટીઓ અને કાંકરા વતી જંગલમાં ગમે ત્યાં સંદેશો લખી શકાય છે. આવા સંદેશા બહુ જ ટૂંકા જોઇએ અને ખૂણાનાં ટપકાં મૂકતાં તેના સ્થળ વિષે ખાસ ધ્યાન આપવું જોઇએ.

સંદેશા છુપાવવાની બીજી કેટલીક પરચુરણ રીતો: (૧) લીંબુના ચોખ્ખા રસથી કે ડુંગળીના રસથી સંદેશો લખવો. એથી કાગળ પર કાંઇ નિશાની રહેશે નહિ, પણ તેને સહેજ ગરમી આપતાં અક્ષરો ચોખ્ખા વંચાશે. આવા સંદેશા લખવામાં ટાંકને બદલે બરૂની કલમનો ઉપયોગ કરવો. વળી એ તદ્દન કોરા કાગળ પર ન લખતાં શાહીના લખેલા એકાદ પત્રમાં બબ્બે લીટીઓ વચ્ચે લખવો, જેથી કોઇને શક ન પડે. નહિતર કોરો કાગળ જોઇને કોઇ વહેમાઇને ગરમ કરી જુએ તો પકડાઇ જાય. (૨) મોરથૂથુના પાણી વતી પણ લખી શકાય. તેના અક્ષરો ઍમોનિયાનો ધુમાડો આપવાથી વંચાય."

અને સ્વ. ડૉ. હરિપ્રસાદ વ્રજરાય દેસાઇએ લખેલા 'દેવપુરી ભુવનેશ્વર' ઉપરના લેખ અંગે તો, અમે ઘણાં સુંદર ને વિશિષ્ટ ફોટોગ્રાફો મેળવી શક્યા હોઇને. તેમાંની જરૂરી વિગતો તારવી લઈ ઘણા નવા ઉમેરા સાથે એક સ્વતંત્ર લેખ તરીકે જ તે આપીએ છીએ.



ભુવનેશ્વર

કલકત્તેથી જગન્નાથપુરી જવાને રસ્તે, પુરીનો બેએક કલાકનો માર્ગ બાકી રહે છે ત્યારે ભુવનેશ્વરનું સ્ટેશન આવે છે. ઓરિસ્સા એટલે કલિંગ દેશ. એ દેશ જીતતાં અશોક રાજાથી જે હિંસા થઈ તેનો પશ્ચાત્તાપ એણે જિંદગી સુધી સહ્યો હતો ને પરિણામે એણે ભૂમિનું રાજ્ય વધારવાને બદલે બૌદ્ધ ધર્મનું રાજ્ય વધારવા પ્રયત્નો કરેલા.

એ દેશમાં કેસરી વંશના રાજાઓ થઇ ગયા. એ ચુસ્ત સનાતન હિંદુ ધર્મના અનુયાયીઓ હતા. જ્યારે કાશી બૌદ્ધ ધર્મથી જિતાઇ ગયું ત્યારે કેસરી રાજાઓએ ભુવનેશ્વરને બીજું કાશી બનાવવાનો પ્રયત્ન કરેલો. ભુવનેશ્વર એટલેકે ત્રિલોકના નાથને નામે એ સ્થાન વસાવવામાં આવ્યું. કહે છે કે બધાં મળીને ત્યાં ૭૦૦૦ દેવળો હતાં; એમાં સૂર્ય, વિષ્ણુ, બ્રહ્મા, શિવ, જગન્નાથ, શક્તિ વગેરે તમામ દેવદેવતાનાં ત્યાં સ્થાનકો બનાવવામાં આવેલાં. આમ, બૌદ્ધ ધર્મના ઘસારા સામે હિંદુ ધર્મની એકેએક શાખા તથા સંપ્રદાયને એકત્ર કરવાનો ભગીરથ પ્રયત્ન કલિંગ દેશે કર્યો હતો.

આખું શહેર પ્રભુને જ સમર્પણ કરવામાં આવ્યું હતું અને બિંદુસાગર નામનું સરોવર બનાવી સર્વ પવિત્ર નદીઓ, યાત્રાના સમુદ્રકિનારા, કુંડો, સરોવરો અને સંગમસ્થાનોનાં જળ એ સરોવરમાં આણી અનેક જાતનાં પાપ નાશ કરવાની શક્તિ એનામાં છે એવી ભાવના કરવામાં આવી હતી. એ સરોવર હજી કાયમ છે.

હાલ એ સ્થાન લગભગ વેરાન જેવું, ખંડિત અને જીર્ણ થઈ ગયું છે. પરંતુ એના પથ્થરો અને શિલ્પકળા આપણાં પુરાણી સંસ્કૃતિ અને ધર્મની ગૌરવ ઉત્પન્ન કરાવે એવી વાતો કરી રહ્યાં છે.

હજી બિંદુસાગરને કિનારે પાંચસોએક દેવળોનાં ખંડેર પથરાએલાં ઊભાં છે. એમાં લિંગરાજ અને રાજારાણીનાં દેવળો મુખ્ય ગણાય છે. લિંગરાજનું મંદિર હરિહરનું છે. એમાં હરિ એટલે વિષ્ણુ અને હર એટલે શિવ બંનેની એક લિંગમાં ભેગી પૂજા કરવામાં આવે છે. અરધા ભાગ પર બીલી અને અરધા ભાગ પર તુલસી ચડાવાય છે. એની જોડે રાજારાણીનું મંદિર છે, અને મુખ્ય મંદિરની આસપાસ બીજાં અનેક નાનાં મંદિરો છે. લિંગરાજનું શિખર સોએક ફીટ ઊંચુ છે. એનું કોતરકામ અલૌકિક છે. એનો એકેએક ખૂણો કલામય અને સંપૂર્ણ છે અને મંદિર સર્વાંગ સુંદર છે—ભવ્ય છે. મંદિરને કાંગરેકાંગરે અને ધારેધારે કોતરણી છે. શિખર ઉપર ચોમેર નર્તકીઓ, અપ્સરાઓ, દેવીઓ વગેરેનાં સુંદર ઘાટીલાં પૂતળાં છે. એમના નાના પ્રકારના અંગમરોડ, હાવભાવ, ભોગવિલાસ વગેરે આપણા એક સમયના સંસારના ભરપૂર જીવનનો ખ્યાલ આપે છે.

એ સમગ્ર મંદિર ફક્ત પથ્થર અને લોઢાના ખીલાથી જ બન્યાં છે. એમાં ચૂનો કે સિમેન્ટ બિલકુલ નથી. અમે આ સ્થળની મુલાકાત (૧૯૨૬ના જુલાઈ મહિનામાં) લીધી ત્યારે જીર્ણોદ્ધારનું કામ આપણા કચ્છના શિલ્પીઓ અને સુરતના કારીગરોથી થતું જોઇને અમને અતિશય હર્ષ થયો. એટલે દૂર, ગુજરાતને સામે છેડે ૧૫૦૦ માઈલને છેટે રહીને, આવાં પ્રાચીન સમયનાં ભવ્ય મંદિરો કચ્છી



કૉન્ટ્રૅક્ટરોની દેખરેખની ચે થતાં જોઇને ને ગુજરાતના સલાટ-કડિયા સાથે મંદિરોનાં જૂનાં કળાકૌશલ્યની વાતો કરતાં અમને જે આનંદ થયો એ અવર્ણનીય છે. મુખ્ય શિલ્પીએ કહ્યું કે 'કચ્છમાં અમારી કદર નથી. બાકી બંગાળ–નાગપુર, ઇસ્ટ ઇન્ડિયા, ઈસ્ટ બંગાળ વગેરે રેલવેઓ પર આપણા કૉન્ટ્રૅકટરો ને મિસ્ત્રીઓને તમે જ્યાંત્યાં જોશો. અમે આ મંદિરોના જીર્ણોદ્ધારમાં લાચારીએ સિમેન્ટ વાપરીએ છીએ. કેવળ પથ્થર અને લોઢાથી આવાં મોટાં દેવાલયો બનાવવાની કળા આપણા હાથથી નાશ પામી છે. હજી આ તરફ કોનારક નામનું સ્થળ છે એ પણ બહુ જ આશ્ચર્યકારક શિલ્પકળાનો નમૂનો છે.'

અને ખરે! ભુવનેશ્વર પણ આશ્ચર્યકારક જ છે. એક ગોખમાં દટાઇ ગએલી એક પાર્વતીની મૂર્તિ હતી. મોહેં-જો-ડેરોના શોધક અને હિંદી પુરાતત્ત્વ ખાતાના એક વડા રાખાલદાસ બૅનરજીએ ત્રણ મહિના સુધી એ ધોવડાવીધોવડાવીને સાફ કરી છે. તે હિંદુ કળાનો અપ્રતિમ નમૂનો છે. એ છ ફીટ ઊંચી છે અને એક પડખે ઢળતા દેહનો લાવણ્યભર્યો આભંગ કરીને ઊભેલી છે. ગંભીર મુખ, ઢળેલાં નેત્રો, વસ્ત્રાલંકારની છટા, બધું અલૌકિક છે. વસ્ત્રાલંકારની બારીકે બારીક વિગતો એમાં સ્પષ્ટ છે. ઘંટડીની કટિમેખલા છે; આછી પટ્ટણીની ઓઢણી છે; મુકુટ બહુ જ સુંદર રીતે ઘડેલો હોય એવો પથ્થરથી કોતરેલો છે કાનનાં તથા હાથપગનાં આભૂષણ, હાર, તમામ ઉત્તમ કલાના નમૂનારૂપ છે.

પાર્વતીના મુખ પર સાત્ત્વિક હાસ્ય છે અને અંગેઅંગ ચેતનવંતું છે. આંગળી, આંખ, કેડ, એકેએક અવયવમાં સૌન્દર્યનો પ્રવાહ વહી રહ્યો છે અને ઉત્તમ માત્રથી ભરેલું એ ઉલ્લાસપૂર્ણ શરીર, આખું યે આજ પણ અલૌકિક ભક્તિભાવ ઉત્પન્ન કરે છે. શિલ્પકળાની આ એક સર્વોત્કૃષ્ટ પ્રતિમા છે. જે પ્રજાનાં જીવન, ધર્મ સાહિત્ય અને કલાભક્તિમાં તરબોળ થઈ ગયાં હોય તે જ પ્રજા આવી પ્રતિમાઓ ઘડી શકે. ભુવનેશ્વર આખું યે એમ તો ઉત્કૃષ્ટ શિલ્પથી ભરેલું છે, પણ તેમાં યે સૌથી સરસ પ્રતિમા આ છે. (જુઓ પાછલા પૂઠામાં)—હરિપ્રસાદ વ્ર. દેસાઈ


પ્રાચીન ઇતિહાસ ને પુરાવિદ્યાના વિદ્વાન લેખક તથા સંશોધક ડૉ. ભોગીલાલ સાંડેસરાએ ઓરિસાનો પ્રવાસ કરી 'બુદ્ધિપ્રકાશ'માં એક રસમય લેખમાળા લખી હતી. તેમાંનો ભુવનેશ્વર વિષેનો ઉપયોગી ઉલ્લેખ અત્રે તારવીએ છીએ:

"જેમ જગન્નાથપુરી સૌથી મોટું વૈષ્ણવ તીર્થ છે, તેમ ભુવનેશ્વર સૌથી મોટું શૈવ તીર્થ છે. એ નગરમાં પ્રવેશ કરતાં જ સૌરાષ્ટ્રનું સોમનાથ પાઠણ યાદ આવે છે. શ્રી મનોમોહન ગાંગુલી નામે વિદ્વાને ભુવનેશ્વરનાં મંદિરોની સંખ્યા ૫૦૦ની આપી છે. સંભવ છે, કે આમાં લોકોનાં ઘરમાં આવેલાં મંદિરો (ઘરદેરાસર)નો તેમજ મુખ્ય મંદિરોની આસપાસનાં નાનાં દેવાલયોનો સમાવેશ થતો હોય.





[જમણી તરફ ઉપર તથા નીચે: લિંગરાજના મંદિરના પટાંગણનાં બે દૃશ્યો. ૧૨૭ ફૂટ ઊંચા મુખ્ય શિખરવાળા આ મંદિરના પટાંગણનું ક્ષેત્રફળ ૫૨૦×૪૬૫ ફૂટ છે અને તેમાં બીજાં પણ ઘણાં નાનાં મંદિરો છે. મુખ્ય મંદિરનાં ચાર અંગ છે. ઉપલા ચિત્રમાં દેખાય છે તેમ સૌથી આગળ નાનો ભોગમડપ છે, જ્યાં ભોગ (પ્રસાદ) વેચાય છે; તે પછી બે ઊંધાં કમળના આકારના શિખરવાળું નટમંદિર છે, જેમાં દેવને સમર્પિત કન્યાઓ નૃત્ય-ગાયન-વાદનથી દેવને રીઝવતી. તેની પાછળ એવું જ શિખર જગમોહનનું, અને તેની પાછળ, સૌથી ઊંચું ગર્ભગૃહ ઉપરનું મુખ્ય શિખર છે. નીચેના ચિત્રમાં આ બે છેલ્લાં શિખરો (જગમોહન તથા ગર્ભાગારનાં)નું પડખેથી લીધેલું દૃશ્ય છે. (ફોટો: ચંદુભાઇ ભટ્ટ)]




ભુવનેશ્વરનો મંદિર-સમૂહ

ભુવનેશ્વરના મંદિર-સમૂહના આ ચિત્રમાં સર્વથી ઊંચું દેખાય છે તે લિંગરાજના ભવ્ય મંદિરનું શિખર છે. એની છાયા આખા ભુવનેશ્વર ઉપર પથરાએલી છે, અને આજનું ભુવનેશ્વર એટલે જાણે કે લિંગરાજનું જ નગર એમ લાગે છે. એ મંદિર ઈસુવી સનના દસમા સૈકામાં ઓરિસાના રાજા યયાતિ કેસરીએ બંધાવ્યું હતું. ૧૨૭ ફૂટ ઊંચા એના મુખ્ય શિખરનો ઘાટ એક વિરાટ શિવલિંગ જેવો છે. લિંગરાજનું મંદિર એ કલિંગ દેશમાં વિકસેલી સ્થાપત્યપરંપરાનો એક ઉત્તમ નમૂનો છે અને તેનું શિખર તો દુનિયાભરનાં એ પ્રકારનાં યાદગાર સ્થાપત્યોની હારમાં ઊભું રહે એવું છે. અંદરની બાજુએ સાદું, પણ બહાર તો પાયાના પથ્થરથી માંડી શિખર સુધીની દીવાલો પર ચોમેર અલંકરણો તરીકે મુકાએલાં સેંકડો શિલ્પો અને મૂર્તિઓથી તે ભરચક છે.

સામે: પરશુરામેશ્વરના મંદિરના શિખરનું સંમુખદર્શન

સામેના પાના પર આપેલા 'પરશુરામેશ્વર મંદિરના શિખરના સંમુખદર્શનના શિલ્પ'માં નીચેના ભાગમાં, રાવણે કરેલા શિવના નિવાસસ્થાન કૈલાસના ઉચ્ચાલનનો પ્રસંગ છે. મોટા લંબગોળમાં બલવાન રાવણની ખંડિત મૂર્તિ છે અને તેને મથાળે તકતીમાં (કૈલાસમાં બેઠેલાં) શિવપાર્વતીનું સુંદર શિલ્પ છે, જેમાં હેબતાએલાં પાર્વતીને શિવ જમણા હાથની અભય મુદ્રાથી આશ્વાસન આપે છે. તકતીની એક બાજુ ગણેશ તથા બીજી બાજુ મયૂરવાહન કાર્તિકેયની સાથે શસ્ત્રસજ્જ ગણુ છે. પણ આથી યે સુંદર તો ઉપર મધ્ય ભાગે વર્તુલાકારમાં આવેલી દશભુજ નટરાજ(શિવ)ની મૂર્તિ છે. તે પ્રલયકારી તાંડવના રૂપમાં નહિ, પણ સર્જનના આનંદનો ગંભીર ભાવ પ્રકટ કરતી સ્વસ્થ પ્રસન્ન મુદ્રા દાખવે છે. ઉપર બે પડખે બે વર્તુલોમાં ગણેશ તથા ગણનાં શિલ્પો છે. છેક મથાળે સિંહની આકૃતિના કીર્તિમુખ ઉપર બીજી એક મૂર્તિ છે.



પરશુરામેશ્વર મંદિરના શિખરનું સંમુખદર્શન (ફોટો - ચંદુભાઈ ભટ્ટ) ભુવનેશ્વરના મંદિરસમૂહમાં સૌથી પ્રાચીન પરશુરામેશ્વરનું મંદિર છે. આજથી બા
વરસ પર રચાએલા એ મંદિરનો પથ્થરે પથ્થર કોઈ ને કોઇ વસ્તુ, પ્રસંગ કે શોભનથી ભરેલો છે. એની દીવાલો પર રામાયણ-મહાભારતનાં અનેક પ્ર
શિલ્પો છે. આ ઉપરના ચિત્રમાંના શિલ્પનું વર્ણન સામેના પાના ઉપર આપ્યું છે



લિંગરાજ મંદિરના જગમોહનના ઉપરના ભાગનું શિલ્પ • જગમોહન એટલે દર્શન કરવા ઊભા રહેવાનો સભામંડપ (ફોટો • ચંદુભાઈ ભટ્ટ)

ઇ. સ. પૂર્વે પહેલા સૈકાના ખારવેલના લેખ પછી લગભગ ૮૦૦ વર્ષનો ઓરિસાનો ઇતિહાસ અંધકારમાં જ છે. ખારવેલના લેખ પછી ઓરિસાના ઇતિહાસની પુનર્ઘટનામાં ઉપયોગી થાય એવો પહેલો પુરાવો તે આ ભુવનેશ્વરમાંનું પરશુરામેશ્વરનું મંદિર, જેનો સમય ઈસવી સનનો આઠમો સૈકો નિશ્ચિત કરવામાં આવ્યો છે, તે છે.

ભુવનેશ્વરનાં મંદિરો સમયાનુક્રમ મુજબ તેમજ સ્થાપત્યશૈલીના વિકાસની રીતે ત્રણ વિભાગમાં વહેંચાઈ જાય છે: **પ્રાચીન કાળ** (અંદાજે ઈ. ૭૫૦થી ૯૦૦)–પરશુરામેશ્વર, વેતાલ દેવળ, ઉત્તરેશ્વર, શત્રુઘ્નેશ્વર, ભરતેશ્વર, લક્ષ્મણેશ્વર. **મધ્ય કાળ** (અંદાજે ઈ. ૯૦૦થી ૧૧૦૦)–મુક્તેશ્વર, લિંગરાજ, બ્રહ્મેશ્વર, રામેશ્વર. **ઉત્તર કાળ** (અંદાજે ઈ. ૧૧૦૦થી ૧૩૦૦)–અનંત વાસુદેવ, સિદ્ધેશ્વર, કેદારેશ્વર, યમેશ્વર, મેઘેશ્વર, શ્રીદેવળ, સોમેશ્વર, રાજરાણી.

ઓરિસાનું સ્થાપત્ય પણ બાકીના ભારતથી કેટલીક નોંધપાત્ર ભિન્નતાઓ ધરાવે છે. જેમાં દેવમૂર્તિ બિરાજે છે તે ગર્ભગૃહ કે ગભારો (એને ઓરિસાની શિલ્પશાસ્ત્રીય પરિભાષામાં ‘વિમાન’ કહે છે) અને તે સામેનો સભામંડપ (જે ઓરિસામાં ‘જગમોહન’ તરીકે ઓળખાય છે) એ બે અંગો તો બીજે હોય તેવાં જ છે. પણ ઓરિસામાં જગમોહન પછી કેટલીક જગ્યા છોડીને થોડેક આગળ મંદિરના પટાંગણમાં બીજો એક મંડપ હોય છે, જે નટમંદિર અથવા નટમંડપ કહેવાય છે. મંદિરનાં વિધિવિધાનોના અંગભૂત નૃત્ય-સંગીતાદિ કાર્યક્રમો માટેનું આ સ્થાન છે. જગમોહનમાં ઊભા રહીને યાત્રીઓ મૂર્તિનાં દર્શન કરતા હોય ત્યાં આવા સમારંભો થઈ ન શકે, એટલે તેને માટે આ નટમંદિર જુદું હોય છે. નટમંદિરથી થોડેક આગળ બીજો એક મંડપ આવે છે, જે ભોગમંદિર કે ભોગમંડપ કહેવાય છે. ભગવાનનો પ્રસાદ (ભોગ) રાખવાનો તેમજ વેચવા અને વહેંચવા માટેનો એ મંડપ છે. લિંગરાજ, અનંત વાસુદેવ તેમજ જગન્નાથ, ત્રણેમાં આ પ્રકારની યોજના છે.

ઓરિસાનાં મંદિરોની બીજી એક વિશેષતા એ છે, કે એ મંદિરોની બહારની દીવાલો નાનાં મોટાં અનેક શિલ્પોથી ભરપૂર હોવા છતાં અંદરની દીવાલો લગભગ મસ્જિદ જેવી સાદી છે.

લિંગરાજના ભવ્ય મંદિર અને ઉત્તુંગ શિખરની છાયા આખા ભુવનેશ્વર પર પથરાએલી છે. આજનું ભુવનેશ્વર એટલે જાણે કે લિંગરાજનું નગર. લિંગરાજનું એ મંદિર ઇ.સ.ના દસમા સૈકામાં ઓરિસાના રાજા યયાતિ કેસરીએ બંધાવ્યું હતું. ૫૨૦×૪૬૫ ફૂટના પટાંગણમાં આવેલા વિશાળ મંદિરની આસપાસ અનેક નાનાં મંદિરો છે.

લિંગરાજનું શિખર ૧૨૭ ફૂટ ઊંચું છે અને એનો આકાર એક વિશાળ શિવલિંગ જેવો છે, જેમ અનંત વાસુદેવનું શિખર, ઊભેલા મુકુટધારી વિષ્ણુમૂર્તિનો ખ્યાલ આપે એવું છે. લિંગરાજનું મંદિર એ કલિંગ દેશમાં વિકસેલી સ્થાપત્યપરંપરાનો એક ઉત્તમ નમૂનો છે અને તેનું શિખર તો દુનિયાનાં એ પ્રકારનાં યાદગાર સ્થાપત્યોની હરોળમાં ઊભું રહી શકે એમ છે. આવાં ઊંચાં શિખરો અને ગોપુરો બાંધવા માટે, એના કળશ સુધી ભારે પથ્થરો શી રીતે ચડાવતા હશે એનું સ્વાભાવિક કુતૂહલ થાય. એમ કહેવાય છે, કે જેમ બાંધકામ ઊંચું જાય તેમ એની બાજુમાં એટલો જ ઊંચો માટીનો ઢાળપડતો થર ચઢાવવામાં આવતો, અને એ ઢાળ પરથી પથ્થરો ઉપર ખેંચવામાં આવતા. લિંગરાજના મંદિર માટે પથ્થરો લાવવાનું સ્થળ ઉદયગિરિ–ખંડગિરિ અને તેની આસપાસના પ્રદેશમાં હતું, ને એથી આવો ઢાળ શિખરની પશ્ચિમ બાજુએ બનાવવામાં આવ્યો હતો.





લિંગરાજ મંદિરની દીવાલો ઉપરનાં, સંસારભરની લીલાઓ દાખવતાં ભરચક શિલ્પોમાંના બે નમૂના: ડાબી બાજુ 'યુગલ'–એમાંના મુખભાવમાંની મસ્તી અને આભંગયુક્ત અંગની ગૂંથણીથી રચાતું ચિત્રસંયોજન નોંધપાત્ર છે. જમણી તરફ–'નૂપુરધારિણી'–એના તંદુરસ્ત અંગની ભંગી, અભ્યાસ કરવા યોગ્ય આભૂષણો તથા મોં પરની મુસ્કરાહટ જુઓ. (ફોટો ચંદુભાઈ ભટ્ટ)

મંદિરની પશ્ચિમ બાજુએ જણાતા કેટલાક ટેકરા છે તે આ માર્ગ માટે ભરવામાં આવેલી માટીના અવશેષ છે. આ ઢાળવાળા માર્ગનો છેડો જ્યાં આવતો, એ સ્થળે ચરનારાયણ નામનું મંદિર બાંધવામાં આવેલું છે. 'ચર'નો અર્થ ઊડિયા ભાષામાં 'ચઢાણવાળો માર્ગ' એવો થાય છે, એટલે આ વિચારને વિશેષ અનુમોદન મળે છે.

લિંગરાજ મંદિરની બહારની દીવાલો પર ચોમેર અલંકરણો તરીકે શિલ્પશાસ્ત્રાનુસાર મુકાએલાં સેંકડો શિલ્પો અને મૂર્તિઓનું વર્ણન કરવાનું આ સ્થળ નથી. તોપણ આ મંદિરની પાર્વતી, કાર્તિકેય, અગ્નિ અને કુબેરની ઉત્તમ મૂર્તિઓનો નિર્દેશ કરવો યોગ્ય છે.

લિંગરાજનું મંદિર જોકે ભવ્ય અને વિશાળ છે, પણ આ મંદિર-સમૂહના રત્નરૂપ, હૃદયસ્પર્શી ઊર્મિકાવ્યો જેવાં મંદિરો ભુવનેશ્વરમાં બીજાં ત્રણ છે: વેતાલ દેવળ, મુક્તેશ્વર અને રાજરાણીનું મંદિર.

વેતાલ દેવળ એ લિંગરાજના મંદિરથી વાયવ્યે થોડેક દૂર આવેલું છે. આજે તો એમાં વેતાલની નહિ, પણ ભુવનેશ્વરની ગ્રામદેવતા ચંડિકાની મૂર્તિ છે. એ પરશુરામેશ્વરનું લગભગ સમકાલીન ગણાય છે. કેવળ ૩૫ ફૂટ ઊંચા શિખરવાળું આ અદ્‌ભુત સૌંદર્યશાળી નાનકડું મંદિર ઓરિસાનાં ભારતીય આર્ય સ્થાપત્ય-સંપ્રદાયનાં મંદિરોમાં પોતાની વિભિન્ન રચનાને કારણે જુદું જ તરી આવે છે. (પૃ.૩૮૭)

માત્ર ૨૫ ફૂટ ઊંચા શિખરવાળું મુક્તેશ્વરનું નાનકડું મંદિર ઓરિસાની સ્થાપત્યકલાની એક ઉત્તમ સિદ્ધિ છે અને કેટલાક કલા-વિવેચકોએ તો એ અનવદ્ય કલાકૃતિ માટે 'રેતિયા પથ્થરનું સ્વપ્ન' (Dream in sandstone) એવો શબ્દપ્રયોગ કર્યો છે. આ મંદિરની સામે એક તોરણ છે, કે જેવું તોરણ ઓરિસાનાં વિદ્યમાન મંદિરોમાં અત્યારે નથી. ગુજરાતમાં આવાં તોરણો વડનગર, સિદ્ધપુર, પિલુદ્રા, કપડવણજ, દેલમાળ વગેરે સ્થળે છે. આ તોરણોને કીર્તિસ્તંભ નામ આપવામાં આવે છે એ યોગ્ય નથી. મંદિરના દ્વાર સામે ઊભા કરવામાં આવેલા એ સુશોભનયુક્ત દરવાજા કે 'તોરણ' જ છે.

આ સમૂહના રત્નરૂપ ત્રીજું રાજરાણીનું મંદિર ઈ.સ. ૧૦૦૦ના અરસામાં બંધાયું હોવાનું મનાય છે. તે સમયના રાજ્યકર્તા ગંગ વંશનાં કોઈ રાજરાણીએ બાંધ્યું હોવાથી એ રાજરાણીનું મંદિર કહેવાય છે એવી સાધારણ માન્યતા છે. પણ શ્રી મનોમોહન ગાંગુલી સૂચવે છે, કે પીળાશપડતો રેતિયો પથ્થર જે ઓરિસામાં રાજ-રાણિયા પથ્થર તરીકે ઓળખાય છે એનું આ મંદિર બાંધેલું હોઈ તે રાજરાણી મંદિર કહેવાય છે. આ મંદિરમાં અત્યારે કોઈ મૂર્તિ નથી. પણ મંદિરના શિલ્પનું અવલોકન કરતાં મંદિરના જગમોહનના ઓતરંગ ઉપર લકુલીશની અને એની બંને બારસાખો ઉપર શૈવ દ્વારપાલો ચંડ અને પ્રચંડની મૂર્તિઓ છે; વળી મંદિરના વિમાન ઉપર નટરાજ, લિંગપૂજા ને શિવવિવાહનાં શિલ્પો છે, તેમજ નિશાપાર્વતીના પારિભાષિક નામે ઓળખાતી પાર્વતીની મૂર્તિ પણ છે. આથી એ શૈવમંદિર હોવા વિષે શંકા નથી. એટલે ઓરિસાનાં શૈવ મંદિરોમાં એક કાળે લકુલીશ કે નટરાજની પણ પૂજા થતી એમ માની શકાય."

આ તરફના એક માત્ર કોણાર્કના મંદિરના અપવાદને બાદ કરીએ તો ઓરિસાનાં મંદિરોની લાક્ષણિકતા એના સર્વોત્તમ સ્વરૂપે આપણને રાજરાણીના મંદિરમાં જોવા મળે છે."

(**રમી માસ્ટર** અનુસંધાન પૃષ્ઠ ૩૬૮થી) જેમ જ સમજ ને?'

સુશીલાને પતિનો જુગારનો ચસરકો ન ગમે એ સ્વાભાવિક છે. એમાંની કમાણીથી બધા મોજશોખ માણી શકાતા એ ખરું, પણ ક્યારેક હારી જાય તો એમ જ પાયમાલ થઈ જવાશે એ તે સમજતી. એટલે નેમચંદના આ 'માગ, માગ, જે માગે તો આપું' શબ્દો સાંભળી એકવાર એ બોલી, 'તો વચન આપો કે હવે પત્તાંને નહિ અડું.'

નેમચંદ ખિસ્સામાંથી પત્તાની જોડો કાઢી બોલ્યો: 'અરે, આ તો મારું જીવન છે, જીવન! આવું શું માગે છે? પત્તાંને નહિ અડું તો આ બધા મોજશોખ ક્યાંથી રહેવાના?'

સુશીલા રડવા જેવી થઇ જતાં બોલી, 'ન રહે તો કૈં નહિ. સાદાઈથી રહીશું. પણ આ કાયમનો નાદ શું સારો?' નેમચંદ હસતો હસતો બહાર નીકળી બોલ્યો, 'અરે, વાહ રે વાહ! પત્તાંને તે છોડાય કૈં?' સુશીલા ચાલ્યા જતા પતિ તરફ કરુણ નજરે જોઈ રહી.

એમ તો સુશીલા પણ રમી રમવાનો આનંદ ન સમજતી એમ નહિ. જાગરણના દિવસોમાં સખીઓ સાથે રમતી હોવાથી એ પોતે પણ ઠીકઠીક રમી જાણતી. પણ જે હદે નેમચંદે રમીને કમાણીનું સાધન બનાવેલી એ તો ભયંકર જ હતું. છેવટે એણે એક નવો રસ્તો શોધી કાઢ્યો. એક દિવસ પતિની રાહ જોતી એ મોડી રાત સુધી જાગતી જ રહી. છેક દોઢ વાગ્યે નેમચંદ આવ્યો. સુશીલાને પત્તાંની જોડો લઈને પલંગ પર બેઠેલી જોઈ તેને આશ્ચર્ય થયું.

'હજી તું જાગે છે?—અને આ પત્તાં લઇને શું બેઠી છે? એનો નાદ સારો નથી, હં?' મજાકમાં કટાક્ષ કરતો હસતો હસતો તે બોલ્યો.

પણ સુશીલા ગંભીર હતી. એણે પૂછ્યું: 'આ તમે કાયમ રમી રમો છો તે કદી નથી હારવાના? ક્યારેય માઇનસમાં નહિ જાઓ?'

• નેમચંદ હસ્યો, 'આ જન્મમાં તો નહિ જ. ઊઠું ત્યારે પ્લસમાં ન રહું તો રમી-માસ્ટર ન કહેવાઉં. અત્યારે ય સત્યાવીસેક રૂપિયા ખાટી આવ્યો છું. નાનીમોટી કોઇ પણ ગેઈમ હોય, આપણે થોડાઘણા પણ પ્લસમાં તો રહેવાના જ!'

સુશીલાને પતિનો આ આત્મવિશ્વાસ ડરાવતો હતો. એકબે વાર કહેલી વાતનો નિર્દેશ કરતાં એણે પૂછ્યું: 'યાદ છે મેં રઘડા નતોડની એક વાર્તા કહી હતી તે?'

'એ થઈ ચોપાટની વાત, અને આ છે પત્તાંની. ત્યાં બધો આધાર કોડા પર ને અહીં તો બુદ્ધિ ચમકાવવાની!' એના શબ્દોમાં અભિમાન ભારોભાર હતું.

'કેમ, રમીમાં પણ પાનાં પર તો આધાર ખરો જ ને? જો પાનાં ઢંગધડા વિનાનાં આવે કે નસીબજોગે ખેંચવામાં પણ છેક સુધી જરૂર વિનાનાં જ આવ્યા કરે તો?' સુશીલાએ સંભાવનાઓનો ભય બતાવ્યો.

'તો શું?—એવું કદી બને જ નહિ....પણ તું આ બધું ક્યાંથી જાણે? આવડે છે કે શું તને?' નેમચંદે આશ્ચર્ય પામતાં પૂછ્યું.

સુશીલા ફિક્કું હસી: 'હા, આવડે તો છે. એ આવડતનો આજ ઉપયોગ કરવો છે,—ગુસ્સે ન થાઓ તો.'

'સરસ! ચાલો, ઘરમાં પણ એક જોડીદાર મળી ગઈ. હા, પણ ઉપયોગ કરવાનું શું કહેતી હતી?'

'મારે આ તમારો પ્લસમાં રહેવાનો ગર્વ ઉતારવો છે. તમને હું માઇનસમાં લાવી દઉં તો?'

'હો!—હો!—હો! તું?...' નેમચંદથી ખડખડાટ હસી જવાયું: 'તું? અને તે મને માઇનસમાં લાવવાની?'

સુશીલા વધુ ગંભીર થતાં બોલી: 'હા, એક કલાકમાં હું તમને માઇનસમાં લાવી દઉં. રમત બંધ કરીએ ત્યારે જો તમે માઈનસમાં હો તો...તો...તમારે રમી રમવું બંધ કરવું! બોલો, છે કબૂલ?'

'કબૂલ! કબૂલ!' નેમચંદને ગમ્મત પડતી હતી: 'રમી રમવું તો શું, તું કહે છે એમ પત્તાંને ય ન અડું.'

સુશીલાના ગંભીર ચહેરા પર આનંદની સહેજ ઝલક દેખાઈ. અત્યાર સુધી એ ઈશ્વરને મનોમન પ્રાર્થના કર્યા કરતી હતી કે પોતે જે અજમાવે છે એ ઉપાય સફળ થાય ને નેમચંદ રમીના નાદમાંથી છૂટે.

એની પ્રાર્થનાના ફળસ્વરૂપે કહો કે પછી નેમચંદનું નસીબ નવો ઝોક લઇ રહ્યું હતું એ કારણે કહો. ગમે તેમ. પણ સુશીલા પહેલી જ રમતથી પ્લસમાં રહેવા લાગી. વચમાં બેત્રણ ગેઇમ નેમચંદે લીધી ખરી, પણ એ વખતે સુશીલાએ આપેલાં પૉઈન્ટ પાંચસાત માંડ હતાં. નેમચંદને આશ્ચર્ય થતું જતું હતું.

ચાલુ રમતે પણ સુશીલા મનમાં પ્રભુને પ્રાર્થના કરતી વાતો કર્યે જતી હતી. પત્તાંના નાદનાં બૂરાં પરિણામ વિષે એ વારંવાર દાખલાઓ દેતાં બોલતી હતી: 'હવે તો કૈંક પૈસો ય થયો છે. આ પછી તો રમીનો નાદ છોડવો જ જોઇએ. અત્યારે આપતા જાઓ છો એમ આખી રાત કોઇ મોટી ગેઈમમાં માઈનસ પૉઇન્ટ્સ આપતા જાઓ તો ન જાણે શું યે પરિણામ આવે. પેલા તમારા બલવંત વીરને જોયો? દલાલીના ધંધામાં પાંચ પંદર હજાર બનાવી લીધા પછી એ પત્તાંને હાથે અડાડે છે? સપ્લાયનો ધંધો નથી લઇ બેઠો? કારણ કે એ સમજે છે કે કમાએલું આમાં ગુમાઇ પણ જાય, અને એમ થાય ત્યારે માણસની એવી પડતી આવે કે ખાવાનાં ય સાંસાં પડે. પૈસો થયો છે તો પછી શા માટે કોઈ ધંધામાં ન પડવું?' આમ કૈં ને કૈં અસરકારક રીતે સુશીલા ફેરવીફેરવીને બોલતી હતી.

નેમચંદ આજ કૈંક શાંતિમાં હતો. મનના ઊંડાણમાં તો આ વાત ક્યારની તેને જચવા લાગી હતી. આજ આ વાત વિશેષ અસર કરવા લાગી. ઉપરાઉપરી માઈનસમાં જ જતી ગેઇમ પણ આ વિચારને ઉત્તેજવા લાગી. આ કૈં સ્થિર કમાણીનું સાધન તો ન જ કહેવાય. પૈસો થયો છે તો કશોક સાધારણ ધંધો શા માટે ન ઉપાડવો?

આમ એ વિચારતો હતો ત્યાં ઘડિયાળમાં અઢીનો ટકોરો થયો. સાથેસાથે જાણે નેમચંદના હૃદય પર પણ ટકોરો થયો. રમત બંધ કરતાં, પાનાં ઉડાડી દેતાં એણે બે ચોક્કસ નિશ્ચય કરી નાખ્યા: એક તો કદી પત્તાં ન રમવાનો, અને બીજો કોઈ ધંધામાં ઝંપલાવવાનો.

આ નિશ્ચયો સાંભળી સુશીલાને જે હર્ષ થયો એ તો અવર્ણનીય જ હતો. પોતાની પ્રાર્થનાનું જ આ પરિણામ, એમ તેને લાગ્યું.

અને ત્યાર પછી તો નેમચંદનું જાણે કે જીવન જ પલટાઈ ગયું. એણે બહુ જ સ્પષ્ટ અને ગંભીરરીતે મિત્રોને પોતાનો નિશ્ચય જણાવી દીધો અને મિત્રોને મળવાનું બંધ કર્યું. જેને રમવું હોય એને ક્લબ રૂમ પર રમવાની છૂટ હતી. નેમચંદે તેની ચાવી પણ સોંપી દીધી. બધાને નેમચંદના આ એકાએક થયેલા પરિવર્તનથી આશ્ચર્ય તો ખૂબ જ થયું. પણ નેમચંદનો નિશ્ચય અડગ હતો.

નેમચંદે હવે એક સ્ટોર નાખ્યો હતો. આ જીવનપલટાથી એ ખુશ રહેતો. સુશીલા તો વિશેષ ખુશ રહેતી. સંતોષ અને આનંદથી તેમનું જીવન ભર્યુંભર્યું બનતું જતું હતું.

અલબત્ત, કયારેક નેમચંદનું મન રમી માટે આતુર ન બનતું એમ નહિ. પણ આવી આતુરતા દાબી દેવાની શક્તિ તેનામાં આવી ગઈ હતી. કયારેક દુકાન બંધ કરવા ટાણે પાંચસાત જ રૂપિયાનો વકરો જોઇ એને જૂના દિવસો યાદ આવતા, જ્યારે ફક્ત પત્તાંના જોરે જ એ રાત પડ્યે સહેલાઈથી ઓછામાં ઓછા પંદરવીસ કમાઈ શકતો.

માનસની કદાચ વિલક્ષણતા જ હશે કે અમુક આદત કે વ્ય-

સનને તજી દીધા પછી એ માટે લાંબા સમય સુધી નફરત રહે, તે છતાં ક્યારેક તો એ તરફ કૈંક અદમ્ય આકર્ષણ ઉત્પન્ન થાય,—એટલું અદમ્ય કે નિરુપાય બનીને પણ માણસ એ તરફ ઘસડાય!

નેમચંદનું પણ એવું જ થયું. દુકાન બંધ કરવાની એ તૈયારી કરતો હતો ત્યાં મનુ 'ડાંડ' આવી પહોંચ્યો. એ કોઇ કંપનીનો કૅન્વાસર બન્યો હતો અને હવે બેત્રણ મહિને અહીં પંદરવીસ દિવસ માટે આવતો રહેતો. કમાવાની લાલચે એ નેમચંદની ક્લબ રૂમ પર પણ જતો. એ જોકે મોટે ભાગે માઈનસમાં જ રહેતો, પણ પૂરેપૂરું કૅશ પેમેન્ટ તો એ ભાગ્યે જ ચૂકવતો. બાકી રહેલી રકમ તો એ ગોટાળી પણ દેતો. આ જ કારણે બધા એને ડાંડ કહેતા.

એને પણ જાણ તો થઇ હતી કે નેમચંદે રમવાનું બંધ કર્યું છે, છતાં એ નેમચંદ પાસે આવ્યો હતો. 'તારા જેવો જોરદાર કોઇ રમનાર મળે નહિ અને મારા ગએલા પૈસા આવે નહિ.' એણે નેમચંદને કહ્યું. મનુ ડાંડ કદી પણ જીત્યો હોય એવું બન્યું ન હતું. નેમચંદને હસવું આવ્યું: 'ન જોયો હોય પૈસા પાછા મેળવનારો મોટો! તારા જેવો ભોટ તે વળી રમીમાં ગએલા પૈસા પાછા મેળવી શકે ખરો?'

મનુ ડાંડ ઉશ્કેરાઈ ગયો: 'કૈં વાત છે? મરદ હો તો આવ આપણે શરત સાથે આજ જીતવું.'

જૂની આદતે, અને અભિમાને કહો તો અભિમાને, જોર કર્યું અને નેમચંદથી બોલી જવાયુ: 'લાગી સો સોની?'

'હા, હા, લાગી!' મનુ ડાંડ તૈયાર હતો. નેમચંદ હવે કદી રમે જ નહિ એવી વાત સાંભળી "એને રમાડું જ" એવી સોની શરત એક જણ સાથે એ મારીને જ ચાલ્યો આવતો હતો. એટલે આ શરત કબૂલવામાં તો એને કૈં નુકસાન નહોતું જ.

નેમચંદનું કાબૂમાં રહેતું મન આજ બેકાબૂ બની ગયું હૃદય રોકતું હતું, પણ બુદ્ધિ સમજાવતી હતી કે 'એમાં શું? ક્યાં રોજ રમવું છે? બેક કલાકમાં જે આ મુરખાને હલાલ કરાય તે. ને પાછા શરતના મળશે એ જુદા.' એક તો ઘણા વખતથી ન રમ્યો હોવાથી જાગેલી તીવ્રેચ્છા અને પાછી કમાણીની લાલચ. નેમચંદ પલળી ગયો.

બન્ને ક્લબરૂમ તરફ ઊપડ્યા. પણ ત્યાં કોઈ ન હતું. તપાસ કરી તો જણાયું કે બધા પિકચરમાં ગયા હતા. નેમચંદને યાદ આવ્યું કે સુશીલા પણ પાડોશીઓ સાથે કોઈક ધાર્મિક ચિત્રમાં જવાની વાત કરતી હતી. તો તો ઘેર જ રમીએ.

નેમચંદ મનુ ડાંડને લઈ ઘર તરફ ચાલ્યો. રસ્તામાં, યાદ આવતાં સોનીને ત્યાં નવા ઘાટ કરવા આપેલાં ઘરેણાં લેવા રોકાયો, ને બિલના પૈસા ચૂકવી, ઘરેણાં લઇ બંને ઘેર આવ્યા. પોતાની ચાવીથી ઘર ખોલતાં નેમચંદે પૂછ્યું: 'પણ પત્તાં તો છે ને અલ્યા તારી પાસે?'

'બેશક, હવે તો હું પણ તારી જેમ બે જોડ સાથે જ રાખું છું.'

ફક્ત દસ જ ગેઇમ રમવાનું નક્કી કરી બન્નેએ શરૂ કર્યું.

પહેલી રમતમાં નેમચંદે તરત જ રમી બનાવી લીધી. પણ પેલાએ આખા સત્તર જ પૉઈન્ટ આપ્યા. એ પછીની રમતમાં નેમચંદને તેરમાંથી નવ તો પિકચર્સ આવ્યાં અને બાકીના ચાર પણ સત્તા—નવ્વા જ હતા. એમાં યે વળી ઘણાંખરાં તો ડબલ પાનાં હતાં. હજી તો તે આ બધાંનો નિકાલ કરે, પત્તાંઓને કૈંક એકબીજા સાથે સંબંધવાળાં બનાવે ત્યાં તો મનુ ડાંડે રમત કરી નાખી! નેમચંદે તો હજી સીક્વેન્સ પણ નહોતી કરી. ખારસા એક સો ને સત્તર પૉઇન્ટ આપવા પડ્યા. નેમચંદે એ પછી ઉપરાઉપર ત્રણ રમતો લીધી. પણ વધુમાં વધુ મનુ ડાંડે ફક્ત સાડત્રીસ જ પૉઇન્ટ આપ્યા. હજી નેમચંદ માઈનસમાં જ હતો. પાંચ રમત તો થઇ પણ ગઇ હતી.

આ પછી બે મોટી રમતો મનુ ડાંડે લીધી. આઠમી રમતમાં નેમચંદે ચોથા રાઉન્ડમાં જ રમી કરી નાખી. મનુ ડાંડે પહેલી વાર સો ઉપર પૉઈન્ટ આપ્યા. નવમી રમત પણ નેમચંદને જ મળી. હવે જો છેલ્લી રમત પણ નેમચંદ કરી નાખે તો જરૂર પ્લસમાં આવી જાય.

અને એણે કરી પણ ખરી! પણ મનુ ડાંડે આખા ચાર જ પૉઈન્ટ આપ્યા. નેમચંદ કૈંક હતાશ થઈ ગયો.

હિસાબ કરતાં નેમચંદ ખાતે સત્યાવીસ માઇનસ પૉઇન્ટ હતા. મનુ ડાંડ પત્તાંની જોડ ખિસ્સામાં મૂકતો બોલ્યો 'ચાલ, કરી નાખ હવે એક સો સત્યાવીસનું પેમૅન્ટ, એટલે એકાદ સૂટનો ખર્ચ નીકળી જાય.'

નેમચંદે પાકિટમાંથી વીસ રૂપિયા કાઢી આપતાં કહ્યું, 'બાકીના કાલ દુકાનેથી લઇ જજે. ઘરમાં નથી અત્યારે.'

'ઊં...હું. ઉધાર કી બાત હી નહિ. તેં રાખ્યા છે કોઈ દિવસ?' મનુ ડાંડ ખંધું સ્મિત કરતાં બોલ્યો.

'એટલે?' નેમચંદની આંખ ખેંચાઇ.

'એટલે બેટલે કાંઈ નહિ. યાદ છે, તેં મારી વીંટી કઢાવેલી?... આજ બંદા પણ પેમેન્ટ તો કૅશ જ લેવાના.' મનુ ડાંડે નફટાઇથી કહ્યું.

એની વાત ખરી હતી. આ ડાંડ બધાના પૈસા ગોટાળી દેતો હોવાથી નેમચંદ એનું ઉધાર ભાગ્યે જ રાખતો. એટલે તે દિવસે ગુસ્સામાં ડરાવીને વીંટી જ કઢાવી લીધેલી. જોકે બીજે દિવસે પેમેન્ટ મળતાં પાછી પણ આપી દીધેલી.

'એટલે? તારો ઈરાદો શો છે?' નેમચંદ ગુસ્સામાં આવતો હતો.

'ઈરાદો કૈં જ નહિ.' ઠંડી રીતે બોલતાં મનુ ડાંડ ઊભો થયો. 'હમણાં સોનીને ત્યાંથી લાવ્યો એમાંથી એકાદ નાનું ઘરેણું બહાના તરીકે આપી દે.' વેર જ વાળતો હોય એમ એ બોલતો હતો.

ત્યાં તો એકાએક નેમચંદની એવી સખત થપાટ મનુ ડાંડના મોં પર પડી કે તે ગોથું ખાઇ ગબડી પડ્યો. ઘરેણું માગવા જેટલી તેની ધૃષ્ટતા કરવાથી ચિડાયો એથી યે વધુ તો નેમચંદ મનુ ડાંડ ઊભો થતાં એની નીચેથી નીકળી પડેલાં બેપાંચ પાનાં જોઇ ચિડાયો. લુચ્ચાઇ કરી જીતી ગયો? એ ખ્યાલે એનો ક્રોધ બેકાબૂ બની ગયો.

'દગલબાજ કુત્તા! એક તો લુચ્ચાઇ કરી અને પાછો કૅશ પેટ ઘરેણાં માગવા નીકળ્યો છે? તારા જેવા તો કૈંકને કાચા ખાઈ ગયો.'

પણ મનુ ડાંડ ગાંજ્યો જાય એમ ન હતો. જ્યારે ને ત્યારે આમ અપમાન કરી નાખતા નેમચંદને આજ તો બતાવી જ આપવા એ તૈયાર થયો હતો. ભલે જે થવું હોય તે થાય! એ ઊભો થઈ સીધો નેમચંદ પાસે પહોંચી એનો કૉલર પકડતાં બોલ્યો: 'રમત પૂરી થયા પછી કૈં નહિ બોલવાનું. ગમે તે થાય, પેમેન્ટ તો આજે જ લેવાનો; ને ન લઉં તો આ મૂછો મુંડાવી નાખું.' એની ભરાવદાર મૂછો પર એની જાડ આંગળીઓ ફરી રહી.

નેમચંદ ઉશ્કેરાટવાળા સ્વભાવનો હતો. મનુ ડાંડ ગામેગામનાં પાણી પી ડામીચ જેવો બની ગયો હતો. બોલાચાલી મારામારીમાં પરિણમી. રોકનાર કોઈ હતું નહિ એટલે વાત આગળ વધી.

નેમચંદે મનુ ડાંડને પગની આંકડી ભરાવી ધક્કો દઈ ચત્તોપાટ પાડી દીધો. પણ પેલાએ ઝડપથી ઊભા થઈ નેમચંદને આખો ને આખો ઊંચકી નીચે ફરસ પર પછાડ્યો. નેમચંદનું મગજ ભમી ગયું. તેની આંખોમાં ખુન્નસ ભરાઈ આવ્યું. ઊભા થઈ એણે મનુ ડાંડને ગળેથી દબાવી દીધો. પકડ એવી મજબૂત આવી ગઈ હતી કે પેલાથી શ્વાસ પણ નહોતો લેવાતો. એનું બધું જોર ઊતરી જતું લાગ્યું. છૂટવાનો પ્રયત્ન કરવા જતાં એ લથડ્યાં અને પાછળ હઠ્યો. સાથે નેમચંદ પણ પકડ ઢીલી ન કરતાં એની સાથે ઘસડાયો.

સાલા, ડામીચ! મારી, સાથે ગુંડાગીરી કરે છે? હવે તો આ ગામમાંય આવતો ભુલાવી દઉં તને.' નેમચંદે ગળું વધુ દબાવતાં કહ્યું.

લથડતા, પાછળ હઠતા એ બંને બારી પાસે આવી ગયા હતા. બારીનો પર્દો પણ ચિરાઈ ગયો હતો. મનુ ડાંડ કમજોર બન્યો હતો એ ખરું, પણ તે છતાં એનું તગડું શરીર સારા દાવ જાણતું હતું. બધું જોર એકઠું કરી એ બારી આગળથી પાછળ ફરી ગયો અને નેમચંદને કમરેથી મજબૂત ઝાલ્યો. ગળું ખૂબ દબાતું હતું, શ્વાસ રુંધાતો હતો, છતાં યે એણે કમરેથી ઝાલેલા નેમચંદનું અર્ધું શરીર ગુસ્સામાં બહાર લટકાવ્યું. ગળાની પકડ છોડાવવાના ઈરાદે જ કદાચ આમ કર્યું હશે. અને નેમચંદથી પકડ છૂટી પણ ગઇ. એ પકડ છૂટતાં જ મનુ ડાંડથી પણ નિરાંત અને છુટકારાનો લાંબો શ્વાસ લેતાં, નેમચંદની કમરે મૂકેલા હાથની પકડ પણ છૂટી ગઈ!

કૈં સમજાય તે પહેલાં તો એક ચીસ નીચી ઊતરતી લાગી. નેમચંદ ત્રીજે માળથી ગબડયો હતો. મનુ ડાંડથી પણ ભયની ચીસ પડી ગઈ.

ત્યાં તો દરવાજો ખુલવાનો અવાજ સંભળાયો. નેમચંદની પત્ની જ આવી પહોંચી હશે! મનુ ડાંડ બીધો. એ બાઇ જો ચીસાચીસ કરશે તો જરૂર પોતે પકડાવાનો ને નેમચંદના ખૂન માટે—યા કે નહિ તો ખૂન કરવાના પ્રયત્ન બદલ સજા... ફાંસી...

વિચાર માત્ર ભયંકર હતો. એ ઝટ દરવાજા પાછળ લપાઈ ગયો અને સુશીલા અંદર પેસતાં જ સરકીને બહાર નીકળી ગયો.

સુશીલાને એનો ભણકારો આવ્યો. પણ એ કૈં સમજી શકી નહિ. કૈંક ડરી ખરી, કૈંક અનિષ્ટનો ભય તેને ધ્રુજાવી ગયો. બારી તરફનો પર્દો ફાટેલા જેવો કેમ લાગતો હતો? એ બારી તરફ દોડી. ત્યાં નીચે નજર પડતાં એના મોંમાંથી કારમી ચીસ નીકળી ગઇ.

નીચે કૉમ્પાઉન્ડના બગીચામાં નેમચંદના શરીરની આસપાસ કેટલાક લોકો ટોળે વળ્યા હતા. સુશીલાનું ચક્કર ખાતું મગજ ભયંકર કલ્પનાઓ કરી બેઠું. એનું હૃદય બેસી ગયું. આંખે અંધારાં આવવા લાગ્યાં.

પણ જેટલી ભયંકર કલ્પનાઓ થઈ આવી હતી એવું તો નહોતું જ બન્યું. નેમચંદ બચી ગયો હતો. પણ એને માથામાં ઈંટો સખત વાગી હતી. આંખો અને ચહેરા પર કાંટાના ઉઝરડા પણ ખૂબ પડ્યા હતા. લોહીભર્યો એ ચહેરો કેવો બિહામણો લાગતો હતો?

ઑસ્પિટલમાં ડૉક્ટરે તાત્કાલિક સારવાર કરી લીધા પછી જણાવ્યું કે આંખોમાં પણ કાંટા પેસી ગયા છે એટલે તુર્ત ઑપરેશન નહિ થાય તો કદાચ આંખો તો શું પરંતુ તેના ઝેરથી જાન પણ...

સુશીલાથી વધુ સંભળાયું નહિ એનાથી મોટું ડુસકું મુકાઇ ગયું.

ઑપરેશન કરવામાં આવ્યું. જાન તો બચી ગયો પણ આંખો સદા માટે બંધ જ રહી. સુશીલાએ હવે આખી વાત નેમચંદ પાસેથી સાંભળી હતી. એણે રડતા અવાજે કહ્યું, 'તો આપી દેવું'તું ને મૂઆને એકાદ ઘરેણું! નકામી આંખો ખોઈ?'

નેમચંદ ફિક્કું હસતાં બોલ્યો, 'આંખો ગઇ તો ભલે ગઈ, સારું જ થયું. હવે પત્તાં તો કદી નહિ રમી શકાય? પેલું તો હું પાછો ઘસડાઈ ગયો હોત. એમ માન ને, કે "સમજની આંખો" આવી.'

'તમે ય પાછા પ્રજ્ઞાચક્ષુ ને દિવ્ય ચક્ષુની વાતો કરવા મંડ્યા?' સુશીલા દિલગીરીને ભૂલવાનો પ્રયત્ન કરતાં દુઃખભર્યું હસી.

'એ બધું તો કોણ જાણે!...પણ હવે તો તું જ મારી આંખો.' નેમચંદે સુશીલાના કોમળ હસ્ત પર પોતાની આંગળીઓ રમાડતાં કહ્યું. સુશીલાથી ન રહેવાયું.

ઓરડામાં આવતી નર્સ અંદરનું દૃશ્ય જોઈ શરમાળ સ્મિત કરતી બારણેથી જ પાછી ફરી.

લલિત પરીખ



OUR FRIENDS ABROAD

પત્રમિત્ર વિભાગ



મુંબાઈ સરકારના હસ્તાક્ષર-નિષ્ણાત શ્રી ટી.જે. ગર્જ્જર હાલ અમેરિકામાં ગુના-શોધક વૈજ્ઞાનિક સાધનોનો સવિશેષ અભ્યાસ કરી રહ્યા છે અને આ ક્ષેત્રમાં પોતાની બુદ્ધિ-શક્તિ દાખવીને બહુ જૂજ હિંદીઓને મળ્યું હોય તેવું વિરલ માન તેમણે ત્યાં મેળવ્યું છે. એમને સ્ટીમર ઉપર એક જર્મન કુમારનો ભેટો થઈ ગએલો. હમણાં લગભગ ૩૫૦ જર્મન કુમાર-કુમારીઓ અમેરિકામાં એક વર્ષ માટે રહેવા, ત્યાંના લોકો તથા વિચારોનો સંપર્ક પામવા તેમજ ત્યાંનાં ખેતરોમાં કામ કરવા માટે ગયાં છે. અમેરિકાના ખેતીવાડી ખાતા તરફથી એવી યોજના કરવામાં આવી છે, જેની રૂએ એ દેશનાં વિવિધ રાજ્યોના ખેડૂતો આ વિદ્યાર્થીઓને પોતાનાં ખેતરો પર રાખીને આ લાભ આપશે. એ યોજના હેઠળ અમેરિકા જઈ રહેલો જર્મન કુમાર મિ. વર્નર ફૉર્મ (Werner Form) શ્રી ગર્જ્જરને સ્ટીમર પર મળેલો. તેનો એ વિષયનો પત્ર શ્રી ગર્જ્જરે અમને મોકલીને જણાવ્યું છે કે આ રીતે જો હિંદનાં કોઇ માબાપ કે કુટુંબ મિ. ફૉર્મને હિંદી જીવનનો સંપર્ક પામવા પોતાને ત્યાં થોડો સમય રહેવા દેવા ઈચ્છતાં હોય તો બદલામાં તેમના કુમાર કે કુમારીને મિ. ફૉર્મનાં માબાપ અમેરિકાના ખેતર પર એ રીતે રહેવા દેવાની વ્યવસ્થા કરી આપવા ખુશી છે. એ પત્રનો પ્રસ્તુત ભાગ અહીં આપીએ છીએ:

Werner Form C/o Mr. & Mrs. Schlafly
7 Westmoreland-Place, St.Louis-8, Missouri (U.S.A.)
October 4, 1951

પ્રિય શ્રી ગર્જ્જર,

આપના પત્ર માટે ઘણો આભારી છું. આપ એમાં જણાવો છો કે આપ તો હવે ૨૩મી ઑક્ટોબરે અમેરિકા છોડશો. આપને યાદ હશે કે સ્ટીમર ઉપર આપે મને હિંદનાં કેટલાંક પત્રમિત્રોનાં સરનામાં આપેલાં. તે પૈકી મુંબાઇનાં એક બહેન મંજરી એ. મજુમદાર સાથે મેં પત્રવ્યવહાર કર્યો છે ને તેમના ઉત્તરની રાહ જોઉં છું.

હમણાં તો હું આખો દિવસ અભ્યાસ કરું છું. તમે ધારેલું તેમ હમણાં કોઈ ખેતર પર નહિ, પણ અમેરિકન ઉદ્યોગો વગેરેનું જ્ઞાન તથા સંપર્ક પામવા અહીં શહેરમાં આવ્યો છું. રોજ ચાર કલાક તો ઘર-લેસન કરવામાં મારા જાય છે; કેમકે ડિક્શનેરીમાં જોઇજોઇને અંગ્રેજી શબ્દોના અર્થ બેસાડતા જઇને મારે અભ્યાસ કરવાનો છે...હું હજી તો નાનો છું ને ખૂબ દુનિયા જોવાની મારી મનીષા છે. પરસ્પરના બદલામાં વિદ્યાર્થીઓને એકબીજાના દેશોમાં મોકલવાની આવી કોઇ યોજના હેઠળ તક મળી જાય તો હું તે ઝડપી લેવા ખુશી છું. હિંદમાં આવી કોઈ યોજના હોવાની તમને જાણ છે? આ રીતે જો કોઈ હિંદી કુમાર કે કુમારી બદલામાં થોડો સમય આવવા ખુશી હોય તો મારાં માતાપિતા તથા હું તેને ખુશીથી બોલાવીશું, અને હું બદલામાં તેમને ત્યાં હિંદ જઇશ. આ રીતે દુનિયાભરમાં મિત્રો થાય અને વિદ્યાર્થીઓ પરસ્પર એકબીજાના મુલકમાં જઈ શકે એમાં કેટલી મઝા છે? આવી કોઈ યોજનાની તમને માહિતી હોય તો મને અવકાશે લખશો? હું ઉત્તરની રાહ જોઈશ.

હૃદયપૂર્વક તમારો, વર્નર ફૉર્મ.



માધુકરી

ભૂલી પૂર્વગ્રહો જૂના, દ્વેષના ડંખ વિસ્મરી,
વીતેલી જિંદગાનીનાં, શિક્ષાનાં સૂત્ર સંઘરી,
પળતાં બાકીના પંથે, દુઃખ ને શોક ના નડે,
પ્રાર્થીને એ નિયંતાને, પુનઃ પ્રસ્થાન માંડીએ. –રસનિધિ

ઠક્કર બાપા નગરના 'સર્વિસ સિવિલ ઈન્ટરનૅશનલ'ના **વિદેશી મિત્રો**

અમદાવાદ સ્ટેશનથી બે અઢી માઇલને અંતરે સિંધી હરિજનનિર્વાસિતો માટે સહકારી ધોરણે એક નગર બંધાઇ રહ્યું છે. ભારતના મહાન લોકસેવક સ્વ. ઠક્કર બાપાની યાદમાં એનું નામ 'ઠક્કર બાપા નગર' રાખવામાં આવ્યું છે. ચાર કુટુંબ વસી શકે એવો એક બ્લૉક,એમ ૧૬૦૦ કુટુંબોને વસાવવા માટે ત્યાં ૪૦૦ બ્લૉકો તથા એક શાળા તેમજ દવાખાનું પણ બંધાઈ રહ્યાં છે. કામ પૂરું થતાં તો હજી થોડાક મહિના લાગશે, પણ નગર રચનાની ત્યાં જે તૈયારી ચાલી રહી છે તેનું દૃશ્ય પ્રેરક અને આહ્લાદક છે.

આ નગરરચના–પ્રવૃત્તિનું એક વિશેષ આકર્ષણ એ છે કે હજારો માઇલોના અંતરેથી આવેલાં ચારપાંચ યુરોપીઅન મિત્રો કંઈ પણ વેતન લીધા સિવાય બીજા મજૂરોની સાથે તેમાં હાડતોડ મજૂરી કરી રહ્યાં છે. એ મંડળીના નેતાનું નામ છે પીએર ઓપ્લીગર. તેઓ સ્વિટ્ઝરલૅન્ડથી આવ્યા છે અને પહેલાં શિક્ષકનું કામ કરતા હતા. કુમારી જોન અને કુમારી માર્જરી કરીને બે બહેનો ઈંગ્લૅંડથી આવી છે,–જો કે કુ. માર્જરી હમણાં પાકિસ્તાનમાં કામ કરવા પહોંચી ગયાં છે. કુ. જોન અહીં છે. એ બહેને અનુસ્નાતક કક્ષા સુધીનો વનસ્પતિશાસ્ત્રનો અભ્યાસ કર્યો છે અને ઈંગ્લૅન્ડમાં એ વિષયનાં તેઓ શિક્ષિકા હતાં. એક ભાઇ બેન્ટ ડેન્માર્કથી આવ્યા છે અને વહાણના બાંધકામમાં તેમણે પ્રવીણતા મેળવી છે. બીજા ભાઈ યોશી ફિનલૅન્ડથી આવ્યા છે અને એમનો વ્યવસાય ખેતીનો છે. અહીં ઠક્કર બાપા નગરમાં આ પાંચ (હવે ચાર) મિત્રો તંબૂ તાણીને રહે છે, અત્યંત કરકસરવાળું, સાદું, સ્વાશ્રયી અને સહકારી જીવન ગાળે છે, આપણા મજૂર ભાઇઓ સાથે હળીને શરીરશ્રમ કરે છે, આપણને સમજવા તેમજ પોતાને સમજાવવા માટે આવડે છે તેવી અંગ્રેજીમાં મથે છે, આપણો આહાર પણ સ્વીકારી લીધો છે અને તેમ છતાં મોં પરથી તાઝગી ને પ્રસન્નતાની એક રેખા સુદ્ધાં કરમાવા દીધી નથી.

એ મિત્રો સર્વિસ સિવિલ ઈન્ટરનૅશનલ (આંતરરાષ્ટ્રીય નાગરિક સેવાદળ) કરીને ૧૯૨૦ માં સ્થપાયેલી એક સંસ્થાનાં સભ્યો છે. પહેલું મહાયુદ્ધ શમ્યું તે પછી, દુનિયામાં મૈત્રી અને શાન્તિની ભાવના પ્રસરે તે માટે ૧૯૨૦માં હૉલૅન્ડમાં 'ઈન્ટરનૅશનલ ફૅલોશિપ ઑવ રિકન્સીલિયેશન' અંગે પરિષદ ભરાએલી તેમાંથી આ સંસ્થાનો ઉદ્ભવ થએલો. એના પ્રણેતા પીએર સેરેસોલ નામના એક સ્વિસ કાર્યકર હતા. ૧૯૩૪ના બિહારના ધરતીકંપ વખતે એમણે ભારતમાં આવીને એ સંકટ હળવું કરવા મહિનાઓ સુધી, અથાગ પરિશ્રમ ઉઠાવેલો. તેમ છતાં એમની સંસ્થાની પ્રવૃત્તિ અધિકાંશે યુરોપમાં મર્યાદિત રહી છે. હવે પૂર્વના દેશોમાં પણ એ વિસ્તરે એ માટે કોશિષ ચાલી રહી છે.

સહકાર શબ્દનો મૂળ અર્થ અત્યારે મોળો પડી ગયો છે, અને સાથે મળી ચર્ચાઓ કરવી યોજનાઓ ઘડવી એટલામાં સહકાર આવી ગયો એમ સાધારણરીતે મજા મનાવી લેવાય છે. પણ આ સંસ્થા એમ માને છે કે સહિયારા સર્જનાત્મક પરિશ્રમથી જ મૈત્રી ને સમાધાનની ભાવના વ્યવહારમાં સિદ્ધ થાય છે. દુનિયાના જુદા-જુદા ભાગમાંથી માણસો સમાન કાર્યની સમાન ભૂમિકા


આસપાસનાં પંખી [૭૦]

તારોડિયું

મોટે ભાગે પાણી સમીપ રહેતાં હોવા છતાં ક્યારેક રેલવેના તાર ઉપર, કોટને કાંગરે કે મંદિર-મસ્જિદની અગાશીની પાળે દેખાતાં આ તારોડિયાં તો, એની પૂછડીનાં બંને પડખાંમાં લોખંડના તાર જેવાં સાતેક આંગળ લાંબાં પીછાંથી તો તરત ઓળખાય. તાર પરથી તારોડિયું. અંગ્રેજીમાં પણ તેને તેથી જ Wire-tailed Swallow કહે છે. જળાશયની નિકટમાં રહેતું હોઇ તેના માળા પણ નાળાં, પૂલ કે કૂવામાં જોવા મળે છે. માત્ર પોતે જાય-આવે એટલી જ ડોકાબારી રાખીને, બે પથ્થર વચ્ચે કે પાણી ઉપરની છત નીચે, માટીના લપકાનો બનાવેલો, અરધી રકાબી જેવો માળો એ ચોંટાડે છે. એમાં મૃદુ પીછાંની પથારી કરી, તેના ઉપર સરસ શ્વેત રંગ પર કંકુવરણાં છાંટણાંવાળાં ત્રણ ઈંડાં તે મૂકે છે. ડિસેમ્બર સિવાય લગભગ આખું વરસ તેનાં ઈંડાં જોવા મળે છે. સ્વભાવે એકલપેટું હોઈ એના માળા માત્ર છૂટાછવાયા અકેક જ નજરે પડે છે. પાણી સમીપ રહેવાનાં આટલાં પક્ષપાતી હોવા છતાં ક્યારેક એ નિર્જળ સ્થાને પણ નજરે પડે છે. સ્થાનિક યાત્રા કરતાં હોવાનું પણ મનાય છે. એથી એની આવી યાત્રા પણ આમ નિર્જળ સ્થળે દેખાવાનું કારણ હોઈ શકે.

પોતાના વર્ગમાં સૌથી વધુ ખૂબસૂરત તો આ તારોડિયું જ. એનો રંગ ઘેરો ચળકતો આસમાની; નીચેનો સ્વચ્છ ધોળો; માથું લાલ; ચાંચ કાળી; પગ કાળા અને નિર્બળ, છતાં સપાટ સ્થળ ઉપર અડચણ વિના બેસી શકવા જેટલા સબળ; પણ તે ઝાડ પર બેસી શકતાં નથી. પાંખો શરીર કરતાં લાંબી અને છેડેથી અણીદાર.

'મસ્જિદની અબાબીલ'ને નામે ઓળખાતી તેની બીજી એક જાત ઉત્તર ભારતમાં થાય છે. ત્રીજી તેની એક પહાડી જાત પણ થાય છે, જે કવચિત્ આપણે ત્યાં બીન-પહાડી પ્રદેશમાં પણ જોવા મળે છે. ('વનેચર' ઉપરથી)





ડાબેથી બીજા-ફિનલૅન્ડવાસી ભાઈ યોશા; ત્રીજાં-કુ. માર્જરી; (જે અત્યારે પાકિસ્તાન છે); ચોથા-ટુકડીના નેતા પિયેર ઓપલીગર; પાંચમાં-કુ. જેન.

પર હળેમળે અને એકમેકનાં દૃષ્ટિબિંદુઓ સમજે તો ઘણા વિરોધો પોતાની મેળે શમી જાય. વળી આ પ્રમાણે નિઃસ્પૃહ ભાવે ઉપયોગી રચનાત્મક કાર્યો કરવાથી દૃષ્ટિ પણ વિશાળ બને. આ સંસ્થા લશ્કરને દૂર કરી તેને ઠેકાણે ઉપયોગી કાર્યો હાથ ધરનારી શિસ્તબદ્ધ અને સહકારી શાન્તિસેના મૂકવાના ધ્યેયને વરેલી છે. જગતમાં શાન્તિ પ્રસારવી એ એનો મુખ્ય ઉદ્દેશ છે. સ્વેચ્છાએ વહોરેલો સીધોસાદો શરીરશ્રમ એ એનું કાર્ય છે. દેશ જાતિ કે અંગત માન્યતાઓના અંતરાય વિના આ ઉદ્દેશો સાથે સંમત હોય તેવી અઢાર વર્ષ ઉપરની કોઇ પણ તંદુરસ્ત વ્યક્તિ આ સંસ્થાનું સભ્યપદ મેળવી શકે છે.

આ સંસ્થા બે વાત પર ખાસ ભાર મૂકે છે. એક તો એ કે જ્યાં વેતનદાર મજૂરો મળી રહેતા હોય અને તેમને આપવા માટેનાં નાણાંની પણ ખાસ ખોટ ન હોય ત્યાં કામે ન લાગવું, અને જ્યાં કામે લાગવું ત્યાંથી સ્થાનિક શ્રમજીવીઓનો સહકાર મેળવી લેવો; બીજું એ કે પોતાના ઉદ્દેશો સાથે સમાધાન કર્યા વિના જે સરકારી સહાય મળતી હોય તે ખુશીથી સ્વીકારવી.

બહેનો પણ આ સંસ્થામા જોડાઈ શકે છે. શરૂઆતમાં બહેનો રસોડું અને ગૃહકાર્યની બીજી વીગતો સંભાળતી, પણ એ સંભાળ્યા પછી જો અનુકૂળતા હોય તો પુરુષો સાથે બહેનો પણ 'કામે જાય' તેને સંસ્થા હવે ઈષ્ટ લેખે છે.

સંસ્થાનો આટલો પરિચય પૂરતો થશે એમ માનું છું. જેમને વધુ પરિચય જોઇતો હોય તેમણે ઠક્કરબાપાનગરમાં વસતા આ વિદેશી મિત્રોનો સંપર્ક સાધવો જોઇએ; અથવા C/o સર્વિસ સિવિલ ઈન્ટરનૅશનલ, ૨૪, રાજપુર રોડ, દિલ્હી એ સરનામે પત્રવ્યવહાર કરવો.

આપણે ત્યાં જે મિત્રો આવ્યાં છે તેમનું સૌજન્ય, માધુર્ય, પ્રસન્નતા, શિસ્ત, કાર્યકુશળતા, રહેણીકરણી સર્વ નમૂનેદાર છે. એમની સાથે કામ કરવું એ એક લહાવો તો છે જ, પણ એમાંથી મહત્ત્વનું શિક્ષણ સુદ્ધાં પ્રાપ્ત થાય છે. સમૂહજીવન અને સહકારના પ્રત્યક્ષ પદાર્થપાઠ તેમાંથી મળે એમ છે. અખિલ ગુજરાત વિદ્યાર્થી કૉંગ્રેસે આ દૃષ્ટિ રાખીને આ મિત્રો સાથે કામ કરવા વિદ્યાર્થીઓની થોડીક ટુકડીઓ ઠક્કરબાપાનગરમાં મોકલેલી. અઠવાડિયે અઠવાડિયે ટુકડી બદલાતી, ને રહેતી ત્યાં સુધી આ મિત્રોની સાથે શિબિરજીવન ગાળતી. આ પૂર્વ-ના મિલનનું દૃશ્ય સાચે જ ઉત્સાહપ્રેરક હતું. —યશવંત શુક્લ

(નવેમ્બર ૧૯૫૧)

શિયાળો : બલપ્રાપ્તિની ઋતુ

સંવત્સરના બે વિભાગો છેઃ આદાનકાળ અને (૨) વિસર્ગકાળ. આદાનકાળમાં શિશિર, વસંત ને ગ્રીષ્મ એ ત્રણ ઋતુનો સમાવેશ થાય છે; જ્યારે વિસર્ગમાં વર્ષા, શરદ ને હેમન્તનો. વર્ષા ને ગ્રીષ્મમાં મનુષ્યોનું બળ ઓછામાં ઓછું હોય છે, શરદ અને વસંતમાં મધ્યમ, જ્યારે હેમંત અને શિશિરમાં ઉત્તમ બળ હોય છે. હેમંત અને શિશિર એટલે આપણો શિયાળો. કારતક-માગશર એટલે હેમંત અને પોષ-મહા એટલે શિશિર. શિયાળો બળ સંપાદન કરવાનો ઉત્તમ કાળ છે. શિયાળામાં ખુશનુમા ઠંડી હોય છે, અને શીત અનિલના સ્પર્શથી શરીરની ગરમી અંદર રહે છે એટલે જઠરાગ્નિ પ્રબલ થાય છે. ગમે તેવું ભારે ખાવામાં આવે છે તોપણ આ ઋતુમાં સહેલાઈથી પચી જાય છે. આને લઈને જ શિયાળામાં કંઈ પણ પૌષ્ટિક ચીજ ખાવાનો આપણા દેશમાં ચાલ છે. ગરીબમાં ગરીબ પણ આ ઋતુમાં સારો પુષ્ટિકારક ખોરાક ખાવાની ઈચ્છા રાખે છે. કોઈ મેથીના લાડુ, તો કોઈ અડદિયું, તો કોઈ સાલમપાક, તો કોઇ હમેશાં મલાઈ, તો કોઈ ઇંડાં, તો કોઈ રાત્રે પલાળી રાખેલી ચણાની દાળ સવારમાં ચાવીને ખાય છે. વળી શિયાળો વ્યાયામ માટે ઉત્તમ કાળ છે. વ્યાયામથી ભૂખ કકડીને લાગે છે. એથી જ આ ઋતુમાં વસાણાં કે પાક ખાવાનો ચાલ પડેલો છે. પણ વ્યાયામ સિવાય ખાધેલા પાક કે વસાણાં જોઈએ તેવા ફલપ્રદ થતાં નથી.

બલ ત્રણ પ્રકારનું છેઃ (૧) સહજ (૨) કાલજ અને (૩) યુક્તિકૃત. સહજ એટલે વારસામાંથી પ્રાપ્ત થાય છે તે. કાલકૃત એટલે ઋતુવિભાગ જન્ય. હેમંત-શિશિરમાં જન્મનારાં સંતાનો સાધારણ રીતે, બલવાન હોય. યુક્તિકૃત એટલે આહાર અને વ્યાયામની યોજનાથી પ્રાપ્ત થએલું બળ. માણસ ધારે તો આહાર અને વ્યાયામની યોજનાથી પોતાના જીવનમાં ભારે પરિવર્તન લાવી શકે છે.

શિયાળો 'કાલજ બળ' અને 'યુક્તિકૃત બળ' બન્ને માટે અનુકૂળ ઋતુ છે. વસાણાં આ ઋતુમાં ખાવાં હિતાવહ છે. મેથી એ સોંઘામાં સોંઘી અને છતાં ઉત્તમ ખાદ્ય ચીજ છે. આપણા ગરીબ દેશ માટે તે એક ઉત્તમ ટૅાનિક છે. એમાં લોહ છે અને કૅાડલીવર ઑઈલ જેવું પૌષ્ટિક ખાદ્ય છે. મેથીના લાડુ બદામ વગેરે નાખીને ખાવા ઉત્તમ બલ્ય છે. આપણી ફિક્કીફસ ગુજરાતી બેનો માટે હું હમેશાં મેથીની ભલામણ કરું છું. મેથીમાં કડવાશ છે, મેથી પરમ વાતઘ્ન છે, રેચક છે, બલ્ય છે. આપણી બેનોમાંથી ૭૫ ટકા હમેશાં કમર દુખવાની ફરિયાદ કરતી હોય છે. કમરનો દુખાવો મેથીથી મટે છે. કબજિયાત ટળે છે, શરીરનું કળતર મટે છે ને જીર્ણજ્વર હોય તો તે પણ મટે છે. મેથીથી પાંડુ પડે છે એવી જે માન્યતા છે તેમાં કંઇ તથ્ય નથી. અને પાંડુ પડે તોય શું? એમાં શો ખર્ચ છે? શ્રીમંતો ભલે સાલમપાક વગેરે પાક ખાય, પરંતુ આપણા ગરીબ દેશમાં આબાલવૃદ્ધ, શ્રીમંતો ગરીબો સૌને જે પોસાય એવી ચીજ તે તો મેથી જ છે.

શિયાળો આવે છે. સૌકોઇ પોતાનું શરીર સારું બનાવવા કૃતનિશ્ચયી બને. આવો ઉત્તમ કાલ બલપ્રાપ્તિ માટે બીજો નથી.

(પ્રસ્થાન) —બાપાલાલ ગ. વૈદ્ય

મેથીની ભાજી

લીલી મેથીનાં પાંદડાંની ભાજી હવે આવતી થઈ છે. તે ખોરાકમાં લેવાથી અનેક લાભ કરે છે. વાયુ તથા કૃમિનો નાશ કરે છે. કબજિયાતવાળાએ લીલી મેથીનાં પાનની ભાજી ખાવાથી જૂનો મળ સાફ થાય છે. મેથીની ભાજી, સુવાની ભાજી અને પાકાં ટમેટાં, આ ત્રણેયને સાથે મેળવીને બાફીને દરરોજ ખોરાકમાં લેવાથી શરીરમાં સ્ફૂર્તિ આવે છે,

કબજિયાત મટે છે અને વાયુ, કૃમિ, મંદાગ્નિ, હરસ વગેરે નાબૂદ થાય છે. આપણા ભોજનમાં આવી ભાજીઓ લેવાની ટેવ રાખવી, જેથી પેટનાં અનેક દર્દો થતાં અટકશે. (લોકનાદ)

બારીકાઈના અદ્‌ભુત પ્રકારો

યુરોપિયનોએ હિંદમાં આવીને આ દેશની કળાને નાબૂદ કરી તે પહેલાં બંગાળના વણકરો એટલું અદ્‌ભુત બારીક મસલિનનું કાપડ વણતા કે જે માન્યમાં પણ ન આવે. ભારતની આ કળાની પ્રતીતિ તરીકે એક ઇરાની એલચી પોતાના બાદશાહને ભેટ આપવા અહીંથી ૩૦ વારનો બારીક મસલિનનો આખો તાકો માત્ર નાળિયેરની કાચલીની એક ઉત્કૃષ્ટ કોતરણીવાળી સુંદર નાની ડબ્બીમાં મૂકીને લઇ ગએલો એ તવારીખી હકીકત છે.

એક શાહજાદીને જાહેરમાં અપૂરતા પોશાકે આવવા માટે તેના બાદશાહ પિતાએ ઠપકો આપતાં તેણે કહ્યું કે મેં મસલિનનાં સાત વસ્ત્રો પહેર્યાં છે! એ શાહજાદી ઔરંગઝેબની જ પુત્રી હતી. ત્રીસ વારનો એવી મલમલનો આખો તાકો હાથમાં પડ્યો હોય તો યે તમને ભાગ્યે લાગે કે તમારા હાથમાં કોઇ ચીજ પડી છે. વીંટી સોંસરી કાઢી શકાતી કાશ્મીરી શાલો તો ઘણાએ આજે જોઇ હશે. એ જ રીતે ઢાકાની મલમલના આખા તાકા વીંટી સોંસરા નીકળતા. તેના વિવિધ પ્રકારો નોંધતાં અબુલ ફઝલ લખે છે કે કેટલીક અત્યંત બારીક મલમલ 'આબે રવાં' (એટલે કે 'વહેતું પાણી') કહેવાતી, કેમકે પાણીના વહેણમાં તેને મૂકતાં તે આંખથી ભાગ્યે જ દેખી શકાતી. 'શબનમ' (ઝાકળ) નામની મલમલ એટલી બારીક થતી કે ઘાસ પર તે બિછાવી હોય તો માત્ર ઝાકળ પડ્યું હોય એટલી આછી લાગે! અને કેટલીક મલમલ 'બાફ્‌ત હવા' (વણેલી હવા) કહેવાતી, જે હવામાં ફેંકી હોય તો વાદળાંની માફક અદ્ધર તરતી!

ઇંગ્લંડની રાણી ઈલિઝાબેથને એક વેળા કોઈએ ત્રીસ કડીની એક સોનાની સાંકળી ભેટ આપેલી. તે એટલી તો બારીક હતી કે કોઇ ગૂઢી ચીજ પર મૂક્યા વિના નરી આંખે દેખાતી પણ નહિ. અને હળવી તો એટલી હતી કે એક માખી પર તે મૂકી હોય તો કોઇ પણ જાતના આયાસ વિના તે લઇને માખી ઊડી શકતી! એ સાંકળી વિષે વધુ અજબ વાત તો એ હતી કે તે કોઈ સોનીએ નહિ પણ જાડું લોખંડ ટીપનારા ને ઘણ ચલાવનારા લુહારે ઘડી હતી!

ચોખાના દાણા ઉપર આપણે ત્યાં બારીક લખાણ અને ચિત્રો કોતરાયાની વાતો તો જાણીતી છે. ૧૯૩૮માં દિલ્હીના ઔદ્યોગિક પ્રદર્શનમાં ૪૧૭ અક્ષરો લખેલો એક ચોખાનો દાણો મેં સૂક્ષ્મદર્શક કાચમાંથી જોએલો. પણ એથી અદ્‌ભુત કારીગરી તો એક સ્પૅનિયાર્ડની સાંભળેલી. તેણે અનાજના એક દાણામાંથી આખી ગાડી કોતરી કાઢેલી, જે એટલી તો સંપૂર્ણ હતી કે તેની અંદરના ભાગનાં સુશોભનો સુદ્ધાં મોટી પાવરના સૂક્ષ્મદર્શક કાચ વડે જોઇ શકાતા!

અમારા જ કુટુંબમાં પરંપરાથી ઊતરી આવેલું, અત્યંત બારીક અક્ષરે આખી ગીતા લખેલું એક ટચુકડું ટીપણું હતું, જે એક મોટી બદામના કોચલાની ડબ્બીમાં સમાઈ જતું!

આ પરથી મને મધ્ય યુગના પોલાંડના એક સાધુની વાત યાદ આવે છે. એણે આખું 'ઇલિયડ'નું મહાકાવ્ય એક કાગળ પર એટલા ઝીણા અક્ષરે લખેલું કે જે વૉલનટ ફળના કોચલામાં સમાઇ જતું. હુવાં યુનિવર્સિટીની લાયબ્રેરીમાં 'બુક ઑાવ અવર્સ' નામનો એક ટચુકડો ગ્રંથ છે, જેનું કદ ખિસ્સા-ઘડિયાળ કરતાં યે નાનું છે. ને જર્મન સંગ્રહોમાં તો ટપાલની ટિકિટના કદની કેટલીક હાથે લખેલી ડિક્‌શ્નેરીઓ સુદ્ધાં છે!

આટલી બારીક લખાવટ પોસ્ટકાર્ડ ઉપર આજકાલ થાય છે તે વાત તો જાણીતી છે. એનાં ઉદાહરણ કોઇ વાર. —સી. એન. ત્રિવેદી

આખું શહેર જમીનમાં પેસતું જાય છે

મેક્સિકો સિટી જમીનમાં બેસતું જાય છે. એ શહેરની નીચેનું તળિયું પોચી માટીનું બનેલું છે, અને શહેરના માર્ગોની ફરસબંધીની તિરાડમાંથી જમીનમાં થોડું થોડું પાણી ઝમે છે, જે સુકાઈ જતાં શહેરના વજનને લીધે નીચેની માટી દબાઈને લોટ જેવી થતાં શહેર નીચે બેસતું જ જાય છે! ગયે ઉનાળે જ શહેરનો કેટલોક ભાગ ૧૫ ઇંચ જમીનમાં પેસી ગયો છે! આ રીતે છેલ્લાં ૫૦ વરસથી વર્ષોવર્ષ થોડાથોડા ઇંચ એ શહેર બેસતું જ રહ્યું છે. એનાં કેટલાંક મકાન તો બારબાર ફૂટ જેટલાં જમીનમાં પેસી ગયાં છે, અને જે અગાઉ પહેલા માળ હતા તે જમીન સરસા બની ગયા છે! હવે ત્યાં મકાનોની નીચે સીમેન્ટના થેલા ધરબીને તેમને બેસતાં અટકાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે.

રત્નોનું પ્રદર્શન

લંડનમાં ગોલ્ડસ્મિથ હૉલ ખાતે દુનિયાભરનાં રત્નોનું પ્રદર્શન ભરાએલું. તેમાં ભારત અને સીલોનના ખાસ ગણાતા નીલમ, હીરા, માણેક વગેરે સંખ્યાબંધ રત્નોના નમૂના મૂકવામાં આવ્યા હતા. ઉપરાંત ૧૦૦ વર્ષ પૂર્વેની રત્ન પારખવાની પદ્ધતિઓ, કુદરતી સંપત્તિ તરીકે તેની ઉત્પત્તિના પ્રકાર, ઇ. ૧૮૫૧ પછી રત્નો સંબંધી પ્રગટ થએલું સાહિત્ય, હીરાની પૉલિશ પદ્ધતિ, પ્રાચીન કાળમાં રત્નોનો ઉપયોગ વગેરે વિષયો આ પ્રદર્શનનું બીજું અંગ હતું.

આ પ્રદર્શનમાં પ્રથમ જ વાર ગુલાબી-સફેદ રંગનો એક નવો ખનિજ રત્નપદાર્થ 'ટાફેઇટ' રજૂ થયો હતો, જેના જગતમાં માત્ર બે ત્રણ જ જાણીતા ટુકડાઓ છે. તેના શોધક છે કાઉન્ટ ટાફે.

છત્રીસ જાતનાં રત્નો

આજે જગતમાં નીચે મુજબનાં છત્રીસ રત્નો અને નંગો ઝવેરાતમાં ગણાય છે: (૧) હીરો (૨) પાનું (૩) મોતી (૪) માણેક (૫) શનિ (૬) ઓપલ (૭) અકીક (૮) અમ્બર-કેરબા (૯) એમેથિસ્ટ (૧૦) ઍક્વામૅરીન (૧૧) બ્લડસ્ટોન (૧૨) ગારનેટ (૧૩) પીરોજા (૧૪) અમેથિસ્ટાઇ સૅફાયર (૧૫) કાર્બંકલ (૧૬) ક્રીસોલાઈટ (૧૭) ક્રિસોપ્રેસ (૧૮) પરવાળું (૧૯) કાર્નેલિયન (૨૦) હૅમલેટ (૨૧) જેસિન્થ (૨૨) જેડ (૨૩) જાર્ગુન (૨૪) જૅસ્પર (૨૫) જેટ (૨૬) લેપીસ (૨૭) મેગ્નેટાઈટ (૨૮) મારબલ (૨૯) મૂનસ્ટોન (૩૦) રૉક-ક્રિસ્ટલ. (૩૧) સાર્ડોનિક્સ (૩૨) સર્પેન્ટાઇન (૩૩) સોનેલો-ટુપાઝ (૩૪) ટર્મેલાઇન (૩૫) વ્હાઈટ સૅફાયર (૩૬) હેમેટાઈટ.

(અલંકાર) —જેઠાલાલ ધોળકિયા

વિકસતું વિજ્ઞાન

જંતુઓને મારી શકે એવી રાસાયનિક સીમેન્ટ ન્યૂયૉર્ક સ્ટેટ કૉલેજ ઑફ સેરૅમિક્સમાં તૈયાર કરવામાં આવી છે. તેમાં ફયુંગીસાઇડ પેન્ટ-ક્લોરોફીનોલનું થોડું પ્રમાણ હોય છે. એને કારણે ભોંયતળીએ કે દીવાલો પર જંતુઓનો ઉપદ્રવ એ અટકાવી શકે છે.

અગન-જ્યોત

ફિલાડેલ્ફિયાની ટેમ્પલ યુનિવર્સિટીની સંશોધનસંસ્થાએ ગમે તે પદાર્થોમાં ઝડપભેર કાણું પાડી નાખે એવી અગ્નિ-જ્યોતની શોધ કરી છે. હાઈડ્રોજન અને ફ્લોરિનની આ નાનકડી આસમાની જ્યોત ૯૦૦૦ થી ૯૫૦૦ ડિગ્રી ફેરનહાઈટની ગરમી ધરાવે છે. તે કૉન્ક્રીટની દીવાલમાં બે મિનિટમાં ત્રણ ઇંચનું બાકોરું પાડી શકે છે. સપડાઈ ગએલાં માણસોને ઝડપભેર બહાર કાઢવા માટે દીવાલ તોડવામાં આ બત્તી મદદરૂપ બનશે.

નવાં હોકાયંત્રો

અમેરિકાના લશ્કરી ઇજનેરોએ બે હોકાયંત્રો તૈયાર કર્યા છે, જે ખરાબ હવામાન, પાણીનો મારો, આંચકા કે જંતુઓ સામે સારી ટક્કર ઝીલી શકે છે. શૂન્યથી નીચે ૬૫ ડિગ્રી ફેરનહાઈટથી શૂન્યથી ઉપર ૧૨૫ ડિગ્રી સુધીનું ઠંડી-ગરમીનું પ્રમાણ પણ તે બતાવી શકે છે.

હૅન્ડ-ટેનિસ

ક્રિકેટ રમવા માટે બૅટની જરૂર, હૉકી માટે સ્ટિકની, તેમ ટેનિસ રમવા માટે રૅકેટની જરૂર હોય છે. પરંતુ રાજકોટના શ્રી પરશુરામ ટી. નંદાણી રૅકેટ વગર માત્ર હાથની ખુલ્લી હથેળી વડે ટેનિસના ખેલાડીઓ સામે રમતમાં ઊતરી શકે છે. અને છતાં આ રમતમાં તેમની સ્ટાઈલ અને બૉલ ઉપરનો તેમનો કાબૂ પ્રસંશનીય છે. તેઓ ટેનિસના બધા પ્રકારના સ્ટ્રૉક્સ, જેવા કે ફોર-હૅન્ડ, બૅક-હૅન્ડ, વૉલી, હાફ-વૉલી, સ્પિન, શૉટ્સ વગેરે કુશળતાપૂર્વક રમી શકે છે.

અત્યાર સુધી ટેનિસની રમતમાં ફક્ત હાથથી રમવાની શરૂઆત કરનાર શ્રી પરશુરામ નંદાણી જ છે. તેઓએ રાજકોટ નરેશ નામદાર પ્રદ્યુમ્નસિંહજી અને અમેઠી(યૂ. પી.)ના નામદાર નરેશ રણુસિંહજી સાથે આ રમત રમી બતાવી સુવર્ણચંદ્રક તથા માનપત્રો મેળવ્યાં છે.

આંધળાં-બહેરાં સાથે વાતચિત કરનારું યંત્ર

જે આંખે અને કાને બે અંગથી અપંગ હોય તેમને બોલતાં-વાંચતાં શીખવવું ઘણું કપરું પડે છે. એ મુશ્કેલી ટાળે એવું એક યંત્ર લિવરપુલની બ્રિટિશ ઇલેક્ટ્રિસિટી ઑથૉરિટીના મિ. એ. આર. કૂપરે



શોધી કાઢ્યું છે તે ઉપલા ચિત્રમાં બતાવ્યુ છે. તેમાં ટાઈપરાઇટર-ની ચાવીઓ જેવી ચાવીઓ પર ટકોરા મારવામાં આવે, તે અપંગ માણસ મશીનની ઠેસી ઉપર પોતાની આંગળી રાખીને ઝીલે છે. એ ટકોરા અંધ માટેની બ્રેઈલ-લિપિની સંજ્ઞા અનુસારના હોય છે એટલે અપંગ સાંભળનાર તેનો અર્થ સમજી લે છે.

ગણિતગમ્મત

[મૂળજી જેકુ જોશી]

ગમે તે દ્વિઅંકી સંખ્યા (દાખલા તરીકે ૧૨) આઠ વખત પાસે પાસે લખો: ૧૨ ૧૨ ૧૨ ૧૨ ૧૨ ૧૨ ૧૨ ૧૨. હવે તેને ઉલટાવીને લખો: ૨૧ ૨૧ ૨૧ ૨૧ ૨૧ ૨૧ ૨૧ ૨૧. આ બંને સંખ્યાને ૧૭થી નિ:શેષ ભાગી શકાશે.

ગમે તે ચાર અંકી સંખ્યા (દાખલા તરીકે ૭૪૩૫)ને ચાર વખત પાસેપાસે લખો: ૭૪૩૫૭૪૩૫૭૪૩૫૭૪૩૫. પછી તેને ઉલટાવીને લખો, એટલે ૫૩૪૭૫૩૪૭૫૩૪૭૫૩૪૭ થશે આ બંને સંખ્યાને પણ ૧૭ વડે નિ:શેષ ભાગી શકાશે.

ગમે તે આઠ અંકવાળી સંખ્યા (દાખલા તરીકે ૯૭૫૩૧૨૪૬) બે વાર લખો: ૯૭૫૩૧૨૪૬૯૭૫૩૧૨૪૬. ફરી તેને ઉલટાવીને લખો: ૬૪૨૧૩૫૭૯૬૪૨૧૩૫૭૯. આ બંને સંખ્યાને પણ ૧૭થી નિ:શેષ ભાગી શકાશે.

એ જ રીતે

ગમે તે ૩ અંકવાળી સંખ્યા ૬ વાર લખો, ને ફરી તેને ઉલટાવીને લખો: ૧૨૩ ૧૨૩ ૧૨૩ ૧૨૩ ૧૨૩ ૧૨૩ અને પછી ૩૨૧ ૩૨૧ ૩૨૧ ૩૨૧ ૩૨૧ ૩૨૧. આ બંને સંખ્યાને ૧૯થી નિ:શેષ ભાગી શકાય.

ગમે તે ૬ અંકવાળી સંખ્યા ૩ વાર લખો, ને ફરી તેને ઉલટાવીને લખો: ૧૩૫૭૯૨ ૧૩૫૭૯૨ ૧૩૫૭૯૨ પછી ૨૯૭૫૩૧ ૨૯૭૫૩૧ ૨૯૭૫૩૧. આ બંને સંખ્યાને ૧૯થી નિ:શેષ ભાગી શકાય.

ગમે તે ૯ અંકવાળી સંખ્યા ૨ વાર લખો અને ફરી તેને ઉલટાવીને લખો: ૧૩૫૭૯૨૪૬૮ ૧૩૫૭૯૨૪૬૮, તથા ૮૬૪૨૯૭૫૩૧ ૮૬-૪૨૯૭૫૩૧. આ બંને સંખ્યાને ૧૯થી નિ:શેષ ભાગી શકાય.

પારાસેલ્સસ (અનુ૦ પૃ. ૩૬૭થી) ત્યાગ કર્યો. એક જ રાતમાં એની લોકપ્રિયતા ઓગળી ગઈ ને મોતનો સાયો એના માથા પર ઘૂમવા લાગ્યો. અનેક દુશ્મનો વચ્ચેથી પોતાને કોઈ ઉગારી શકે એમ નહોતું રહ્યું, એટલે આખરે પારાસેલ્સસ નાસી છૂટ્યો એ કાયર નહોતો, પણ દુશ્મનોની આખી ફોજ વચ્ચે પોતાનું શૂરાતન એળે ગુમાવવું યોગ્ય ન લાગ્યું. સ્નેહીઓ ને મિત્રો, ઓજારો. પુસ્તકો ને કપડાંલત્તાં સુદ્ધાં છોડી એ નાસી છૂટ્યો–હમેશને માટે. ફરી એણે જિંદગીમાં બાઝલનું મોં ન જોયું.

પરંતુ બાઝલ એને અળગો કરી બેસી ન રહ્યું. એણે એનો રસ્તો સર્વત્ર રૂંધી લીધો. કોલમાર, નુરેમ્બુર્ગ, એપેનઝેલ,–જ્યાં જતો ત્યાં પારાસેલ્સસ હડધૂત બની પાછો ધકેલાતો. એ ગરીબ બન્યો, લાચાર બન્યો. ન એની પાસે અખતરા અર્થે મૂડી રહી, ન લેખન માટે ફુરસદ. ઝૂરિચ, ફાફેર્સ, મિડલહાઇમ, એક પછી એક શહેરમાં ધૂમકેતુ જેમ દર્શન દઇ એ બેવતન હિજરતી પાછો અદૃશ્ય થઈ જતો. જગતની એ કાળની એક ઉજ્જ્વળ પ્રતિમા આમ બેબસ, બેહાલ બની રહી.

આ રખડપાટ અને આ જફાકેશીએ નવયુગના એ પ્રતિહારીને છતી જુવાનીએ જેર બનાવી દીધો. પરંતુ એનો સંદેશ હજુ જેર નહોતો થયો. ચાહે તેટલી મુફલિસી કે પરાજયો તેને મૌન રાખી શકે તેમ ન હતું.

ઓગણચાળીસની વયે બે–આસિયાં બનેલા એ પારાસેલ્સસને, અગિયાર વરસના રઝળપાટ પછી, પચાસ પૂરાં થયા બાદ આશ્રય મળ્યો. ૧૫૪૧મા સાલ્ઝબુર્ગના આર્ચબિશપ અર્ન્સ્ટે તેને આશ્રય દીધો.

'હાશ, હવે બધું થઈ રહેશે' પારસેલ્સસને હૈયે વર્ષોથી ગુમાવેલી ટાઢક વળી: 'મનોમન સેવેલી હજારો યોજનાઓ હવે મૂર્ત કરી શકાશે. હવે તો સમય છે ને હું છું.'

પણ સમય જ ખૂટવા આવ્યો હતો. ચાર પાંચ મહિનામાં જ શહેરના લોકોને તેની ભાળ મળી ગઈ ને ૧૫૪૧ના સપ્ટેંબરની ૨૪મીએ તેમણે આખરે આ જગત તેની પાસેથી છોડાવ્યું.

પારાસેલ્સસને એકલાને જ નહિ. ગૅલનનાં જૂઠાણાં પર હલ્લો કરનાર એકેએક સત્યશોધક હલ્લાખોરને ખૂનથી જ તેનો બદલો ચૂકવવો પડયો છે. સર્વેટસે લોહીની ગતિ પર ઉહાપોહ કરતાં ઈ. ૧૫૫૩માં કૅલ્વિન નામના ખ્રિસ્તી ધર્મસુધારકે તેને જીવતો બાળી મૂકેલો. ૧૫૬૪માં વેસેલિયસે તેના 'ફૅબ્રિસ' નામે ગ્રંથમાં ગ્રીકો ને રોમનોની ભૂલો ઉઘાડી પાડી, એટલે ઇટલી તેના જીવનનો પણ ભોગ માગવા ઉદ્યુક્ત થયું. વેસેલિયસે સઘળી નોંધપોથીઓ અગ્નિને હવાલે કરી ને પોતાની પ્રતિમા તરફ પીઠ ફેરવી સ્પેન ચાલ્યો ગયો. સ્પેનના દરબારી તરીકે ત્યાં જ એ હૃદયભંગ અવસાન પામ્યો.

આ ખોરંભાએલી લડતને પુનઃ વેગ આપવાનું માન વેસેલિયસના અવસાન પછી પંદર વરસે જન્મેલા, ઈંગ્લંડના કેન્ટ પરગણાના એક અંગ્રેજ વિલિયમ હાર્વેને ફાળે જાય છે.

હાર્વે સ્વભાવે એટલો તો નમ્ર હતો કે પારાસેલ્સસ કે સર્વેટસ જેવો જુસ્સો એનામાં કદી ન પ્રગટ્યો. ઓગણીસમા વરસે કૅમ્બ્રિજનો ગ્રેજ્યુએટ થઇ તે દાક્તરીના વધુ અભ્યાસ માટે પાડુઆ ગયો ને ત્યાંથી પાછા ફરી શાંતપણે લંડનમાં પોતાનો ધંધો ચલાવવા માંડ્યો. ધીમે ધીમે જેમ્સ પહેલા સુધી તેની લાગવગ પહોંચી ને સેંટ બાર્થોલોમ્યુની ઑસ્પિટલમાં તેણે ભાષણો આપવા માંડયાં.

પારાસેલ્સસ જેવો પ્રખર બુદ્ધિવાદી પણ તે ન હતો. અંગ્રેજીનો આગ્રહ ન રાખતાં તે વિદ્વદ્ભોગ્ય લાટિન ભાષામાં જ ભાષણો આપવા લાગ્યો. બહુ સાવચેતથી ધીમે ધીમે એણે હૃદય તથા લોહીની ગતિની સાચી માહિતી મૂકવા માંડી ને જૂની માન્યતાઓ પર હળવા હુમલા કરવા માંડયા.

ઈ. ૧૬૨૮માં એ વિષય પર એક પુસ્તક પણ એણે બહાર પાડયું. એમાં એણે જણાવ્યું કે લોહી હૃદયમાં થઈ સતત ગતિએ શરીરના બધા ભાગોમાં ફરી વળી પાછું હૃદયમાં આવે છે અને ત્યાંથી હૃદયનું આકુંચન ફરી તેને બહાર ધકેલે છે. આમ, શરીરમાં લોહીનું સતત ભ્રમણ ચાલ્યા કરે છે. આ સામાન્ય જાહેરાતમાં કંઈ વિશેષતા નથી; પણ એ કાળે તો, આપણે જોયું તેમ, એથી અપૂર્ણ જાહેરાતોએ પણ પારાસેલ્સસનો ઘાત કરાવ્યો હતો, વેસેલિયસને દેશપાર કરાવ્યો હતો ને સર્વેટસને જીવતો ચિતાએ ચડાવ્યો હતો!

હાર્વેએ પણ એ પુસ્તક બીતાંબીતાં જ પ્રસિદ્ધ કર્યું હતું ને પોતે સત્યના કરેલા સ્ફોટને સુશિક્ષિત મગજો આવકારશે એમ ઈચ્છયું હતું. પરંતુ 'કશું ન જાણનારા છતાં બધાંમાં માથું મારી મહત્તા મેળવનારા' ઈંગ્લંડના સુશિક્ષિત ફ્રાન્સિસ બેકને જ તેને આખા યુરોપમાં બદનામ કરવા માંડયો!

ઈંગ્લંડનો રાજ્યાશ્રય જો હાર્વેને નહોત તો એ બદનામી એને પણ આકરી પડત. પરંતુ ફ્રાન્સના બુદ્ધિવાદી રેને ડેસ્કાર્ટિસે એ આખું પ્રકરણ પોતા માથે ઉપાડી લીધું ને ધીમેધીમે ૬૭ પાનાંનું હાર્વેનું એ પુસ્તક પૂર્વગ્રહોથી મુક્ત વ્યક્તિઓમાં પ્રચાર પામતું ગયું. વૈદકને આખરે મુક્ત શ્વાસ લેવાનો વારો આવ્યો.

મારું હિંદનું દર્શન

પંડિત જવાહરલાલ નેહરુના આ જાણીતા પુસ્તકમાં, એમણે હિંદના પ્રાચીન તેમજ અર્વાચીન ઇતિહાસનું, તેની ઉદાર સર્વગ્રાહી અને ધ્યેયલક્ષી સંસ્કૃતિનું, સાહિત્ય કળા ફિલસૂફી વિજ્ઞાન વગેરે જીવનનાં ભિન્નભિન્ન ક્ષેત્રોમાં હિંદે યુગયુગાન્તરોમાં મેળવેલી સિદ્ધિઓનું, તેના વિજય તથા પરાજયો તેમજ ગુણો તથા ક્ષતિઓનું પોતે જે દર્શન કર્યું છે તે, પોતાની અનુપમ અને તલસ્પર્શી શૈલીમાં સળંગસૂત્ર આલેખન કર્યું છે. એમનું મૂળ અંગ્રેજી પુસ્તક (ડિસ્કવરી ઑવ ઇંડિયા) નહિ વાંચી શકનારને માટે તો આ અનુવાદ એક સુભગ પ્રાપ્તિ રૂપ છે જ, પરંતુ અન્યને પણ તે આકર્ષે એવો છે, પોતાને 'હિંદી' માનનાર અને જ્ઞાન તથા સંસ્કારના એકેએક ચાહકે આ ગ્રંથ વાંચવો જ જોઇએ.

૮૦૦ પાનાંનું દળદાર પુસ્તક; કિંમત નવ રૂપિયા; પ્રકાશક, નવજીવન પ્રકાશન મંદિર અમદાવાદ.

નવાં પુસ્તકો

સાધુતાની પગદંડી : મુનિશ્રી સંતબાલજીના સિદ્ધાંતો અને તેમના પ્રયોગોને સમજાવતા તેમના વિચારો અને કાર્યોને રજૂ કરતી પુસ્તિકા; લેખક: નવલભાઇ શાહ; પ્રકાશક: મહાવીર પ્રકાશન મંદિર અમદાવાદ, ૨-૦-૦. **સાત લીલા-નાટકો :** અથવા વિભુની વિભુતિઓનું સુદર્શન કરાવતાં જયેન્દ્રરાય ભગવાનલાલ દૂરકાળ પ્રણિત નાટકો; પ્રકાશક: આસ્તિક સાહિત્ય કાર્યાલય, અમદાવાદ. ૩-૦-૦. **અભિશાપ, ગંગાયમુના, ઝંખના:** તદ્દન નવી, તાઝગીભરી, રમતિયાળ અને મિતાક્ષરી શૈલીએ લખાએલી બંગાળી લેખક શ્રી શૈલજાનંદની વાર્તાઓનાં ત્રણ પુસ્તકો. અનુવાદક: નટવરલાલ માલવી; પ્રકાશક: ગાંડીવ સાહિત્ય મંદિર, સુરત. દરેકના ૪-૦-૦.

આ માસ (નવેમ્બર) ઇતિહાસમાં: દિનવિશેષ·વ્યક્તિવિશેષ·પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : હેમચંદ્રાચાર્ય

ગુજરાતની સરસ્વતીને પરોપજીવી મટાડી, પોતાની તેજસ્વી કૃતિઓ વડે ગુજરાતના



પાટનગર શ્રીપત્તન (પાટણ)ને ભારતનાં અગ્રગણ્ય સારસ્વતકેન્દ્રોની હરોળમાં બેસાડનાર, જાજ્વલ્યમાન ગુર્જરરત્ન કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યનો જન્મ સં. ૧૧૪૫ની કાર્તિકી પૂર્ણિમાએ ધંધુકા મુકામે મોઢ વણિક કુટુંબમાં થએલો. ચાંગદેવ એ એમનું બચપણનું નામ. બાળવયથી જ અપ્રતિમ બુદ્ધિમત્તાવાળા ચાંગદેવની અનન્યસાધારણ મેધા પરખી પૂર્ણતર ગચ્છના મુનિ દેવચંદ્રજી એમને પોતાની સાથે ખંભાત લઈ ગયા. પાછળથી પિતા ચાચિગને જાણ થતાં અન્નત્યાગ કરી પુત્રને શોધતા ખંભાત આવ્યા ત્યારે ઉદયન મંત્રીએ તેના ખોળામાં સમૃદ્ધિનો ઢગલો કરીને ચાંગદેવની તેજસ્વી મેધાને પૂર્ણતઃ ચમકવાની તક આપવા સમજાવ્યા. સાચી વસ્તુસ્થિતિ સમજાતાં પિતાએ એ સમૃદ્ધિનો સ્પર્શ પણ કર્યા વિના પુત્રને દીક્ષા દેવાની સંમતિ આપી.

દીક્ષિત ચાંગદેવ હવે સોમચંદ્ર બન્યા અને બાર વર્ષ સુધી પ્રમાણ, ભાષા, વ્યાકરણ, કાવ્ય વગેરેનું અનુશીલન કરીને ૨૧ વર્ષની વયે, એ યુગની મહાવિદ્યા ગણાતાં તર્કલક્ષણ ને સાહિત્યમાં અસાધારણ પાંડિત્ય મેળવી, સૂરિપદ પ્રાપ્ત કરી, હેમચંદ્ર સૂરિને નામે ખ્યાત થયા. હવે તેમણે લેખન પ્રવૃત્તિ વધારી. સ્વરચિત વ્યાકરણનાં ઉદાહરણો દર્શાવવા 'દ્વયાશ્રય' નામે કાવ્ય રચી તેમાં સંસ્કૃત–પ્રાકૃત ભાષામાં ચાલુક્ય વંશનો ઇતિહાસ એમણે વણી લીધો. પછી 'અભિધાનચિંતામણિ' તથા 'અનેકાર્થસંગ્રહ' નામે અનુક્રમે અર્થવાચી તથા અનેકાર્થી શબ્દોના કોષ રચ્યા. બાદ 'ધન્વન્તરી નિઘંટુ' અને 'રત્નપરીક્ષા'ના અનુકરણમાં 'શેષનિઘંટુ' લખ્યું, જેના છ ખંડોમાંથી હાલમાં વૈદક, વનસ્પતિ તથા રત્નપરીક્ષા પરના ગ્રંથો જ મળે છે. ત્યાર બાદ 'કાવ્યાનુશાસન'ને પછી 'છંદાનુશાસન' લખ્યાં. વળી કાવ્યાનુશાસન ઉપર 'અલંકારચૂડામણિ' નામની ટીકા અને તે બંને પર પાછી 'વિવેક' નામની મોટી ટીકા લખી. ઉપરાંત, પ્રમાણશાસ્ત્ર પર 'પ્રમાણમીમાંસા' રચ્યું. આ સિવાય 'ત્રિષષ્ઠિશલાકાપુરુષચરિત્ર'માં એમણે ૬૩ જીવનચરિત્રો લખ્યાં અને કુમારપાળના આગ્રહથી 'યોગશાસ્ત્ર' પણ લખ્યું. કહેવાય છે કે એમણે કુલ ત્રણ કરોડ શ્લોકો રચેલા. જોકે એટલું બધું સાહિત્ય તો હાલ મળતું નથી, છતાં જે કંઈ મળી શકે છે એ પણ ભારત વર્ષના સર્વ મહાપંડિતોમાં એમને અનોખું સ્થાન અપાવે છે. વિ. સં. ૧૨૨૯માં એ કાળધર્મ પામ્યા.

દિનવિશેષ

તા. ૧ ખડકીના યુદ્ધમાં અંગ્રેજોને હાથે બાજીરાવ પેશ્વાની નિર્ણયાત્મક હાર, ૧૮૫૭.

તા. ૩ પ્રથમ ડિટેક્ટિવ પાત્ર લીકોક સર્જનાર ફ્રેંચ નવલકાર ગેબોરિયોનો જન્મ, ૧૮૩૩.

તા. ૨ કાશ્મીરની સરહદનું ચિત્રાલ રાજ્ય કાશ્મીર છોડી પાકિસ્તાનમાં જોડાયું. ૧૯૪૭.

તા. ૫ દેશબંધુ દાસનો જન્મ, ૧૮૭૦.

તા. ૭ પંઢરપુરના વિઠોબાના વિખ્યાત મંદિરમાં હરિજનોનો પ્રવેશ, ૧૯૪૭.

તા. ૮ રશિયાનો પહેલો બોલ્શેવિક બળવો પેટ્રોગ્રાડમાં શરૂ થયો, ૧૯૧૭.

તા. ૯ આરઝી હકૂમત તથા હિંદી સંઘના લશ્કરે જૂનાગઢનો કબજો લીધો, ૧૯૪૭.

તા. ૧૪ શોધસફરી બ્રૂસે બ્લ્યુ નાઇલનો પ્રવાહ શોધી કાઢ્યો, ૧૭૭૦.

તા. ૧૬ ઝાંસીની વીરાંગના રાણી લક્ષ્મીબાઇનો જન્મ, ૧૮૩૫.

તા. ૧૮ ઑસ્ટ્રેલિયા સાથેની પાંચમી મૅચમાં હિંદે પહેલો વિજય પ્રાપ્ત કર્યો, ૧૯૪૭.

તા. ૧૯ સુએઝની નહેર બાંધનાર પ્રખ્યાત ઈજનેર ફર્ડિનાન્ડ લેસેપ્સનો જન્મ ૧૮૦૫.

તા. ૨૩ મહાન હિંદી વિજ્ઞાનાચાર્ય સર જગદીશચન્દ્ર વસુ(બોઝ)નું અવસાન, ૧૯૩૭.

તા. ૨૫ ચિન્સુરાના યુદ્ધમાં અંગ્રેજ સેનાપતિ ફોર્ડે વલંદા (ડચ)ને છેલ્લી હાર આપી હિંદમાંથી તેમનો પગ ઉખેડી નાખ્યો, ૧૭૫૯.

તા. ૨૯ ભોંસલેને હરાવી વેલેસ્લીએ ગ્વાલિયર જીત્યું, ૧૮૦૩.

તા. ૩૦ બીજા વિશ્વયુદ્ધની ખતરનાક આફતમાંથી ઈંગ્લંડને તારી લેનાર બ્રિટિશ મુત્સદ્દી વિન્સ્ટન ચર્ચિલનો જન્મ, ૧૮૭૪.

ઑક્ટોબર (૧૯૫૧)ની તવારીખ

તા. ૩ ઈરાનના આબાદાન તેલ-ક્ષેત્રમાંથી છેવટના ૩૫૦ બ્રિટિશ ને હિંદી કારીગરોની વિદાય. **તા. ૯** બ્રિટિન સાથેના ૧૯૩૬ના કરાર તોડી નાખી સુએઝની નહેર તથા સુદાન પોતાને કબજે લેવાની ઇજિપ્તની જાહેરાત. **તા. ૧૦** યૂનોની સલામતી સમિતિમાં તેલ–ઝગડાનો ઈરાનનો કેસ રજૂ કરવા ત્યાંના વડા પ્રધાન મુસાદિક અમેરિકા ગયા. **તા. ૧૧** ડૉ. આંબેડકરે કાયદા–પ્રધાનનું પદ છોડી કરેલો પાર્લામેન્ટ–ત્યાગ. **તા. ૧૨** મુંબાઇ–પૂના વિસ્તારમાં વરસાદની ખેંચને લીધે ૧૫ નવેમ્બરથી ૮॥ માસ માટે વીજળી-વપરાશમાં ૩૩ ટકાના કાપની જાહેરાત. **તા. ૧૬** પાકિસ્તાનના વડા પ્રધાન લિયાકત-અલી ખાનનું રાવલપિંડીમાં સૈયદ અકબર નામના અફઘાનને હાથે ગોળીબારથી ખૂન. **તા. ૧૭** ખ્વાજા નાઝિમુદ્દીન પાક વડા પ્રધાનપદે; દિલ્હીમાં ભરાનારી કૉંગ્રેસનો મંડપ આગથી તારાજ. **તા. ૧૮** દિલ્હીમાં કૉંગ્રેસની ૫૭મી બેઠક; સુએઝની નહેરમાંના બ્રિટિશ દળોએ ઇજિપ્તનાં ત્યાંનાં મથકો કબજે કર્યાં. **તા. ૨૫** બ્રિટનમાં સામાન્ય ચૂંટણીઓ; હિંદની ચૂંટણીઓની હિમાચલ પ્રદેશમાં શરૂઆત. **તા. ૨૬** બ્રિટનની ચૂંટણીમાં રૂઢિચુસ્ત પક્ષની ફતેહ. **તા. ૨૭** ચર્ચિલે ઇંગ્લંડમાં રૂઢિચુસ્ત પ્રધાનમંડળ રચ્યું. **તા. ૩૦** વિક્રમ સંવત ૨૦૦૭ ની દીવાળી. **તા. ૩૧** ૨૦૦૮નું વિક્રમ સંવત બેઠું; ગઈ મધરાતે બરોબર બાર વાગ્યે બિહારમાં છોટાનાગપુર પાસે, સીંદરી મુકામે આવેલા હિંદના ખાતરના જંગી કારખાનાનું કામ શરૂ થયું.

પ્રસંગવિશેષ : અફઝલખાંનો વધ

શિવાજીનો વધતો જતો પ્રતાપ જોઇ બિજાપુરના રાજાને પોતાના રાજ્યની સલામતી ભયમાં લાગી, અને તેને જીવતો કે મરેલો પકડવા પોતાના સરદાર અફઝલખાંને મોટી ફોજ લઈ મોકલ્યો. શિવાજીએ યુક્તિ કરી. પ્રતાપગઢના કિલ્લા બહાર મોટો મંડપ બાંધી તેમાં ૧૬૫૧ની ૧૦મી નવેમ્બરે તેને મળવા બોલાવ્યો. બંને પક્ષના મનમાં દગો જ હતો અને એ માટે બંનેએ પોતપોતાની તૈયારી રાખી હતી. આવીને ભેટતી વખતે જ અફઝલખાંએ શિવાજીને ભીંસમાં લીધો. પણ પ્રચંડ ખાન પાસે સાવ ટચુકડા લાગતા શિવાજીએ ચેતી જઈને, ખાન પોતાના પેટમાં જમદાઢ પેસાડે તે પહેલાં તો પોતે ડાબે હાથે પહેરેલા વાઘનખ તેણે અફઝલખાંના પેટમાં ખોસી દીધા ને ખાન વાર કરે તે પહેલાં તલવારથી બાકીનું કામ પૂરું કર્યું. શિવાજીની આ જીતથી તેની ધાક વિશેષ વધી અને તેનો માર્ગ સરળ થયો.

આંખ સામે ઊગતા દિન રાખીએ,
જે મળી સૌરભ જીવનમાં ચાખીએ.

— મકરન્દ દવે

તાંજોરના મહાગાયક નરસય્યર ખાસ કરીને શંકરાભરણ રાગ તો એવો સરસ ગાતા કે તે 'શંકરાભરણ નરસય્યર'ને નામે ઓળખાતા. એક વાર ભીડ પડતાં રામભદ્ર નામે વેપારીને ત્યાં તે આઠ અસરફી હૂંડીની લેવા ગયા, અને વેપારીની ઘણી ના છતાં તેને બદલે કશુંક ગીરો મૂકવાનો આગ્રહ રાખ્યો, ત્યારે વેપારીએ ટોળગાં તેમની પ્રિય વસ્તુ ગીરો માગી. તરત તેમણે પોતાનો શંકરાભરણ ગીરો લખી આપ્યો, ને એનું પાલન એટલી કડક રીતે કર્યું કે વર્ષો સુધી એમણે પોતાની પ્રતિષ્ઠાના મૂળ રૂપ એ રાગ ગાયો નહિ. એક વાર અપ્પુરાયર નામે વિખ્યાત શ્રીમંતે જ્યારે એમને એ રાગ ગાવા ખૂબ દબાણ કર્યું ત્યારે તેમણે તે ગીરો મૂકયાની વાત જાહેર કરી. અપ્પુરાયરે તત્કાલ એ રાગ છોડાવવા વ્યાજ સાથે એ દેણું પાછું મોકલ્યું ત્યારે વેપારી રામભદ્ર તો એ ગાયકની આ વચનનિષ્ઠાથી દંગ જ થઈ ગયો, અને એ મહામના ગાયકને પોતાની અંજલિ આપવા જાતે ત્યાં આવીને દેવાની વ્યાજ સાથેની રકમમાં પોતાની તરફથી મોટી રકમ ઉમેરી તેને અર્પણ કરી દેવામાંથી મુક્ત કર્યાની જાહેરાત કરી. અને ત્યારે જ—વર્ષો પછી નરસય્યરના ગળામાંથી શંકરાભરણના સૂર વાતાવરણમાં રેલી રહ્યા.

અનેકાર્થી શબ્દ: પૂઠું=કઠોળનું છોડું; ચોપડીનું ઢાંકણ; શરીરનો થાપો; શરીરનું બંધારણ કે તેની મજબૂતી.

એક ભાગ ધોએલું માખણ, ચાર ભાગ ગંધક, બે ભાગ ફટકડી ને બે ભાગ બોરિક ઍસિડ લઈ તેને મેળવીને લગાડવાથી ખુજલી મટે છે. —પુ. હ. પટેલ

છાલ સાથે કાકડી ખાવાથી વાળમાં ચમક આવે છે.

દાઢનો દુઃખાવો ઊપડ્યો હોય તો તેમાં થોડી હીંગ ભરવી અગર લવીંગ દાબી રાખવું.

૯૦૭	૮૩	૧૭૩	૨૪૧	૫૪૭
૧૯	૬૦૭	૮૭૭	૪૩	૨૩૩
૧૩	૧૯૩	૨૫૧	૫૫૭	૯૩૭
૬૧૭	૮૮૭	૭૩	૧૬૩	૨૧૧
૨૨૩	૧૮૧	૫૭૭	૯૪૭	૨૩

૧૯૫૧નો અંકજંત્ર: આમાંના કોઇ પણ સીધી લીટીમાં આવતા આંકડાઓનો સરવાળો આ સાલના આંકડા (૧૯૫૧) જેટલો જ આવશે.

કહેવતોના અર્થ: 'કોળી ભાઇની જાનમાં ને ખાવુંપીવું કાનમાં'—ગરીબ, લોભી કે ફોગટિયા માણસોને ત્યાંનાં લાભ વિનાનાં આમંત્રણ માટે કે ફોગટની મહેનત માટે વપરાતી આ કહેવતની આખી ઉક્તિ આ પ્રમાણે છે: કોળી ભાઈની જાનમાં ને ખાવુંપીવું કાનમાં; ઢોલ વાગે તાનમાં ને સૂઇ રહેવું મેદાનમાં. ઉપલી કહેવત આ રીતે પણ બોલાય છે: 'ભાભાજીની જાનમાં ને ખાવુંપીવું કાનમાં.' એવી જ કહેવતો: લાલી લહેર ને ખાવાનાં ઘેર; ખાવાને ખોખાં ને પહેરવાનાં ચોખાં; ખાનાપીના ખેરસલ્લા ને ધીંગાણાં બ્હોત; સાપને ઘેર સાપ પરોણા; જીભના લપકારા; આઓ મિયાં, જાઓ મિયાં, ઘરબાર તુમ્હારા; ગાંઠકી ખાઓ ખીચડી, બરકત હમારા.




કાગળકટાઇના ત્રણ નમૂના. ૧-૨ કાગળને બેવડો વાળીને કાપીને ઉપજાવેલી આકૃતિ; ૩-ચોવડો વાળીને કરેલી આકૃતિ. (રફૂલઆર્ટ મૅગેઝીનમાં શ્રી શાંતિલાલ દોશીની કૃતિઓ)

ભોજનના બાબતમાં ધર્મશાસ્ત્રો એમ કહે છે કે માણસે પોતાની હોજરીના છ ભાગ કલ્પવા. એમાંથી ત્રણ ભાગ ભોજનથી ને બે ભાગ પ્રવાહી પાણીથી ભરી (એટલું જ ખાઇ) એક ભાગ વાયુના ચલન માટે ખાલી રાખવો.

યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જે 'થોડું' ખાય છે તે 'બહુ' ખાય છે; કેમકે થોડું અન્ન જલદીથી પચી જઇને શરીરને વધુ પોષણ આપે છે.



ટિકિટોના રદ્દીકરણની નવી છાપો: (૧) આ અંકના પૃ. ૩૭૯ પર મથાળે પહેલી આપેલી સ્વીડનની નવી ટિકિટ બહાર પડી તે દિવસે રદ કરવા માટે યોજેલી ખાસ છાપ. તેમાં ડાબે પડખે અમેરિકાનો આદિવાસી તથા જમણે પડખે સ્વીડિશ વસાહતી (પાવડા સાથે) બતાવ્યા છે. (૨) એ જ પાના પરની છેલ્લી છ (સોકોલની) ટિકિટો રદ કરવા યોજાએલી ખાસ છાપ. (૩) સ્વીડિશ ઈજનેર ક્રિસ્ટોફર પોલહેમના સ્મરણમાં બહાર પડેલી નવી ટિકિટને રદ કરવા કાઢેલી ખાસ છાપ.



કલાકણિકા: ૧૭મી સદીનો ઇરાનનો કસબી બુટ્ટા ભરેલો આ ડગલો ભરચક નથી, પણ માત્ર આગલા જ ભાગને બુટ્ટાથી શણગારવાની એક નવી છટાનો નમૂનો પૂરો પાડે છે.

સરસ્વતીચંદ્ર : વસ્તુસંકલનાના બીજા બધા તાણાવાણા, આડકથાઓ કે તત્ત્વચર્ચાઓ વગેરે છોડી દઇ માત્ર મૂળ કથાનો જ સળંગ વાર્તા રૂપ સંક્ષેપ-કરનાર: ફણીન્દ્ર છગનલાલ પંડ્યા, ૩-૦-૦; **રંગદા**: ચુનિલાલ મડિયાનાં એકાંકી નાટકોનો સંગ્રહ. ૩-૧૨-૦ બંનેના પ્રકાશક: એન. એમ. ત્રિપાઠી લિ. મુંબાઇ-૨. **પંડિતજી, પિતાનો વારસો, ઉદ્ધાર, દત્તા, રમા-મહેશ** : શરદ્‌બાબુની મૂળ બંગાળી નવલકથાઓ પરથી રમણલાલ સોનીએ મૂળનો રસ જાળવીને કરેલી સંક્ષિપ્ત કથાઓ-પ્રકાશક: વોરા ઍન્ડ કંપની લિ. મુંબાઇ-૨. **ભારત ઇતિહાસદર્શન**: પુસ્તક ૧-૨ અનુક્રમે પાંચમા ને છઠ્ઠા ધોરણ માટે લખાએલો ભારતનો સચિત્ર કુમારભોગ્ય રસમય ઇતિહાસ-લેખક: ઝીણાભાઇ દેસાઇ 'સ્નેહરશ્મિ'; કિંમત અનુક્રમે ૧-૬-૦ તથા ૧-૧૨-૦ **કમળકુમાર**: સ્વ. સૌ. સુમતિ રચિત એક સામાજિક વાર્તા-૦-૧૨-૦; **શ્રી શુકદેવજી**નો સંક્ષિપ્ત જીવનવૃત્તાંત-સંપાદક: વામન પ્રા. પટેલ; ૦-૪-૦; **જડભરત**નો બોધપ્રદ જીવનવૃત્તાંત લેખક વામન પ્રા. પટેલ. ૦-૩-૦; **આકાશના તારા** અને **વસંત-આગમન** : શ્રેયસ્ પ્રકાશનનાં બે નવાં બાલભોગ્ય સચિત્ર પુસ્તકો-લેખક: છોટુભાઈ જો. ભટ્ટ. કિંમત અનુક્રમે ૦-૬-૦ અને ૦-૪-૦ : આ બધાંના પ્રકાશક: સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય, અમદાવાદ; **પ્રેમાવતાર ઇશુ**નું જ્ઞાનદાયક જીવનચરિત્ર-લેખક: દેસાઈભાઇ પટેલ, ૧-૮-૦; સ્વ. કવિ કાન્ત કૃત **બે નાટકો: રોમન સામ્રાજ્ય. ગુરુ ગોવિંદસિંહ**-સંપાદક : મુનિકુમાર ભટ્ટ, ૨-૮-૦, બંનેના પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ; મહાકવિ પ્રેમાનંદ કૃત **મળાખ્યાન**નું પ્રમાણભૂત સંપાદન-કરનાર: મગનભાઇ પ્રભુદાસ દેસાઇ, પ્રકાશક: ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૯, ૩-૦-૦; **માનવ જીવનમાં વિજ્ઞાન** : રોજિંદા જીવનમાં સીધી કે આડકતરી રીતે ભાગ ભજવતા વિજ્ઞાન પર 'કુમાર'માં પ્રકટ થઈ ચૂકેલી ડૉ. નરસિંહ મૂ. શાહની વિજ્ઞાનવિષયક ઉપયોગી લેખમાળા ગ્રંથાકારે. પ્રકાશક : બાલગોવિંદ કુબેરદાસની કંપની અમદાવાદ. ૩-૦-૦; **જનતા જાગે છે** તથા **સ્વપ્નદષ્ટા ને બીજાં નાટકો** : લેખક-પ્રકાશક જશવંત ઠાકર, ૩૯, સ્વસ્તિક સોસાએટી, અમદાવાદ-૯. કિંમત અનુક્રમે ૧-૪-૦ અને ૨-૮-૦.







જેમની વચ્ચે એક હજાર વરસનો ગાળો વીતી ગયો છે એવી બે કલાકૃતિઓ અહીં આપી છે. જમણી બાજુની પાર્વતીની મૂર્તિ ઓરિસામાં ભુવનેશ્વરના લિંગરાજ મંદિરની એક દીવાલ પરનું દસમી સદીનું કોઈ અનામી શિલ્પીનું શિલ્પ છે; નીચે, આ વીસમી સદીના અને તે ય આધુનિક શૈલીએ આલેખન કરતા કલાકારો પૈકી શ્રી એ. પી. રાજાનું ચિત્ર છે. આ અંકમાંના 'ભુવનેશ્વર'ના લેખમાં વર્ણવ્યા મુજબ, પાર્વતીની આ મૂર્તિ દસમી સદીનાં ભારતીય શિલ્પોની સુંદરતમ કૃતિઓ પૈકીની એક છે. એક બાજુ જરા આભંગ કરીને ઊભેલા એના સુડોળ દેહનો લાવણ્ય-મરોડ સ્વસ્થ અને પ્રસન્ન સૌન્દર્યનું નિદર્શન છે; તો નીચેના ચિત્રમાં, સ્નાન પછી બે પગ વચ્ચે દર્પણ દબાવીને તેમાં પોતાના કેશકલાપનું સંમાર્જન જોતી નારીના દેહની, ઝડપી વેગથી દોરેલી રેખાઓમાંથી પણ મરોડની પ્રવાહિતા નીતરી રહે છે. સામસામી સ્થિતિમાં સંયોજાએલા બે હાથ, નત મસ્તકનો ગ્રીવાભંગ, પુષ્ટ વક્ષપ્રદેશ, કમનીય કટિ અને સાથળથી માંડીને પગના ઊંચા થએલા અંગૂઠા સુધીના આખા દેહના વળાંકાઓની સૌંદર્યલીલા પર નજર ફેરવી જાઓ, તો ઝડપી પીંછીનું એક સંગીત સાંભળવા મળશે. દિવસો સુધી ઘૂંટીઘૂંટીને આલેખેલી કે ધીરજથી કણ કણ કરીને કંડારેલી લીસા લાલિત્યભરી કૃતિઓમાં જેમ સૌંદર્ય હોય છે તેમજ,(આ નીચેની કૃતિ પેઠે) પીંછીના થોડાક ઝપાટાભર્યા છરકા-લસરકાઓ પાછળ પણ, કલાકારે, એ ઊડતી ક્ષણોનું સૌંદર્ય જ ગોપવેલું હોય છે. માત્ર તે જોવા માટે આંખ કેળવવી રહી





ઉપર: 'પાર્વતી'-ભુવનેશ્વરના લિંગરાજ મંદિરની ભીંત પરનું શિલ્પ
ડાબી બાજુ: 'સ્નાન પછી'-ચિત્રકાર · એ. પી. રાજા